અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ ડિસેમ્બર ૨૦૨૪, સોમવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર અમાસ | અંક : ૧૭૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### મન કી બાતના ૧૧૭ એપિસોડમાં બોલ્યા વડાપ્રધાન મોદી

## આપણું બંધારણ સમયની દરેક કસોટી પર ખરું ઉતર્યું: વડાપ્રધાન

### મહાકુંભની વિશેષતા માત્ર તેની વિશાળતામાં જ નથી પરંતુ તેની વિવિધતામાં પણ રહેલી છે : આ પ્રસંગમાં કરોડો લોકો એકઠા થાય છે : નરેન્દ્ર મોદી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમના ૧૧૭મા એપિસોડમાં કહ્યું કે ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ દેશમાં બંધારણ લાગુ થયાને ૭૫ વર્ષ થવા જઈ રહ્યા છે, જે આપણા બધા માટે ગર્વની વાત છે. તેમણે કહ્યું કે બંધારણ ઘડનારાઓએ આપણને જે બંધારણ સોંપ્યું છે તે સમયની કસોટી પર ઊભું રહ્યું છે.

બંધારણ એ આપણો માર્ગદર્શક પ્રકાશ અને આપણો માર્ગદર્શક છે. તેમણે કહ્યું કે બંધારણની વિરાસત સાથે જોડાવા માટે constitution75.com નામની વિશેષ વેબસાઈટ પણ બનાવવામાં આવી છે. આમાં તમે બંધારણની પ્રસ્તાવના વાંચ્યા પછી તમારો વીડિયો અપલોડ કરી શકો છો. વિવિધ ભાષાઓમાં બંધારણ વાંચવાની સાથે તમે બંધારણને લગતા પ્રશ્નો પણ પૂછી શકો છો. પીએમ મોદીએ દેશવાસીઓને આ વેબસાઇટની મુલાકાત લેવા અને તેનો ભાગ બનવા વિનંતી કરી.



મહાકુંભનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે તેની વિશેષતા માત્ર તેની વિશાળતામાં જ નથી પરંતુ તેની વિવિધતામાં પણ રહેલી છે. આ પ્રસંગમાં કરોડો લોકો એકઠા થાય છે. લાખો સંતો, હજારો પરંપરાઓ, સેંકડો સંપ્રદાયો, અનેક અખાડાઓ, દરેક વ્યક્તિ આ પ્રસંગનો ભાગ બની શકે છે. ક્યાંય કોઈ ભેદભાવ દેખાતો નથી. કોઈ નાનું કે મોટું નથી હોતું. વિવિધતામાં એકતાનું આવું દ્રશ્ય વિશ્વમાં બીજે ક્યાંય જોવા નહીં મળે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કુંભના આયોજનમાં પહેલીવાર AI cahtbotનો ઉપયોગ કરાશે. AI cahtbot દ્વારા કુંભ સંબંધિત તમામ પ્રકારની માહિતી ૧૧ ભારતીય ભાષાઓમાં મેળવી શકાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "ડિજીટલ નેવિગેશનની મદદથી તમે મહાકુંભ ૨૦૨૫માં વિવિધ ઘાટો, મંદિરો અને સાધુઓના અખાડાઓ સુધી પહોંચી શકશો. આ જ નેવિગેશન સિસ્ટમ તમને પાર્કિંગના સ્થળો સુધી પહોંચવામાં પણ મદદ કરશે. સમગ્ર મેળો વિસ્તાર હશે. AI સંચાલિત કેમેરાથી આવરી લેવામાં આવે છે જો કોઈ વ્યક્તિ કુંભ દરમિયાન તેના પરિવારથી અલગ થઈ જાય, તો આ કેમેરા ભક્તોને તેને શોધવામાં મદદ કરશે. સુવિધા પણ મળશેપ"

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "રાજ કપૂર જીએ ફિલ્મો દ્વારા વિશ્વને ભારતની સોફ્ટ પાવરનો પરિચય કરાવ્યો. રફી સાહેબના અવાજમાં એવો જાદુ હતો જેણે દરેક બધાના દિલને સ્પર્શી લીધો. ભક્તિ ગીતો હોય કે રોમેન્ટિક ગીતો, કે પછી ગમગીન ગીતો હોય તે પોતાના અવાજથી દરેક લાગણીને જીવંત કરી દેતા હતા. અક્કીનેની નાગેશ્વર રાવ ગારૂએ તેલુગુ સિનેમાને નવી ઊંચાઈ સુધી પહોંચાડ્યું. તેમની ફિલ્મો ભારતીય પરંપરા અને મૂલ્યોને ખૂબ સારી રીતે પ્રસ્તુત કરે છે. તપન સિન્હાજીની ફિલ્મોએ સમાજને એક નવી દ્રષ્ટિ આપી છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "તમે બાળકોની મનપસંદ એનિમેશન સીરિઝ હ્રમ્-ભારત હૈ હમથી વાકેફ હશો અને હવે તેની બીજી સીઝન પણ આવી ગઈ છે. KTB એટલે 'ક્રિશ, ત્રિશ અને બાલ્ટી બોય'. આ ત્રણ એનિમેશન કેરેક્ટર તમને બહાદુર લોકો વિશે જણાવશે, ભારતીય સ્વતંત્રતા સંગ્રામના બહાદુર પુરુષો અને સ્ત્રીઓને દૂરદર્શન અને બીજા OTT પ્લેટફોર્મ પર જોઈ શકાય છે. કૃષ, ટ્રિશ અને બાલ્ટી બોયે ભારત હૈં હમ રેડિયો સીરિઝને ૧૨ ભાષાઓમાં આકાશવાણી નેટવર્ક પર સાંભળી શકાશે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે."

---

### ઓડિશામાં કરુણાંતિકા

## તીર્થયાત્રીઓથી ભરેલી બસ પલટી, ૪ લોકોનાં મોત થયા

### અકસ્માતમાં ૩૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે : ઈજાગ્રસ્ત લોકોમાંથી ૧૩ની સ્થિતિ ગંભીર જણાવવામાં આવી રહી છે

| (એજન્સી) ભુવનેશ્વર, તા.૨૯ |

ઉત્તરપ્રદેશથી જગન્નાથપુરી તીર્થયાત્રા પર નીકળેલા શ્રદ્ધાળુઓની બસ ઓડિશાના બાલાસોર જિલ્લામાં ઊંડી ખીણમાં પડી ગઈ હતી. અકસ્માતમાં એક મહિલા સહિત ૪ શ્રદ્ધાળુઓની મોત થઈ ચુકી છે, તેમજ ૩૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્ત લોકોમાંથી ૧૩ની સ્થિતિ ગંભીર જણાવવામાં આવી રહી છે.



મળતી માહિતી મુજબ, ૧૮ સપ્ટેમ્બરે શ્રદ્ધાળુઓને લઈને એક બસ તીર્થયાત્રા પર નીકળી હતી, જેમાં બલરામપુર અને સિદ્ધાર્થનગર જિલ્લામાં આશરે ૬૧ શ્રદ્ધાળુઓ હતાં. જગન્નાથપુરી દર્શન માટે જતા સમયે શનિવારે (૨૮ ડિસેમ્બર) ઓડિશાના બાલાસોર જિલ્લામાં જલેશ્વર બાઈપાસ પાસે બસ રસ્તામાંથી ૨૦ ફૂટ ઊંડી ખીણમાં પડી ગઈ હતી.

બાલાસોરના એડિશનલ કલેક્ટર સુધાકર નાયકે જણાવ્યું કે, ગંભીર રૂપે ઈજાગ્રસ્ત ૧૩ તીર્થયાત્રીઓને સારવાર માટે જિલ્લા મુખ્યાલય હોસ્પિટલ માટે મોકલવામાં આવ્યા છે, તેમજ અન્ય ઘાયલ વ્યક્તિને જે.કે ભટ્ટાચાર્ય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર થઈ રહી છે. અકસ્માતની જાણકારી મળતા જ પોલીસ અને ફાયર અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. આ વિશે વધુ માહિતી આફતા કલેક્ટર સુધાકર નાયકે જણાવ્યું કે, 'હાઈવે પર મધુબન ઢાબા પાસે બપોરે એક થી દોઢ વાગ્યાની આસપાસ બસ પલટી ગઈ હતી. ઘટનાની જાણ થતાં તાત્કાલિક ધોરણે જલેશ્વર પોલીસ અને ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. સ્થાનિક લોકો અને મીડિયાકર્મીઓની મજજ લઈને તુરંત બચાવ અભિયાન શરૂ કરવામાં આવ્યો હતો. અકસ્માતમાં ચારની મોત થઈ ગઈ હતી. મૃતકના પરિવારજનોને મૃતદેહની ઓળખ માટે બોલાવવામાં આવ્યા હતાં. જોકે, દુર્ઘટના પાછળનું સાચું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. મૃતકોમાં કમલા દેવી, રાજેશ કુમાર મિશ્ર, રામ પ્રસાદ, સંતરામનો સમાવેશ થાય છે.

અકસ્માતમાં ઈજાગ્રસ્ત મોટાભાગના બલરામપુર જનપદના રહેવાસી છે. ઘટનાની જાણકારી મળતા પ્રદેશ ધારાસભ્ય રાજેશ યાદવે અકસ્માતમાં મોત નિપજ્યા તે લોકોના પરિવારની મુલાકાત લીધી હતી. ધારાસભ્યએ અકસ્માતમાં મોતને ભેટેલા લોકોના પરિવારને ૧૦-૧૦ લાખ અને ઈજાગ્રસ્તોને ૨-૨ લાખ રૂપિયા સહાય આપવાની માંગ કરી છે. ઓડિશાના બાલાસોરમાં થયેલાં અકસ્માતને લઈને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ પ્રતિક્રિયા આપી છે. મુખ્યમંત્રીએ અકસ્માતમાં મોતને ભેટેલા લોકોના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

---

### અદાણી એ તેમના ડ્રીમ પ્રોજેક્ટ ધારાવી અંગે કહ્યું

## નિવૃતિ પહેલા એવુ કામ કરવાની ઈચ્છા છે કે ૧૦ લાખ લોકોને આગામી ૫૦ વર્ષ સુધી યાદ રહે

### કામને પ્રેમ અને સમય આપવાની વાત સાથે પોતાના પરિવારને પણ પૂરતો સમય આપવાની વાત અદાણીએ કરી

| (એજન્સી) મુંબઈ, તા.૨૯ |

એક તરફ ભારતમાં વર્ક એન્વાયર્નમેન્ટ પર ચર્ચા ચાલી રહી છે, તેવા સમયે જાણીતા ઉદ્યોગકાર અને અદાણી જૂથના ચેરમેને પોતાના જીવનમંત્રના કેટલાક રહસ્યો પરથી ઉચક્યો છે પડદો.. ગૌતમ અદાણીનું માનવું છે કે, "જો તમને જે કરો છો તે સારૂ લાગે છે, તો પછી તમારૂ કાર્ય અને જીવન સંતુલન બરાબર છે. અદાણીએ કહ્યું કે ધ્યાન ધરતી વખતે હું મારા ભૂતકાળને વાગોળુ છું અને મારી જીવનયાત્રાનું સ્મરણ કરૂ છું. આ સ્મરણ બાદ મને અહેસાસ થાય છે કે હું માત્ર કઠપૂતળી છું, અને કોઈ શક્તિ મને હંમેશા સ્ફૂર્તિ અને પ્રેરણા આપી રહી છે.



કામને પ્રેમ અને સમય આપવાની વાત સાથે પોતાના પરિવારને પણ પૂરતો સમય આપવાની વાત અદાણીએ કરી. તેમણે જણાવ્યું કે, તારુ કાર્ય-જીવન સંતુલન મારા પર ન લાદવું જોઈએ અને મારૂ તારા પર લાદવું ન જોઈએ. અદાણીએ ઓછામાં ઓછા ચાર કલાક પોતાના પરિવાર સાથે ગાળવાની પણ સલાહ આપી. ગૌતમ અદાણીએ પોતાના ડ્રીમ પ્રોજેક્ટ ધારાવી વિશે પણ વાત કરી. અદાણીએ નિર્ધાર વ્યક્ત કર્યો કે હું નિવૃત્તિ પહેલા ધારાવી પ્રોજેક્ટ પૂર્ણ કરવા માંગું છું. તેઓએ કહ્યું કે છેલ્લા ૪૦ વર્ષમાં ત્રણ વખતનો પ્રયાસ નિષ્ફળ રહ્યો છે, પરંતુ હવે એવું કામ કરવાની ઈચ્છા છે કે ૧૦ લાખ લોકોને આગામી ૫૦ વર્ષ સુધી યાદ રહે. અદાણીએ દાવો કર્યો કે, અમે ૨૫ રાજ્યોમાં કામ કરી રહ્યા છીએ, જ્યાં ભાજપ અને કોંગ્રેસ બંનેની સરકાર છે. હત્વપૂર્ણ છે કે વર્ક-લાઈફ બેલેન્સની ચર્ચાને ઈન્ફોસિસના કો-ફાઉન્ડર નારાયણ મૂર્તિના એક સૂચનથી વેગ મળ્યો છે.

---

## જાન્યુઆરીમાં અડધો મહિનો બંધ રહેશે તમારી બેંક

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ |

નવા વર્ષને શરૂ થવાને બસ હવે થોડા જ દિવસો બાકી રહ્યા છે. ત્યારે તમામ લોકો નવા વર્ષને આવકારવા માટેની તૈયારીઓમાં લાગી ગયા છે. વર્ષ ૨૦૨૫ના પહેલા જ મહિને એટલે કે જાન્યુઆરીમાં જો તમારે બેંકના કોઈ કામ હોય તો બને તેટલું ઝડપથી પૂરું કરી લેજો. કેમ કે આ મહિનામાં એટલી રજાઓ આવી રહી છે કે તમારા કામ અટકી પણ શકે છે. જાન્યુઆરીમાં આટલા દિવસ બેંકમાં રજા રહેશે તેનું લિસ્ટ પણ આપવામાં આવ્યું છે. આવું એટલા માટે કે જાન્યુઆરી ૨૦૨૫માં અઠવાડિયાની રજા સિવાય રાષ્ટ્રીય અને પ્રાદેશિક રજાઓને કારણે બેન્કોમાં ૧૫ દિવસ સુધી રજા રહેશે. બેન્કમાં મહિનાના દર રવિવાર અને બીજા અને ચોથા શનિવારે રજા હોય છે. આ સાથે તહેવાર અને કેટલાક ખાસ દિવસોએ બેન્કમાં રજા રહેશે. બેન્કમાં રજાનું લિસ્ટ ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા જાહેર કરવામાં આવતું હોય છે. તેમાં રાષ્ટ્રીય અને પ્રાદેશિક રજાઓનું લિસ્ટ આપવામાં આવતું હોય છે. રાષ્ટ્રીય રજાઓમાં દેશભરની બેન્કમાં રજાઓ હોય છે. જ્યારે પ્રાદેશિક રજાઓમાં રાજ્ય અથવા સંબંધિત વિસ્તારમાં જ બેંકમાં રજા હોય છે. જો કે ધ્યાન આપવા જેવા વાત એ છે કે જાન્યુઆરી ૨૦૨૫માં પૂરા દેશમાં ૧૫ દિવસ બેંક બંધ રહેશે.

---

### કોંગ્રેસના આરોપો પર ભાજપે આપ્યો જવાબ

## જે.પી. નડ્ડાએ કોંગ્રેસ ઉપર સસ્તું રાજકારણ કરવાનો આરોપ લગાવ્યો

| (એજન્સી) મુંબઈ, તા.૨૯ |

પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહના અંતિમ સંસ્કારના કારણે થયેલા વિવાદથી રાજકારણ ગહરમાઈ રહ્યું છે. કોંગ્રેસ નેતાઓએ કેન્દ્ર સરકાર પર પૂર્વ વડાપ્રધાનનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો છે. વળી, ભાજપે પણ કોંગ્રેસ પર દુઃખના સમયે રાજકારણ કરવાનો આરોપ લગાવ્યો છે. જણાવી દઈએ કે, મનમોહન સિંહના અંતિમ સંસ્કાર નિગમબોધ ઘાટ પર રાજકીય સન્માન સાથે કરવામાં આવ્યા હતા. આ દરમિયાન તમામ મોટા નેતાઓએ શ્રદ્ધાંજલી આપી હતી.



૨૮ ડિસેમ્બરે રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોસ્ટ કરી ડૉ. મનમોહન સિંહના અપમાનનો આરોપ લગાવ્યો. તેઓએ સોશિયલ મીડિયા પર લખ્યું, 'ભારત માતાના મહાન સપૂત અને શીખ સંપ્રદાયના પહેલાં વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહજીના અંતિમ સંસ્કાર આજે નિગમબોધ ઘાટ પર કરાવીને વર્તમાન સરકાર દ્વારા તેમનું અપમાન કરવામાં આવ્યું છે. એક દાયકા સુધી તે ભારતના વડાપ્રધાન રહ્યાં. તેમના સમયે દેશ આર્થિક મહાશક્તિ બન્યો અને તેમની નીતિઓ આજે પણ દેશના ગરીબ અને પછાત વર્ગને ટેકો આપે છે.'

ત્યારબાદ કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ પણ રાહુલ ગાંધીની વાતનું પુનરાવર્તન કરતા કહ્યું કે, સરકારે પૂર્વ વડાપ્રધાનના પદની ગરિમા, તેમના વ્યક્તિત્વ, તેમના વારસા અને સ્વાભિમાની શીખ સંપ્રદાય સાથે ન્યાય નથી કર્યો. વળી, આ મુદ્દે અખિલ ભારતીય કોંગ્રેસ કમિટી (AICC)ના મહાસચિવ કે.સી વેણુગોપાલે કહ્યું કે, અમે ડૉ. મનમોહન સિંહ પર રાજકારણ કરવા નથી ઈચ્છતા. પરંતુ, તેમના અંતિમ સંસ્કારમાં જે કંઈ થયું, તેનાથી હું ખૂબ જ દુઃખી છું. અમને લાગી રહ્યું છે કે, તેમનું અપમાન કરવામાં આવ્યું છે. મારૂ માનવું છે કે, આજે નિગમબોધ ઘાટ પર એકત્ર તમામ લોકો આ ભાવના સાથે સંમત છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કાલે વહેલી સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કર્યો અને પોતાની ઈચ્છા જણાવી કે, ડૉ. મનમોહન સિંહને વિશેષ અંતિમ સંસ્કાર સ્થળ આપવામાં આવે. તેઓએ ખડગેને કહ્યું કે, આ વિશે ગૃહ મંત્રી (અમિત શાહ)ને જણાવશે. પરંતુ, અંતે શું થયું? સાંજ સુધીમાં અમે એક આદેશ જોયો કે, તેમના અંતિમ સંસ્કાર નિગમબોધ ઘાટ પર કરવામાં આવશે. અમે સરકારને શક્તિ સ્થળ (ઈન્દિરા ગાંધી સ્માકરક) અથવા વીર ભૂમિ (રાજીવ ગાંધી સ્મારક)માંથી સિંહને સ્મારક માટે સ્થાન બનાવવા માટે તૈયાર હતાં.



## ન્યૂઝ બ્રિફ

### ગુજરાતની બોર્ડર પર આવેલી ચેકપોસ્ટ ઉપર સઘન ચેકિંગ

। (એજન્સી) અમીરગઢ, તા.૨૯ ।

ગુજરાતની બોર્ડર પરના જિલ્લામાંથી ઘણી વખત દારૂ સહિતના કેફી પદાર્થોની ગુજરાતમાં ઘુસણખોરી ઝડપાઈ છે, ત્યારે રાજ્યની બોર્ડર પર આવેલા જિલ્લાઓની ચેકપોસ્ટ પર ૩૧ ડિસેમ્બરને લઈને પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં બનાસકાંઠા, અમરેલી સહિતના જિલ્લામાં પોલીસ એક્શનમાં આવીને સંવેદનશીલ ચેકપોસ્ટ પર સઘન ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ ચેકપોસ્ટ પર દારુ સહિતના કેફી પદાર્થો ઝડપાતા રહે છે. જ્યારે હવે ૩૧ ડિસેમ્બરને થોડા જ દિવસો બાકી છે, તેવામાં બનાસકાંઠા પોલીસ એલર્ટ મોડમાં આવી છે. પોલીસ દ્વારા અમીરગઢ ચેકપોસ્ટ પર સઘન ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, અમીરગઢ ચેકપોસ્ટ પર ૨૪ કલાક રાઉન્ડ ક્લોક પોલીસનું ચેકિંગ શરૂ છે. જેમાં રાજસ્થાનમાંથી આવતા વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન આશરે ૯૦ જેટલા શખસો નશાની હાલતમાં જોવા મળ્યા હતા. જ્યારે લાખો રૂપિયાના નશીલા પદાર્થો ઝડપાયા હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ, અમરેલી જિલ્લામાં પણ ૩૧ ડિસેમ્બર પહેલા સઘન ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં જિલ્લાની ઉના, સોમનાથ હાઈવે રોડ પરની ખાંભા, રાજુલા, નાગેશ્રી, દીવ, સહિતના ૬૦ જેટલી ચેકપોસ્ટ પર વાહનોનું કડક ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ સાથે હોટલ-રીસોર્ટમાં દારુ કે નશીલા પદાર્થોની કોઈ પ્રવૃત્તિની સામે અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાટે પોલીસને વિવિધ હોટલ-રીસોર્ટ પર પણ ચેકિંગની કામગીરી હાથ ધરવા સૂચના આપવામાં આવી છે.

### આગામી સપ્તાહ દરમિયાન મોટાભાગે વાતાવરણ સૂકું રહેશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

ભરશિયાળે રાજ્યના હવામાનમાં પલટો જોવા મળ્યો હતો. જે બાદ હવે ફરી એક વખત ઠંડીનો માહોલ જામ્યો છે. સાથે જ ઘણી જગ્યાએ વાદળછાયું વાતાવરણ અને ધુમ્મસ જોવા મળી રહ્યું છે. આવામાં હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે આગામી સપ્તાહ દરમિયાન રાજ્યનું વાતાવરણ કેવું રહેશે, તે અંગે માહિતી આપી હતી. તેમણે રાજ્યમાં વરસાદની સંભાવના, તાપમાનમાં થનારા ફેરફાર અને કોલ્ડવેવની સંભાવના વગેરે મુદ્દે અપડેટ આપી હતી. હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું કે, આગામી સપ્તાહ દરમિયાન મોટાભાગે વાતાવરણ સૂકું રહેશે. હાલ આ દરમિયાન વરસાદની કોઈપણ પ્રકારની સંભાવના નથી. આ સાથે જ તેમણે તાપમાન વિશે માહિતી આપતાં કહ્યું કે, ગત ૨૪ કલાકમાં કોઈપણ જગ્યાએ વરસાદ નોંધાયો નથી. જ્યારે રાજ્યમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયામાં ૫.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં ૧૫ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. સાથે જ જણાવ્યું કે, હાલ કોલ્ડવેવની સંભાવના દેખાતી નથી. આગામી પાંચ દિવસ દરમિયાન પણ કોલ્ડવેવની કોઈ ચેતવણી આપવામાં આવી નથી. આગામી દિવસોમાં તાપમાનની માહિતી આપતાં અભિમન્યુ ચૌહાણે જણાવ્યું કે, આગામી પાંચ દિવસ દરમિયાન વાતાવરણમાં કોઈ ફેરફાર જોવા મળશે નહીં. આગામી પાંચ દિવસ દરમિયાન મોટાભાગની જગ્યાઓએ ૧થી ૨ ડિગ્રી તાપમાનમાં વધારો જોવા મળશે. આગામી ૨૪ કલાક દરમિયાન અમદાવાદનું તાપમાન ૧૪-૧૫ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૪ ડિગ્રી રહેવાની સંભાવના છે. તાજેતરમાં હવામાનમાં આવેલા પલટા વિશે તેમણે જણાવ્યું હતું કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના લીધે તાપમાનમાં વધારો જોવા મળ્યો હતો. તેની અસર દૂર થતાં પાછું તાપમાન સામાન્ય થવા લાગ્યું છે.



સલડી મુકામે ગૃહમંત્રી હર્ષ સંઘવીનું સન્માન, જૈન મુનિ ગુરુ ભગવંતના આશીર્વાદ સાથે સંબોધનમાં સુરતીઓની ખાસિયતનો વખાણ કર્યા.

### તંત્રની બેવડી નીતિના કારણે દ્વારકામાં મુસાફરોને હાલાકી

। (એજન્સી) દ્વારકા, તા.૨૯ ।

ગુજરાત સહિત દેશવિદેશમાં લોકો અત્યારે નાતાલના વેકેશનની મજા માણી રહ્યાં છે. એવામાં ગુજરાતીઓ ૨૦૨૪ના મીની વેકેશનમાં દ્વારકાની મુલાકાત લઈ રહ્યાં છે. દ્વારકામાં મોટી સંખ્યામાં મુસાફરો ઉમટ્યા છે. પરંતુ, સુદામા બ્રિજ બંધ હોવાના કારણે જાણે લોકોની મજા સજામાં ફેરવાઈ રહી છે. પ્રવાસીઓને ગોમતી ઘાટ પાસે દર્શન કરવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સિવાય ભક્તોએ દર્શન કરવા માટે બજારની બહાર સુધી લાંબી લાઇનમાં ઊભા રહેવું પડે છે. દર્શનાર્થે આવેલાં ભક્તોની એક કિમીથી પણ વધારે લાંબી લાઇન જોવા મળી રહી છે. હાલ દ્વારકા દર્શનાર્થે આવેલાં ગોમતી નદી સામે આવેલાં પૌરાણિક તીર્થ સ્થાનો પર જવા ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. કારણકે, ગોમતી ઘાટ પાસે આવેલા સુદામા સેતુ બ્રિજ છેલ્લાં કેટલાંક સમયથી બંધ છે.

### સામે આવ્યું સબ રજીસ્ટ્રાર કચેરી કનેક્શન

## રાજકોટ બોગસ દસ્તાવેજ કૌભાંડમાં ચોંકાવનારા ખુલાસા

### ભૂમાફિયા સુધી તપાસ લંબાય તો નવાઈ નહી : રજીસ્ટ્રાર કચેરીનાં કરાર આધારીત કર્મચારીની સંડોવણી પણ આશંકા

। (એજન્સી) રાજકોટ, તા.૨૯ ।

રાજકોટ બોગસ દસ્તાવેજ કૌભાંડમાં વધુ નવા ખુલાસા થવા પામ્યા છે. સબ રજીસ્ટ્રાર કચેરીનાં પ્યૂનની પણ સંડોવણી ખુલી છે. પ્યૂન મનિષ હેરમા પણ બોગસ દસ્તાવેજ કૌભાંડમાં સામેલ હતો. મનિષ હેરમા કોન્ટ્રાક્ટ બેઝથી કામ કરતો હતો. ઈંડેક્સ રૂમની ડુપ્લીકેટ ચાવી મનિષે બનાવી હતી. પ્રદ્યુમનનગર પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. રાજકોટ પોલીસે આરોપી હર્ષ સોનીનાં ફ્લેટમાંથી સ્ટેમ્પ કબ્જે કર્યા છે. દસ્તાવેજ બનાવવાનાં મશીન, સિલ્વર પેપર, સીપીયુ સહિતનું સાહિત્ય કબ્જે કર્યું છે. ૨-૨ લાખ રૂપિયામાં નકલી લેખ ભૂમાફિયાઓને વેચવામાં આવતા હોવાની વિગત સામે આવી છે. ભૂમાફિયા સુધી તપાસ લંબાય તો નવાઈ નહી. રાજકોટથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાસ્તવમાં રાજકોટ સબ રજીસ્ટ્રાર કચેરીમાં બોગસ દસ્તાવેજ કૌભાંડની આશંકા સેવાઈ રહી છે. આ તરફ હવે આશંકાને આધારે રજીસ્ટ્રાર કચેરીએ પ્રદ્યુમ્નનગર પોલીસને જાણ કરી છે. જેને લઈ ખાનગી ફ્લેટના ૯માં માળે આવેલા ફ્લેટમાં પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી હતી. આ સાથે એવું પણ સામે આવ્યું છે કે, આ ખાનગી ફ્લેટના ૯માં મળે કરવામાં આવેલ તપાસમાં અનેક શંકાસ્પદ દસ્તાવેજ મળ્યા છે. આ તરફ હવે રજીસ્ટ્રાર કચેરીના કરાર આધારીત કર્મચારીની સંડોવણીની પણ આશંકા છે. આ તરફ સમગ્ર આશંકાને ગંભીરતાને જોતાં પોલીસ પણ એક્શનમાં આવી અને ખાનગી ફ્લેટના ૯ માળે આવેલ રહેણાક ફ્લેટમાં તપાસ હાથ ધરાઈ હતી.

### થર્ટી ફર્સ્ટ પહેલા જ માઉન્ટ આબુમાં શિમલા જેવો માહોલ

। (એજન્સી) માઉન્ટ આબુ, તા.૨૯ ।

ઉત્તર ભારતના ઘણા રાજ્યો ઠંડીની ઝપેટમાં છે. શિમલા અને મસૂરીમાં હિમવર્ષા થઈ રહી છે. રાજસ્થાનમાં પણ હાડ થીજાવતી ઠંડી પડી રહી છે. ઘણી જગ્યાએ વરસાદ અને કરા પડ્યા બાદ માઉન્ટ આબુ અને સિરોહી જિલ્લામાં તાપમાનનો પારો ગગડ્યો છે. માઉન્ટ આબુમાં બે દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ૧૦ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. રવિવારે (૨૯મી ડિસેમ્બર) માઉન્ટ આબુનું લઘુત્તમ તાપમાન માઈનસ ૪ ડિગ્રી નોંધાયું હતું. ઘણી જગ્યાએ માઈનસ ૫ ડિગ્રી નોંધાયું છે. જેના કારણે હિલ સ્ટેશન માઉન્ટ આબુ પર શિમલા-મસૂરી માહોલ જોવા મળ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યાનુસાર, મહત્તમ તાપમાનમાં પણ ઘટાડો નોંધાયો હતો. માઉન્ટ આબુનું મહત્તમ તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું છે. સિરોહી અને માઉન્ટ આબુમાં શીત લહેર ચાલી રહી છે.

### ઠંડીનું જોર વધવાની શક્યતા

## ગીરનાર પર્વત પર એવો ભારે પવન ફૂંકાયો કે આસપાસના ઉડ્યા પતર

### હાલ સવારે અને સાંજ પછીના સમયમાં લોકોને હાડ થીજવતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે

। (એજન્સી) જૂનાગઢ, તા.૨૯ ।

રાજ્યમાં કમોસમી વરસાદની સાથે હાલ ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે. ત્યારે ગિરનાર પર્વત પર પ્રતિ કલાક ૬૦ કિ.મીની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. જેથી પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રોપ વે બંધ કરવામાં આવ્યો છે. પ્રવાસીઓ ગિરનારની સીડીઓ ચડવા મજબૂર થઈ રહ્યા છે. આજે આખો દિવસ રોપ-વે સેવા બંધ રહે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જેના કારણે પ્રવાસીઓ હાલાકીનો સામનો કરી શકે છે. જૂનાગઢ જિલ્લાના ગીરનાર રોપ-વે બંધ કરાયો છે. ભારે પવનને લઈ સૌથી મોટો નિર્ણય લેવાયો છે. ગીરનાર પર્વત પર ૬૦ કિમીથી વધુ ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. યાત્રિકોની સલામતીને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેવાયો છે. પવનની ગતિ સામાન્ય થયા બાદ રોપ-વે ફરી શરૂ કરાશે. ગિરનાર પર્વત પર આજ સવારથી જ પ્રવાસીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

માતાના દર્શને આવેલા લોકોને ભારે પવનના કારણે પગથિયાં ચડવા મજબૂર બન્યા છે. ત્યાં ચાલતો રોપ વે હાલ બંધ કરી દેવામાં આવ્યો છે. જો પવનની ગતિ નરમ પડશે તો જ રોપ વે શરૂ કરવામાં આવશે. પરંતુ આજે રોપ વે શરૂ થાય તેવી શક્યતાઓ ઓછી દેખાઈ રહી છે.

ઉત્તર ભારતના પર્વતીય પ્રદેશોમાં હિમવર્ષા થઈ રહી છે તેને જોતા રાજ્યમાં ઠંડીનું જોર વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ત્યારે ગુજરાત હવામાન વિભાગે આગામી દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ૧થી ૨ ડિગ્રીનો વધારો થવાની સંભાવના વ્યક્ત કરી છે. હાલ સવારે અને સાંજ પછીના સમયમાં લોકોને હાડ થીજવતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. આવામાં, ઉત્તરાયણ નજીક આવે ત્યારે ફરી એકવાર ઠંડીનું જોર વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

ગુજરાતમાં હવામાન વિભાગની આગાહી પ્રમાણે ગુજરાતમાં હાલ માવઠાની આશંકા નથી. પરંતુ આગામી ત્રણ દિવસ ઠંડીમાં રાહત મળશે નહીં. આ સાથે ગુજરાતીઓ ઠંડા પવનનો પણ અનુભવ કરી રહ્યા છે. આપને જણાવીએ કે, ગુજરાતમાં ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે જેમાં પવનની ગતિ પણ મોટો ભાગ ભજવી રહી છે.

### ભારત માતા કી જયના નારાથી સમગ્ર વિસ્તાર ગુંજ્યો

## રાયજાદા બ્રિગેડિયર તરીકે સેવા આપી નિવૃત થતા વતનમાં ભવ્ય સ્વાગત થયું

### સોંદરડાના વતની એવા નિરવસિંહજી રાયજાદા ભારતીય સેનામાં બ્રિગેડિયર તરીકે સેવા આપી નિવૃત થયા છે

। (એજન્સી) કેશોદ, તા.૨૯ ।

મા ભોમની જીવનભર રક્ષા કરી ગુજરાતને ગૌરવ અપાવનાર સેનાના એક ઉચ્ચ અધિકારીની સેના નિવૃતિ પર આખા ગુજરાતને ગૌરવ છે. જૂનાગઢના સોંદરડાના વતની એવા નિરવસિંહજી રાયજાદા ભારતીય સેનામાં બ્રિગેડિયર તરીકે સેવા આપી નિવૃત થયા છે. વર્ષો સુધી દેશની સેનામાં મહત્વની જવાબદારીઓ નિભાવી રાષ્ટ્ર સેવાનું એક અધ્યાય પૂર્ણ કરી નિવૃત થનારા રાયજાદાજીનું સમગ્ર વિસ્તારે ભવ્ય સ્વાગત કર્યુ છે.

કેશોદના પાન દેવ લેઉવા પાટીદાર સમાજથી સોંદરડા સુધીની રેલીમાં અનેક ઠેકાણે નિરવસિંહજીનું અભિવાદન કરવામાં આવ્યું હતું. ભારત માતા કી જયના નારાથી આખો વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. આ જમીનમાં રમીને ઉછરી સેનામાં સામેલ થઈ દુશ્મનોના દાંત ખાંટા કરનાર નિરવસિંહજી રાયજાદાની સેવા પર સમગ્ર ગુજરાતે ગર્વની લાગણી વ્યક્ત કરી છે. સોંદરડાના વતની બ્રિગેડિયર નિરવકુમાર કૃષ્ણસિંહ ૩૦ નવેમ્બર ૨૦૨૪ ના રોજ આર્મીમાંથી નિવૃત થયા બાદ આજે વતન આવી પહોંચ્યા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કેશોદથી બાઈક તેમજ કાર રેલી સ્વરૂપે તેમના વતન સોંદરડા પહોંચ્યા હતા. જ્યાં સમસ્ત ગામે અને રાયજાદા રાજપૂત સમાજે તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. નીરવ સિંહે ૩૫ વર્ષ પહેલા ભારતીય સેનામાં સેકન્ડ લેફ્ટનન્ટ તરીકે શરૂઆત કરી બ્રિગેડિયર સુધી પહોંચી તેઓ ૩૦ નવેમ્બર ૨૦૨૪ ના રોજ નિવૃત થયા હતા. તેમણે સૈનિક સ્કૂલ બાલાચડીમાંથી શિક્ષણ લીધું હતું અને ત્યારબાદ નેશનલ ડિફેન્સ એકેડેમી ખડકવાસલા ત્રણ વર્ષ ટ્રેનિંગ કર્યા બાદ તેમણે ઈન્ડિયન મિલેટ્રી એકેડમી દેહરાદુનમાં એક વર્ષ ટ્રેનિંગ લીધી હતી. તેઓએ ધાંગધ્રાથી સેકન્ડ લેફ્ટનન્ટ તરીકેની શરૂઆત કરી આજે ભોપાલ ખાતે એસએસબી ઈન્ટરવ્યૂના બોર્ડ પ્રેસિડેન્ટ તરીકે ૩૦ નવેમ્બરના રોજ નિવૃત્તિ થયા હતા. ૩૫ વર્ષની લાંબી કારકિર્દી દરમિયાન તેમણે દેશની અલગ-અલગ બોર્ડર ઉપર ફરજ બજાવી છે. જેમાં સિયાચીન ગ્લેસીયર, જમ્મુ અને કશ્મીર તેમજ સિક્કિમ બોર્ડરનો સમાવેશ થાય છે. નિરવસિંહજીએ પોતાની કારકિર્દી દરમિયાન અનેક મેડલ મેળવ્યા છે. જેમાં ચીફ ઓફ આર્મી સ્ટાફ કમન્ડેશન કાર્ડ અને કમાન્ડર ઈન ચીફ સ્ટ્રેટેજીક ફોર્સેસ કમાંડ કમન્ડેશન કાર્ડ મેળવ્યા છે. રાજસ્થાનના પીલાનીમાં જ્યારે તેઓ ફરજ બજાવતા હતા ત્યારે તેમના નામનો બ્રિગેડિયર રાયજાદા રોડનું નામકરણ પણ કરવામાં આવ્યું હતું. આર્મીમાં ચાલુ ફરજ બજાવતા કોઈ વ્યક્તિના નામે રોડનું નામકરણ કરવામાં આવ્યું હોય તેવો આ પ્રથમ બનાવ હતો.

### ક્રાઈમ બ્રાંચ થર્ટી ફર્સ્ટ ઉજવણીની લઈને સક્રિય બની

## અમદાવાદમાં ક્રાઈમ બ્રાંચનો સપાટો, જુગારધામ પર પાડ્યા દરોડા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદમાં ક્રાઈમ બ્રાંચ થર્ટી ફર્સ્ટ ઉજવણીની લઈને સક્રિય બની. ક્રાઈમ બ્રાંચે સપાટો બોલાવતા શહેના જુગારના અડ્ડા પર દરોડા પાડ્યા. શહેરમાં નવા વર્ષને આવકારવા અને વર્ષના અંતિમ દિવસની ઉજવણી કરવા પાર્ટીઓ કરવામાં આવે છે. પરંતુ કેટલીક વખત આ પાર્ટીઓમાં સટ્ટા રમવા જેવી પ્રતિબંધિત પ્રવૃત્તિઓ થતી હોય છે. થર્ટી ફસ્ટ પહેલા જ જુગારધામ પર દરોડા પાડી શકુનિઓને દબોચ્યા. મળતી માહિતી મુજબ ક્રાઈમ બ્રાંચે કાગડાપીઠ અને ઔદિચ્યનગર સોસાયટી પાસેના અંબિક ફ્લેટમાં દરોડા પાડ્યા. ક્રાઈમ પોલીસને બાતમી મળતી હતી કે આ બંને સ્થાનો જુગારના અડ્ડા છે. અંહી અનેક શકુનિઓ સટ્ટો રમવા ભેગા થતા હોય છે. બાતમીના આધારે થર્ટી ફસ્ટ પહેલા જ ક્રાઈમ બ્રાંચે જુગહું રમતાં ૮ શકુનિઓને દબોચ્યા. અને તેમની પાસે રહેલ કુલ રૂ. ૧.૦૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ કાર્યવાહી હાથ ધરી.નોંધનીય છે કે કાગડાપીઠ પાસે જે સ્થાન પર દરોડા પડાયા તે પોલીસ સ્ટેશનથી થોડાક અંતરે દૂર છે. છતાં પણ પોલીસને જુગારધામની કોઈ ગંધ ના આવી તે આશ્ચર્ય પમાડે તેવી બાબત છે. હાલમાં ક્રાઈમ બ્રાંચ થર્ટી ફસ્ટનો માહોલ ના બગડે માટે મોટો સટ્ટો રમાતો હોય તેવા શંકાસ્પદ સ્થાનો પર વોચ રાખી રહી છે. થર્ટ ફસ્ટમાં હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે શહેરમાં અન્ય સ્થાનો પર પણ દરોડાની કાર્યવાહી થઈ શકે છે. ભૂતપૂર્વ વડાવપ્રધાન મનમોહન સિંહના નિધનથી શહેરમાં મોટો ઉત્સવ એવા કાંકરીયા કાર્નિવલ રદ કરાયો છે.

# ઈન્ટરનેશનલ કોલને લોકલમાં કન્વર્ટ કરવાનું કૌભાંડ ઝડપાયું

### આવતા કોલને ભારતમાં કોઇપણ નંબર પર ડાયવર્ટ કરવામાં આવે એટલે તે વ્યક્તિનો મોબાઇલ પર લોકલ નંબર ડિસ્પ્લે થતો હતો

। (એજન્સી) સુરત, તા.૨૯ ।

સુરત શહેરમાં ATS અને શહેર SOG પોલીસે મોટું ઓપરેશન પાર પાડયું છે. ઈન્ટરનેશનલ કોલને લોકલ કોલમાં ડાઈવર્ટ કરી સરકારી તિજોરીને મોટો ચૂનો ચોપડવાનો મોટો પર્દાફાશ થયો છે. અડાજણના ઝોયાજ હબ અને વેસુના એક્સુલ્યુટ શોપર્સમાં દરોડા પાડયા હતા. અડાજણ ઝોયાજ હબમાં જિયો ૫૦૦ લાઈન લઈ કોલ ડાઈવર્ટ કરતા હતા. વેસુના એકસુલટ શોપર્સમાં ૨૫૦ લાઈન એક્ટિવ કરવી ખેલ કરતો હતો. માર્કેટિંગ અને ગેમિંગ માટે તેનો ઉપયોગ કરવામાં આવતો હતો.

ઈન્ટરનેશનલ કોલને લોકલમાં ડાયવર્ટ કરી સરકારની તિજોરીને ચૂનો ચોપડવાના રેકેટનો એટીએસ દ્વારા પર્દાફાશ કરાયો છે. શહેરના અડાજણ અને વેસુ વિસ્તારમાં બે ઠેકાણે એટીએસ અને સુરત એસઓજીએ દરોડા પાડી જિયોની ૭૫૦ લાઈન થકી કોલ ડાયવર્ટ કરતાં ખાનગી એક્સચેન્જનાં ખેલને ખુલ્લો પાડયો હતો. રાજ્યની એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડને એવી માહિતી મળી હતી કે, આંતરરાષ્ટ્રીય કોલને લોકલ કોલમાં ડાયવર્ટ કરતાં કેટલાક સેન્ટર સુરતમાં ચાલી રહ્યા છે. એટીએસની ટીમ સુરત આવી અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ તથા ટેકનિકલ એક્સપર્ટને સાથે રાખી તપાસ કરાઈ હતી. જેમાં અડાજણ પાટીયા વિસ્તારમાં બસ ડેપો બહાર જોયોઝ હબ તથા વેસુમાં એલ્યુલ્ટ શોપર્સ નામનાં બિલ્ડીંગમાંથી આ રેકેટ ઓપરેટ થતું હોવાનું બહાર આવ્યું હતું. પૂરતી માહિતી હાથવગી કર્યા બાદ આ બે સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતાં.

અડાજણ બસ ડેપોનાં જોયોઝ હબ બિલ્ડીંગમાં સાતમાં માળે હોમ સેટઅપ એન્ડ પ્લાનર પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીની ઓફિસમાં તપાસ કરાઈ હતી.

અહીં તપાસ દરમિયાન જિયો કંપનીની એસઆઈપી લાઇનનો ઉપયોગ કરાતો હોવાનું જણાતા તેના મેનેજરને બોલાવાયો હતો. જિયોના સેલ્સ મેનેજર વિરલ રમેશભાઈ ડોડીયાએ પોલીસને જણાવ્યું હતું કે હોમ સેટઅપ એન્ડ પ્લાનર પ્રાઈવેટ લિમિટેડ કંપની માટે એસઆઈપી સાઈન સર્વિસ લેવા ભગતસિંહ ઈન્દ્રસિંહ પરમાર દ્વારા અરજી કરવામાં આવી હતી. આ અરજીમાં કંપનીની રજીસ્ટર ઓફિસ મુંબઈનાં કુર્લામાં હોવાનું તથા તે મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સમાં નોંધાયેલી હોવાના દસ્તાવેજ પણ રજુ કરાયા હતા. આ અરજીમાં ૨૫૦ ચેનલ એટલે કે લાઈનની જરૂરિયાત જણાવાઈ હતી. પુરતાં ડોક્યુમેન્ટ સબમિટ કરાતા તેઓને ૨૭ ઓક્ટોબરનાં રોજ ૨૫૦ ચેનલ સેટઅપ કરી એસઆઈપી લાઈન ચાલુ કરી અપાઈ હતી. ત્યારબાદ તેઓએ ડિસેમ્બર મહિનામાં વધુ ૨૫૦ ચેનલનો ઉમેરો સેટઅપમાં કરાવ્યો હતો. આવી જ રીતે વેસુમાં એફ્યુલ્ટ શોપર્સમાં સન ઈન્ફ્રાસાઈટ પ્રાઈવેટ લિમિટેડ કંપની દ્વારા આવું એક્સચેન્જ ચલાવતું હતું. અહીં સોનીપાલ અનુભવ શ્રીવાસ્તવ દ્વારા જીઓ કંપનીમાં અરડી કરી ૨૫૦ ચેનલનું સેટઅપ ઈન્સ્ટોલ કરાવાયું હતું. આ બંને એક્સચેન્જ એવા હતાં કે જેમાં જીઓ દ્વારા સેટ કરાયેલી એસઆઈપી લાઈનવાળી રેન્ડમાં કોઈપણ રીતે વિદેશથી આવતા કોલને અનઅધિકૃત રીતે ભારતમાં ઈચ્છીત ફોન નંબર ઉપર, અનઅધિકૃત લોકલ કોલમાં રાઉટ (ડાયવર્ટ) કરી દેવાતા હતા, આ રીતે ટેલિકોમ સર્વિસ કંપની તથા ભારત સરકારનાં ડીપાર્ટમેન્ટ ઓફ ટેલીકોમ્યુનિકેશન સાથે છેતરપિંડી કરી આર્થિક નુકસાન પહોંચાડવામાં આવતું હતું. આ મામલે ક્રાઈમ બ્રાન્ચમાં ગુનો નોંધી એસઓજી દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

અડાજણમાં હોમ સેટઅપ એન્ડ પ્લાનર પ્રાઈવેટ લિમિટેડ કંપનીના નામે જિયો પાસે ૫૦૦ એસઆઈપી લાઈન સેટ કરાવાઈ હતી. એટલે કે અહીં એક સાથે ૫૦૦ કોલ રિસિવ કરી અને ડાયવર્ટ કરી શકતાં હતાં. આ ૫૦૦ કોલિંગ લાઈન માટે ૦૨૬૧૩૯૧૦૨૦૦ નંબર જ અપાયો હતો. આ રીતે વેસુ સ્થિત એલ્યુલ્ટ શોપર્સમાં કાર્યરત સન ઈન્ફ્રાસાઈટ પ્રાઈવેટ લિમિટેડ કંપનીને ૨૫૦ લાઈન સેટ કરી અપાઈ હતી. આ અઢીસો કોલિંગ લાઈનનો એક જ નંબર ૦૨૬૧ ૩૬૨ ૩૫૦૦ આપવામાં આવ્યો હતો. આ ખાનગી એક્સચેન્જમાં ઈન્ટરનેશનલ જ નહીં ઈન્ટરનેટ કોલને પણ લોકલ કોલમાં ડાયવર્ટ કરાતાં હતાં. આ એક્સચેન્જમાં આવતા કોલને ભારતમાં કોઈપણ નંબર પર ડાયવર્ટ કરવામાં આવે એટલે તે વ્યક્તિનો મોબાઈલ પર લોકલ નંબર ડિસ્પ્લે થતો હતો. આવી લાઈનનો ઉપયોગ જુદી જુદી કંપનીઓના માર્કેટિંગ, જાહેરાતો માટે કરવામાં આવે છે. આ ઉપરાંત ગેમિંગ અને ગેમ્બલિંગ એપ્લીકેશન માટે પણ આવી લાઈનનો ઉપયોગ થતો હોવાનું જાણવા મળે છે. હાલ આ મામલે SOG પોલીસે અડાજણ અને વેસુ વાળી ઓફીસો માંથી આખા નેટવર્કમાં ઉપયોગમાં લિધેલ CPU, રાઉટર, ડોન્ગલ, મોડેમ કબ્જે કરી કાર્યવાહિ હાથ ધરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### યુનુસ સરકારની નફ્ફટાઈ

# બાંગ્લાદેશે પોલીસમાં હિંદુઓની ભરતી ઉપર રોક લગાવી દીધી

। (એજન્સી) ઢાકા, તા.૨૯ । બાંગ્લાદેશમાં હિંદુ વિરોધી ગતિવિધિઓ અટકવાના કોઈ સંકેત દેખાતા નથી. વડા પ્રધાન મોહમ્મદ યુનુસની સરકાર બાંગ્લાદેશને હિંદુ મુક્ત બનાવવા માટે કામ કરી રહી છે. હવે ગૃહ મંત્રાલય અને પબ્લિક સર્વિસ કમિશને એક આદેશ જારી કર્યો છે, જે મુજબ કોન્સ્ટેબલથી લઈને પોલીસ સુધીના ઉચ્ચ પદો પર કોઈ હિન્દુની નિમણૂક કરવામાં આવશે નહીં. આ આદેશને કારણે ૧૫૦૦થી વધુ હિંદુ ઉમેદવારોની અરજીઓ ફગાવી દેવામાં આવી છે. જ્યારથી શેખ હસીના સત્તામાંથી બહાર થઈ છે ત્યારથી બાંગ્લાદેશમાં હિંદુઓ વિરુદ્ધ સતત કામ થઈ રહ્યું છે. શરૂઆતમાં, મદદનીશ પોલીસ અધિક્ષક, પોલીસ અધિક્ષક અને ડીઆઈજી રેન્કના સોથી વધુ હિંદુ પોલીસ અધિકારીઓને સેવામાંથી બરતરફ કરવામાં આવ્યા છે. તેમના સ્થાને આતંકવાદીઓ, ખાસ કરીને જમાત-એ-ઈસ્લામીના સભ્યોને નિયુક્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સાથે લગભગ ૭૯ હજાર પોલીસકર્મીઓની નિમણૂક રદ કરવામાં આવી રહી છે. આ પદો માટે ભરતી પ્રક્રિયા ગયા વર્ષે ઓક્ટોબરથી શરૂ થઈ છે. હવે આગામી જાન્યુઆરી માસથી આગામી ભરતી પ્રક્રિયા શરૂ થશે. બાંગ્લાદેશ પોલીસના આઈજીપી બહારુલ આલમને સૂચના આપવામાં આવી છે કે તેઓ કોન્સ્ટેબલ અથવા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટરના પદ પર કોઈ પણ હિંદુની નિમણૂક ન કરે. તેમને આદેશ આપવામાં આવ્યો છે કે કોઈપણ હિંદુ લાયક હોય તો પણ તેની ભરતી ન કરે. આ સાથે એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે કોઈ પણ હિંદુ બાંગ્લાદેશ સિવિલ સર્વિસની પરીક્ષા પાસ ન કરી શકે. બાંગ્લાદેશમાં હિંદુઓ પર હુમલા થઈ રહ્યા છે. પ્રથમ, ધાર્મિક સ્થળો અને તેમની સ્થાપનાઓ પર હુમલા થઈ રહ્યા છે. આ સાથે તમામ હિંદુઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. શેખ હસીનાથી અત્યાર સુધીમાં અનેક હિંદુઓએ જીવ ગુમાવ્યા છે. આ મામલે પીએમ યુનુસે સુધારાની વાત કરી હતી.

# ઈલોન મસ્કનું નવું લક્ષ્યાંક, પોતાનું ખાનગી શહેર બનાવશે

### પ્રાઈવેટ સિટીમાં બધા મકાનો ભાડે હશે અને ત્યાં રહેનારા લોકો ઈલોન મસ્કની કંપનીમાં કામ કરતાં હશે

। (એજન્સી) ટેક્સાસ, તા.૨૯ । કંઈક નવું ન કરે તો ઈલોન મસ્ક નહી. અમેરિકાના આ સફળ ટેકનોક્રેટ અબજપતિએ નવી જ પરિકલ્પના વહેતી મૂકી છે. આ પરિકલ્પના છે, કંપનીના માલિકીના પોતાના શહેરની. તેમા મુખ્યત્વે કપંનીના કર્મચારીઓ રહેશે અને પછી બીજા સામાન્ય લોકો રહેશે. આ શહેરનું સંચાલન સ્થાનિક લોકોએ ચૂંટેલી વ્યક્તિના હાથમાં હશે અને તે આ શહેરની કામગીરી સંભાળશે. મસ્ક સાઉથ ટેક્સાસમાં પોતાનું જ કોસ્ટલ ટાઉન બનાવવા આયોજન કરી રહ્યો છે. આમ તે ટેક્સાસમાં નવી મ્યુનિસિપાલિટી બનાવી રહ્યો છે. જો કે આ માટે તેને બહુમતી રહેવાસીઓ અને વોટરોનું સમર્થન જોઈશે. મસ્ક સાઉથ ટેક્સાસમાં સ્ટારબેઝ ખાતે નવું ટાઉન બનાવવાનો છે. આ સ્થળ આમ પણ મસ્કના કર્મચારીઓના ઘર તરીકે તો જાણીતું છે. આ મહિને કર્મચારીઓએ સ્ટારબેઝને ટાઉન બનાવવા મોટું પગલું લીધું હતું અને સહી કરાવવાનું શરુ કર્યુ હતુ અને ચૂંટણી યોજવા અરજી પણ કરી દીધી છે. આ સ્ટારબેઝ કમ્યુનિટીમાં



હાલમાં ૫૦૦ જણા રહે છે. તેમા ૨૧૯ મુખ્ય રહેવાસીઓ અને ૧૦૦ બાળકો છે. અરજી મુજબ આ ટાઉન ૧.૫ ચોરસ માઈલમાં ફેલાયેલુ છે અને તેના રહેવાસીઓ મુખ્યત્વે ભાડે રહેનારા હશે તથા સ્પેસેક્સ માટે કામ કરતા હશે. ટેક્સાસ એ એન્ડ એમ યુનિવર્સિટીમાં બુશ સ્કૂલ ઓફ ગવર્નમેન્ટ એન્ડ પબ્લિક સર્વિસના એસોસિયેટ પ્રોફેસર રોબર્ટ ગ્રીયરે જણાવ્યું હતું કે જો તમે પોતાનું શહેર બનાવો છો તો તેના માટે પ્રમાણમાં ઘણો નાનો વિસ્તાર જોઈશે. તમારો તે વિસ્તાર પર પૂરેપૂરો અંકુશ હોવો જરુરી હશે. સ્ટાર બેઝના જનરલ મેનેજર કેથરીન લ્યુડર્સે જણાવ્યું હતું કે સ્ટારબેઝની સ્થાપનાની સાથે તેમા ઉપયોગી જરુરી સગવડો વિશ્વસ્તરીય બનાવવી જરુરી છે. ભવિષ્યમાં આ જ પ્રકારના શહેરો અસ્તિત્વમાં આવી શકે છે. સ્પેસેક્સ તેનું શહેર વિસ્તારી રહ્યું છે તો તેની સામે કેટલાક સ્થાનિકોએ વિરોધ નોંધાવ્યો છે. પ્રસ્તાવિત શહેરને મંજૂરી મળી ગઈ તો તેના સિક્યોરિટી મેનેજર ગુન્નાર મિલબર્ન તેના પ્રથમ મેયર હશે. આ આયોજનમાં આગળ વધીને મસ્ક વધુ એક ઈતિહાસ રચશે.

### સચિન તેંડુલકરને મળ્યું મોટું સન્માન

# તેંડુલકરે મેલબોર્ન ક્રિકેટ ક્લબના માનદ સભ્ય બનવાનું નિમંત્રણ

। (એજન્સી) મેલબોર્ન, તા.૨૯ । સચિન તેંડુલકરની ગણતરી વિશ્વના સૌથી મહાન બેટર તરીકે થાય છે. તે ટેસ્ટ અને વનડેમાં સૌથી વધારે રન બનાવનાર બેટર છે. તે એકમાત્ર એવો પ્લેયર છે, જેના નામ પર ૧૦૦ સદી નોંધાયેલી છે. હવે સચિન તેંડુલકરે મેલબોર્ન ક્રિકેટ ક્લબના માનદ સભ્ય બનવાનું નિમંત્રણ સ્વીકારી લીધું છે. આ વાતની પુષ્ટિ મેલબોર્ન ક્રિકેટ ક્લબે (એમસીસી) એક્સ પર પોસ્ટ દ્વારા કરી છે.

ઓસ્ટ્રેલિયાના સૌથી જૂના સ્પોર્ટ ક્લબમાંથી એક મેલબોર્ન ક્રિકેટ ક્લબ(એમસીસી)ની સ્થાપના ૧૮૩૮માં થઈ હતી. ક્રિકેટના પ્રમુખ સ્થાનમાંથી એક મેલબોર્ન ક્લબ ક્રિકેટ મેદાન(એમસીજી)ના પ્રબંધન અને વિકાસ માટે જવાબદાર છે. એમસીસીએ 'એક્સ' પર પોસ્ટ કરીને



લખ્યું કે, એક 'આઈકન'ને સન્માનિત કરવામાં આવી રહ્યો છે.

એમસીસીને જાહેરાત કરતાં ખુશી થઈ રહી છે કે, ક્રિકેટમાં પોતાનું ઉત્કૃષ્ટ યોગદાન આપનાર સચિન તેંડુલકરે આ ક્લબના માનદ સભ્યપદનો સ્વીકાર કર્યો છે. સચિન તેંડુલકર એમસીજીમાં સૌથી વધુ ટેસ્ટ રન બનાવનાર ભારતીય બેટર છે. જેણે આ મેદાનમાં પાંચ ટેસ્ટ મેચમાં ૪૪.૯૦ની સરેરાશ અને ૫૮.૬૯ના સ્ટ્રાઈક રેટથી ૪૪૯ રન બનાવ્યા હતાં. તેણે આ મેદાન પર એક સદી અને ત્રણ અડધી સદી ફટકારી હતી. આ પહેલાં ૨૦૧૨માં તેંડુલકરને ઓસ્ટ્રેલિયાના સર્વોચ્ચ સન્માનમાંથી એક 'ઑર્ડર ઑફ ઓસ્ટ્રેલિયા'થી સન્માનિત કરવામાં આવ્યો હતો. એમસીજી વર્તમાનમાં ભારત અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે રમાઈ રહેલી પાંચ ટેસ્ટ મેચની સીરિઝની ચોથી ટેસ્ટની મેજબાની કરી રહ્યું છે. ભારતીય ટીમ માટે સચિન તેંડુલકરે ટેસ્ટ મેચમાં કુલ ૧૫,૯૨૧ રન બનાવ્યા હતા, જેમાં તેણે ૫૧ સદી ફટકારી હતી અને ૪૬૩ વનડે મેચમાં તેના નામ પર ૧૮,૪૨૬ રન નોંધાયેલા છે. વનડેમાં તેણે ૪૯ સદી ફટકારી હતી. ભલે તે ઘરમાં રમે કે વિદેશમાં, તેણે દુનિયાના દરેક મેદાનમાં પોતાની બેટિંગથી કમાલ કરી હતી.

### LGએ આપ્યા તપાસના આદેશ

# દિલ્હીમાં મહિલા સન્માન યોજના ઉપર વિવાદ થયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ । દિલ્હીના ઉપરાજ્યપાલ વીકે સક્સેનાએ આમ આદમી પાર્ટીની 'મહિલા સન્માન યોજના'ની તપાસના આદેશ જારી કર્યા છે. દિલ્હી ચૂંટણી પહેલા શરૂ કરવામાં આવેલી આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૨૨ લાખ મહિલાઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. આમ આદમી પાર્ટીનું કહેવું છે કે ભાજપે એલજી મારફત આ તપાસના આદેશ જારી કર્યા છે. મહત્વનું છે કે દિલ્હી ચૂંટણી પહેલા પંજાબ સરકાર પર દિલ્હી સરકારને રોકડ ટ્રાન્સફર કરવાના આરોપો પણ લાગ્યા છે. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આ મોટો મુદ્દો બની શકે છે. અરવિંદ કેજરીવાલે 'મહિલા સન્માન યોજના'ની તપાસના





એલજીના આદેશને લઈને ભાજપ પર અનેક આરોપો લગાવ્યા હતા. પ્રેસ કોન્ફરન્સમાં કેજરીવાલે કહ્યું, 'ભાજપના લોકો તમારી સંજીવની યોજના અને મહિલા સન્માન યોજના બંધ કરી દેશે. તમારા સ્થાનિક ક્લિનિક્સ બંધ કરવામાં આવશે અને શાળાઓને તોડી પાડવામાં આવશે. મફત શિક્ષણ બંધ કરશે. બીજેપી બધું રોકવા માટે દિલ્હીની ચૂંટણી લડી રહી છે. ભાજપના લોકો મહિલા સન્માન યોજના બંધ કરાવવા માંગે છે.

### રાજ્યની સુખ-શાંતિ બગાડવાનો પ્રયાસ

# મણિપુરમાં ગોળીબાર પર CM બિરેન સિંહ ભડક્યા

। (એજન્સી) મણિપુર, તા.૨૯ । મણિપુરમાં બદમાશોએ ફરી એકવાર હિંસા ફેલાવવાનો પ્રયાસ કર્યો છે. જે બાદ મુખ્યમંત્રી બિરેન સિંહે ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના બે ગામો પર કુકી ઉગ્રવાદીઓ દ્વારા અંધાધૂંધ ગોળીબારની નિંદા કરી છે. ટ્વિટર પર એક પોસ્ટમાં, મુખ્યમંત્રીએ કેન્દ્રીય દળો અને રાજ્ય પોલીસને આવી પરિસ્થિતિ દરમિયાન યોગ્ય સંકલન સાથે કામ કરવા કહ્યું હતું. પોલીસે કહ્યું કે, પહાડીઓ પરથી થયેલા ગોળીબારમાં એક પોલીસકર્મી અને અન્ય એક વ્યક્તિ ઘાયલ થયા છે. મુખ્યમંત્રી એન બિરેન સિંહે કહ્યું કે, અમે ઈમ્ફાલપૂર્વના સનાસાબી અને થમનાપોકપીમાં કુકી આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા અંધાધૂંધ ગોળીબારની સખત નિંદા કરીએ છીએ જેમાં નાગરિકો



અને સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા છે. નિર્દોષ લોકોના જીવન પરનો આ કાયરતાપૂર્ણ હુમલો શાંતિ અને સૌહાર્દ પર હુમલો છે. મુખ્યમંત્રી બિરેન સિંહે વધુમાં કહ્યું કે, પૂરતા પ્રમાણમાં સુરક્ષાકર્મીઓ અસરગ્રસ્ત વિસ્તારોમાં મોકલવામાં આવ્યા છે. ઘાયલોને જરૂરી તબીબી સારવાર મળી રહી છે અને સરકાર આવા પડકારોનો સામનો કરવા માટે શાંતિ અને એકતાનું જાહેરાત કરે છે. આવા પડકારોનો સામનો કરવા માટે કેન્દ્રીય દળો અને રાજ્ય પોલીસમાં યોગ્ય સંકલન અને સમજ હોવી જોઈએ. બંને ગામ તળેટી પાસે છે.





નવી દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સિંગાપોરના ડીંગ લિરેન સામેની જીત બાદ ચેસના દિગ્ગજ ડી. ગુકેશને સૌથી યુવા વિશ્વ ચેસ ચેમ્પિયન બનવા બદલ અભિનંદન આપ્યા.

### કાશ્મીરમાં ઘુસવાનો બનાવી રહ્યા છે પ્લાન

# POKમાં પાકિસ્તાની આર્મી અને આતંકીઓની મિટિંગ

। (એજન્સી) જમ્મુ, તા.૨૯ । જમ્મુ કાશ્મીરમાં ભારે બરફવર્ષાનો ગેરફાયદો ઉઠાવતા પાકિસ્તાનનો ગંદો ઈરાદો આતંકવાદીઓને ભારતમાં ઘાટીના રસ્તે ઘુસાડવાનો છે. પાકિસ્તાની સેના, ગુપ્તચર એજન્સી આઈએસઆઈ અને આતંકી સંગઠનોના આકાઓની વચ્ચે હાલમાં જ એક બેઠક થઈ. તેમાં કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો. જમ્મુ કાશ્મીરમાં કેવી રીતે આતંકીઓને ઘુસણખોરી કરાવવાની છે અને કેવી રીતે ડ્રોન દ્વારા હથિયારોના જથ્થાને સામે પાર પહોંચાડવા, તે મુદ્દા પર ચર્ચા થઈ. સૂત્રોનું કહેવું છે કે, પાક અધિકૃત કાશ્મીરમાં સેના અને સરકાર વિરુદ્ધ સતત બળવાના મામલા સામે આવી રહ્યા છે. ત્યારે આવા સમયે પાકિસ્તાની સેના અને આઈએસઆઈ સ્થાનિક લોકોના માઈન્ડ ડાયવર્ટ કરી કાશ્મીરના મુદ્દાને ફરીથી હવા આપીને પોતાનો ફાયદો શોધી રહ્યા છે. સૂત્રોનું કહેવુ છે કે, તેના માટે ૧૮ ટ્રેનિંગ કેમ્પ અને ૩૭ લોન્ચ પેડ બનાવ્યા છે, જેમાં લગભગ ૨૦૦ આતંકી સક્રિય રીતે તૈયારી કરી રહ્યા છે. પાકિસ્તાનના અધિકૃત ભાગમાં મીરપુર, કોટલી, બિંભર, નીલમ વૈલી, લીપા વૈલી જેવી જગ્યા પર આ આતંકીઓએ પોતાના અડ્ડા બનાવ્યા છે.

### અટલ ટનલ પર લાંબો જામ

# હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા વચ્ચે સેંકડો પ્રવાસીઓ ફસાયા

। (એજન્સી) શીમલા, તા.૨૯ । હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાને કારણે વાતાવરણ ખુશનુમા બની ગયું છે અને પ્રવાસીઓ તેની ભરપૂર મજા લઈ રહ્યા છે, પરંતુ આ હિમવર્ષા વહીવટીતંત્ર માટે મુશ્કેલી ઊભી કરી રહી છે. હિમાચલ પ્રદેશમાં શુક્રવારે રાત્રે હિમવર્ષાના કારણે સેંકડો પ્રવાસીઓ ફસાયા હતા. પોલીસ અને પ્રશાસને તેમને સલામત સ્થળે પહોંચાડવા માટે ઘણા પ્રયાસો કરવા પડ્યા હતા. અંતે પ્રવાસીઓને હોટલ અને લોકોના ઘરોમાં બેસાડવામાં આવ્યા હતા. અટલ ટનલ અને સોલાંગ ખીણ વચ્ચે લગભગ ૧૨૦૦ વાહનો અટવાયા હતા. શુક્રવારે લગભગ ૧૨૦૦ વાહનો અટલ ટનલ અને સોલાંગ વેલી વચ્ચે બપોરથી મોડી રાત સુધી અટવાયા હતા. રાત્રે ૧૧ વાગ્યા સુધી અહીં જામ રહ્યો હતો. તે જ સમયે, ૧૫૦ પ્રવાસીઓ ચીનના કબજા હેઠળની તિબેટ સરહદ નજીક મલિંગ નાળામાં ફસાયા હતા. લાહૌલ સ્પીતિના કાઝા ફરવા ગયેલા લગભગ ૧૫૦ પ્રવાસીઓ કિન્નૌર અને લાહેલ સ્પીતિની સરહદ પર અટવાઈ



ગયા જ્યારે બંને બાજુના પર્વતો પર ભારે હિમવર્ષા થઈ. હિમાચલ પ્રદેશ પોલીસે તમામ પ્રવાસીઓને સુરક્ષિત બચાવી લીધા હતા. તેઓને યંગથાંગ, નાકો અને ચાંગો ગામોમાં લોકોના ઘરો અને હોટલોમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ઘાટીમાં હિમવર્ષા સતત ચાલુ છે. હિમાચલ પ્રદેશમાં સતત હિમવર્ષાના કારણે ૧૩૪ રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યા છે. હવામાન સુધર્યા બાદ જ આ રસ્તાઓ પર વાહનવ્યવહાર ફરી શરૂ થશે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર અનુસાર, શિમલા જિલ્લામાં સૌથી વધુ ૭૭ રસ્તાઓ બંધ છે. વધુમાં, ૬૫ ટ્રાન્સફોર્મર ખોરવાયા હતા, જેના કારણે સમગ્ર રાજ્યમાં વીજ પુરવઠો પ્રભાવિત થયો હતો. વરસાદ બાદ હિમાચલના ઘણા વિસ્તારોમાં હિમવર્ષા ચાલુ છે.

### પોલીસ યુનિફોર્મમાં ફરતી બે યુવતીઓ પકડાઈ

# MPમાં નકલી અને અસલી પોલીસ આવી આમને-સામને

। (એજન્સી) રીવા, તા.૨૯ । મધ્ય પ્રદેશના રીવામાં પોલીસની રેડ કોડ ટીમે બે શંકાસ્પદ યુવતીઓને પકડી પાડી છે, જે નકલી પોલીસ બનીને ફરતી હતી અને લોકો પાસેથી પૈસા પડાવી રહી હતી. સિવિલ લાઈન પોલીસ સ્ટેશન વિસ્તારમાં લાડલી લક્ષ્મી પથ પર આરોપી યુવતીઓ પોલીસના યુનિફોર્મમાં ગુંડાગીરી કરી રહી હતી. આ દરમિયાન પોલીસની રેડ કોડ ટીમે શંકાસ્પદ યુવતીઓ જોઈ હતી, જ્યારે નકલી મહિલા પોલીસનો સામનો અસલી મહિલા પોલીસ સાથે થયો, ત્યારે તેઓ ચોંકી ગયા. પોલીસ યુનિફોર્મમાં ફરતી આ યુવતીઓને પકડીને પોલીસે પૂછપરછ હાથ ધરી છે. આ બંનેએ પોલીસના નામે લોકો પાસેથી પૈસા પણ પડાવી લીધા છે. ધરપકડ કરાયેલી યુવતીઓને જ્યારે પ્રશ્નો પૂછવામાં આવ્યા તો તેઓ યોગ્ય જવાબ પણ આપી શકી ન હતી. રેડ કોડ ટીમે તરત જ બંનેની ધરપકડ કરી હતી અને સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશન લઈ આવી હતી. આ ઘટના શુક્રવારે બપોરે બની હતી. સિવિલ લાઈન પોલીસ સ્ટેશન વિસ્તારના લાડલી પથ રોડ પરથી પસાર થતી રેડ કોડ પોલીસની ટીમે બે



મહિલા પોલીસકર્મીઓને રસ્તા પર ચાલતી જોઈ. જ્યારે રેડ કોડ ટીમને શંકા ગઈ તો તેઓ બંને યુવતીઓ પાસે ગઈ અને તેમને પ્રશ્નો પૂછવા લાગ્યા. બંને નકલી પોલીસ મહિલા અસલી પોલીસના પ્રશ્નોથી ઘેરાઈ ગઈ અને તેમણે દરેક પ્રશ્નના ગોળ ગોળ જવાબ આપવાનું શરૂ કર્યું. જ્યારે રેડ કોડ ટીમને મામલો શંકાસ્પદ લાગ્યો તો તેઓએ યુનિફોર્મમાં બંને યુવતીઓની ધરપકડ કરી અને પોલીસ સ્ટેશન લઈ આવી હતી. મહિલા પોલીસ ટીમે બંને યુવતીઓને પોલીસ સ્ટેશન લાવી કડક પૂછપરછ કરતાં તેઓએ સત્ય કબૂલ્યું હતું અને તેઓ નકલી પોલીસ હોવાની માહિતી આપી હતી. સિવિલ લાઈન પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ કમલેશ સાહુએ જણાવ્યું કે, પકડાયેલી બે નકલી મહિલા પોલીસકર્મીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. સ્ટેશન ઈન્ચાર્જના જણાવ્યા અનુસાર, પકડાયેલી યુવતીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૦૪ અને ૨૦૫ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. સ્ટેશન ઈન્ચાર્જનું કહેવું છે કે, આ મામલે હજુ તપાસ ચાલી રહી છે. તપાસ બાદ જ વધુ કંઈ કહી શકાશે. પોલીસમાંથી મળતી માહિતી મુજબ, પોલીસ યુનિફોર્મ પહેરેલી બંને યુવતીઓ રીવાની રહેવાસી છે. છેલ્લા બે-ત્રણ દિવસથી બંને યુવતીઓ પોલીસનો યુનિફોર્મ પહેરીને શહેરમાં ફરતી હતી. તેઓની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે. આ રીતે યુનિફોર્મ પહેરીને શહેરમાં ફરતી યુવતીઓ પાછળનો હેતુ શું હતો તે પૂછપરછ બાદ જ સત્ય બહાર આવશે. એક વ્યક્તિએ કહ્યું કે, પકડાયેલી યુવતીઓમાંથી એક મહિલા પોલીસ સ્ટેશન ઓફિસરના યુનિફોર્મમાં હતી, જ્યારે બીજી કોન્સ્ટેબલનો યુનિફોર્મ પહેરીને ધાકધમકી બતાવવા માટે શહેરમાં ફરતી હતી. બંને યુવતીઓએ તેમના યુનિફોર્મની જાહોજલાલી બતાવીને લોકો પાસેથી પૈસા પડાવી લીધા હતા. બે યુવતીઓ સિવાય તેનો એક મિત્ર પણ છે, પરંતુ તેને કદાચ આ યુવતીઓની ધરપકડનો ખ્યાલ હતો.

# પતિએ રીલ બનાવવાની ના પાડી તો મહિલાએ આત્મહત્યા કરી

। (એજન્સી) લખનૌ, તા.૨૯ । ઉત્તર પ્રદેશના મહોબામાં એક ખૂબ જ ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં એક નવપરિણીત મહિલાને તેના પતિએ રીલ બનાવતા અટકાવી ત્યારે તે એટલી ગુસ્સે થઈ ગઈ કે તેણે ટ્રેનની સામે કૂદીને આત્મહત્યા કરી લીધી. તેની લાશ રેલવે ટ્રેક પર પડેલી મળી આવી હતી. મૃતકના લગ્ન સાત માસ પહેલા જ થયા હતા. નવી પરણેલી વહુના મૃત્યુ બાદ ઘરમાં અરાજકતાનો માહોલ છે. પોલીસે મૃતદેહને પોતાના કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ મામલો મહોબા શહેરના કોતવાલી વિસ્તારના જુખા વિસ્તારનો છે. અહીંના લાડપુર ગામમાં રહેતો સફીક મહોબા હેડક્વાર્ટરના જુખા વિસ્તારમાં ભાડાના મકાનમાં રહે છે અને ઈંડા વેચવાનું કામ કરે છે. માત્ર સાત મહિના પહેલા જ તેના લગ્ન ૨૦ વર્ષીય ઝુલેખા સાથે થયા હતા, નવપરિણીત યુગલ સુખી જીવન જીવી રહ્યા હતા. ઝુલેખાને રીલ બનાવવાનો શોખ હતો. આ ખૂબ જ શોખ તેમના લગ્ન જીવન માટે અભિશાપ બની ગયો. કહેવાય છે કે લગ્ન પછી પણ ઝુલેખાનો રીલ બનાવવાનો શોખ ચાલુ રહ્યો હતો.

## તંત્રી લેખ...

# ચીન બ્રહ્મપુત્ર નદી પર જળવિદ્યુત યોજના બનાવી રહ્યું છે

ચીન વધુ એક વિવાદને જન્મ આપી રહ્યું છે. ચીન બ્રહ્મપુત્ર નદી પર બંધ બનાવીને પાણીને નિયંત્રિત કરવાનો મનસૂબો ધરાવે છે. ચીને ભારતીય સીમા નજીક તિબેટમાં યારલુંગ જાંગ્બો નદી (બ્રહ્મપુત્રનું તિબેટી નામ) પર દુનિયાના સૌથી મોટા બંધના નિર્માણને મંજૂરી આપી છે, જેનાથી ભારત અને બાંગ્લાદેશની ચિંતા વધવી વાજબી છે. આ બંધ પરિયોજના દુનિયાની સૌથી મોટી બુનિયાદી માળખા પરિયોજના હશે, જેના પર ૧૩૭ અબજ અમેરિકી ડોલરનો ખર્ચ આવશે. આ બંધ હિમાલયની એક વિશાળ ઘાટીમાં બનાવવામાં આવશે, જ્યાં બ્રહ્મપુત્ર નદી એ વિશાળ 'યુ-ટર્ન' લઈને અરુણાચલ પ્રદેશ અને પછી બાંગ્લાદેશમાં વહે છે. વિશ્વની છઠ્ઠી મોટી નદી બ્રહ્મપુત્ર ભૌગોલિક રૂપે કઠિન પારિસ્થિતિકી તંત્રવાળી નદી છે, જેમાં કોઈપણ પ્રકારની છેડછાડ આ ક્ષેત્ર માટે વિનાશકારી સાબિત થઈ શકે છે. ચીન ભીષણ જળસંકટમાંથી પણ પસાર થઈ રહ્યું છે, તિબેટ ક્ષેત્રમાં પાણીના પૂરવઠાના લ-ય સાથે ચીન બ્રહ્મપુત્ર નદી પર જળવિદ્યુત યોજના બનાવી રહ્યું છે. ભારત અને બાંગ્લાદેશે તેનો વિરોધ કરવો જોઈએ અને જળસંધિનું પાલન થવું જોઈએ. બ્રહ્મપુત્ર નદી પર ચીનના મોટા બંધને લઈને ભારતની અસલ ચિંતા તેના જળપ્રવાહને રોકવા અને શત્રુતા સમયે સીમાવર્તી ક્ષેત્રમાં ભારે માત્રામાં પાણી છોડવાની સ્થિતિને લઈને છે. એમ તો ભારત પણ અરુણાચલ પ્રદેશમાં બ્રહ્મપુત્ર પર બંધ બનાવી રહ્યું છે, પરંતુ તે જળ નિયંત્રણ માટે નહીં, પરંતુ નદીના ખતરાને ઓછો કરવા માટે છે. ભારત અને ચીન વચ્ચે એલએસીની જેમ બ્રહ્મપુત્ર નદી વિવાદ પણ એક નાસૂર સમાન છે. ભારત અને ચીને સીમા પાર નદીઓ સંબંધિત વિભિન્ન મુદ્દા પર ચર્ચા કરવા માટે ૨૦૦૬માં એક વિશેષજ્ઞ સ્તરીય તંત્ર (ઈએલએમ)ની સ્થાપના કરી હતી, જે અંતર્ગત ચીન પૂર વખતે ભારતને બ્રહ્મપુત્ર નદી અને સતલજ નદી પર જળવિજ્ઞાન સંબંધી જાણકારી પ્રદાન કરે છે. ભારત, ચીનના સીમા મુદ્દાઓ પર વિશેષ પ્રતિનિધિઓ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (એનએસએ) અજિત ડોભાલ અને ચીની વિદેશ મંત્રી વાંગ યી વચ્ચે ૧૮ ડિસેમ્બરે અહીં થયેલ મંત્રણામાં સીમા પારની નદીઓ વિશે ડેટા વહેંચવાનો મુદ્દો ઉઠ્યો હતો. બ્રહ્મપુત્ર બંધમાં એન્જિનિયરિંગના મોટા પડકારો છે, કારણ કે પરિયોજના સ્થળ ટેક્ટોનિક પ્લેટ ક્ષેત્ર સાથે જોડાયેલ છે, જ્યાં ભૂકંપ આવે છે. પરંતુ ચીને ભૂકંપ વિશે ચિંતાઓને અવગણીને બ્રહ્મપુત્ર બંધ જળવિદ્યુત પરિયોજનાને સ્વીકૃતિ આપી છે.

## વિદેશમાં વિદ્યાર્થીઓને એમબીબીએસ કરવાનું સપનું આ દેશમાં સાકાર થશે

તબીબી અભ્યાસ માટે વિદેશ જવાનું ધીમે ધીમે ખૂબ લોકપ્રિય બની રહ્યું છે. યુક્રેનથી લઈને ફિલિપાઈન્સમાં ભારતીય વિદ્યાર્થીઓ એમબીબીએસ કરવા જઈ રહ્યા છે. એમ.બી.બી.એસ શિક્ષણ આ દેશોમાં ભારત કરતાં સસ્તા દરે આપવામાં આવે છે, જેના કારણે આ દેશ ભારતીયોમાં લોકપ્રિય બન્યા છે. ભારતમાં મેડિકલ એજ્યુકેશનમાં ઓછી સીટ્સ અને મોંઘી એજ્યુકેશન ફીના કારણે દર વર્ષે દેશના અસંખ્ય વિદ્યાર્થીઓ એમ.બી.બી.એસ જેવી ડિગ્રીઓ માટે વિદેશ જાય છે. દેશમાં એમ.બી.બી.એસમાં એડમિશન માટે નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રેસ્ટ ટેસ્ટ (નીટ) આપવો પડે છે અને આ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ વધારે છે. દેશમાં ૭૦૦ મેડિકલ કોલેજ છે, જ્યાં એમ.બી.બી.એસ ની ૧.૦૮ લાખ સીટ છે, જેમાં લગભગ ૫૫ હજાર સીટ્સ સરકારી કોલેજમાં છે. આ સીટ્સ માટે વિદ્યાર્થીઓમાં ખૂબ જ સ્પર્ધા રહે છે. આ વર્ષે ૨૪ લાખ વિદ્યાર્થીઓએ નીટની પરીક્ષા આપી હતી. સરકારી કોલેજોની ક્વોલિટી- સસ્તું એજ્યુકેશન અને ઓછી સીટ્સના કારણે ઘણા વિદ્યાર્થીઓને એડમિશન મળી શકતું નથી. આ કારણે અમુક વિદ્યાર્થીઓ ગેપ યર લઈને બીજી કે ત્રીજા વખત નીટ-યુ જીઆપે છે અથવા બી.એ.એમ.એસ અથવા બી.એચ.એમ.એસ.જેવા કોર્સ લેવા પર મજબૂર થઈ જાય છે અથવા તો વિદેશમાં સસ્તા એજ્યુકેશન માટે રવાના થઈ જાય છે. ૨૦૨૩માં એમ.બી.બી.એસ ની ૫૬,૧૯૩ સરકારી સીટ્સ હતી, જ્યારે ૧૧ લાખથી વધારે વિદ્યાર્થીઓએ પરીક્ષા પાસ કરી હતી.જેમાં જોવા જઈએ તો ૧૦ લાખથી વધારે વિદ્યાર્થીઓ પાસે પ્રાઈવેટ મેડિકલ કોલેજનો ઓપ્શન રહે છે, જેમાં ફી ૧થી ૧.૫ કરોડ રૂપિયા સુધી હોય છે. તો દુનિયામાં ઘણા એવા દેશ છે, જેમ કે રશિયા, જોર્જિયા, જર્મની, કઝાકિસ્તાન, યુક્રેન, ફિલીપાઈન્સમાં ડબલ્યુ એચ ઓ, એન એમ સી, એમ સી આઈ જેવી ઈન્ટરનેશનલ કાઉન્સિલની માન્યતા પ્રાપ્ત ઈન્સ્ટીટયૂટ્સ છે. જેમાં ભારતથી ઓછા પૈસામાં એમ.બી.બી.એસકરી શકાય છે. આ કારણે અહીં ભારતના વિદ્યાર્થીઓને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ તરીકે સારા અને સસ્તા ઓપ્શન મળી શકે છે. તો ચાલો જાણીએ એમ.બી.બી.એસના અભ્યાસ માટે બેસ્ટ દેશો વિશે. જર્મની- સૌ પ્રથમ જર્મનીની વાત કરીએ. ભારતમાંથી મેડિકલનો અભ્યાસ કરવા વિદેશ જતા લોકોના આંકડા જોઈએ તો મોટાભાગના વિદ્યાર્થીઓ મેડિકલ અભ્યાસ માટે જર્મની જાય છે. અહીં ઓછી ફીમાં મેડિકલનો અભ્યાસ કરી શકાય છે. જો તમે નીટ પરીક્ષા આપી છે, તો આ સ્કોરનાં આધારે તમને અહીંની યુનિવર્સિટીઓમાં પ્રવેશ મળશે. અહીં ૪ થી ૬ લાખ રૂપિયા પ્રતિ વર્ષમાં એમ.બી.બી.એસ કરી શકાય છે. બેલારુસ- મેડિકલના અભ્યાસ માટે ભારતીય વિદ્યાર્થીઓમાં બેલારુસ પણ લોકપ્રિય છે. આ દેશની ગણતરી સસ્તું શિક્ષણ આપનારા દેશોમાં થાય છે. અહીંની એમ.બી.બી.એસ ડિગ્રી ડબલ્યુ એચ ઓ અને એન એમ સી દ્વારા માન્ય છે. અહીંથી ૨૫ થી ૩૦ લાખ રૂપિયામાં એમ.બી.બી.એસ કરી શકાય છે, જ્યારે માસિક રહેવાનો ખર્ચ ૧૫ થી ૨૦ હજાર રૂપિયા આવે છે. કઝાકિસ્તાન-કઝાકિસ્તાનમાં પણ મેડિકલ એજ્યુકેશન સસ્તું માનવામાં આવે છે. અહીં એમબીબીએસનો અભ્યાસ ૫ વર્ષમાં પૂર્ણ થાય છે. આ દેશમાં એમ.બી.બી.એસ કરવા માટે ૧૨મા ધોરણમાં ઓછામાં ઓછા ૫૦% માર્કસ હોવા જરૂરી છે. અહીંથી ૨૫ લાખ રૂપિયા સુધીમાં મેડિકલનો અભ્યાસ કરી શકાય છે. રશિયા-ભારતમાંથી દર વર્ષે ૨૦થી ૨૫ હજાર વિદ્યાર્થીઓ રશિયામાં ૬ વર્ષના એમ.બી.બી.એસ ના અભ્યાસ માટે જાય છે. વ્યાજબી અને ક્વોલિટી મેડિકલ એજ્યુકેશન માટે સ્ટુડન્ટ્સ અહીં જવાનું પસંદ કરે છે. યૂરોપના મેડિકલ કોલેજોની સરખામણીમાં અહીં ફી (૨થી ૫ લાખ રૂપિયા વાર્ષિક) ખૂબ ઓછી છે. ફિલીપાઈન્સ-સાઉથ-ઈસ્ટ એશિયાનો આ દેશ ભારતીય સ્ટુડન્ટ્સ માટે ૬ વર્ષના એમ.બી.બી.એસ ના અભ્યાસ માટે સસ્તો, સારો અને સરળ ઓપ્શન છે. જોકે, ક્વોલિટી ઈન્સ્ટીટયૂટ શોધવા માટે રીસર્ચ ખૂબ જરૂરી છે. અહીં સંપૂર્ણ કોર્સ માટે ફી માત્ર ૧૫થી ૨૫ લાખ રૂપિયા છે. મોટા પ્રમાણમાં ભારતીય વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ માટે જાય છે.

**જટાયુ અને સંપાતિ બંને અરુણ અને શયનીના પુત્રો હતા, અને અરુણ ગરુડનો ભાઈ હતો. એટલે કે એ બંને ગરૂડના ભત્રીજા પણ થાય**

# જટાયુ અને સંપાત્તિ બંને અધમ જાતિ હોવા છતાં પ્રેમ અને ભક્તિ માર્ગે ચાલ્યા!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**રામ લક્ષ્મણ અને જાનકી જ્યારે વનવાસમાં જાય છે, ત્યારે જટાયુ સીતા માતાની કુટીયાનું રક્ષણ કરતાં એવો વાલ્મિકી રામાયણમાં ઉલ્લેખ જોવા મળે છે, પરંતુ રામ અને લક્ષ્મણ ને તો જટાયુ નો ભેટો સીતા અપહરણ બાદ થાય છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ.. એક વાત તો પાકી જ છે કે, જે કામ પ્રેમ કરાવી શકે એ નફરત કરાવી શકતી નથી, અને પ્રેમ કરવામાં ભારતીય નો જોટો જડે તેમ નથી. નફરત નો ભાવ કાયમ રાખી શકાતો નથી, નફરતથી ખૂન, હત્યા, જેવાં થોડાં ઘણાં અધમ કાર્ય કરાવે, પણ પ્રેમની તાકાતથી બહુ મોટાં મોટાં માનવતાના કાર્ય થતાં હોય છે. ક્યારેક ક્યારેક તો અધમ શરીર પણ પ્રેમ એટલે કે ભક્તિને કારણે રામકામ કરાવી જાય છે, અને રામાયણમાં આવા બે પાત્રો છે જે, શરીરથી અધમ હતાં છતાં, તે બંને રામકાર્ય કરવાનાં નિમિત બન્યા. તો આજે આપણે ચિંતનમાં જટાયુ અને સંપાત્તિ વિશે વાત કરીશું. જટાયુ અને સંપાતિ બંને અરુણ અને શયનીના પુત્રો હતા, અને અરુણ ગરુડનો ભાઈ હતો. એટલે કે એ બંને ગરૂડના ભત્રીજા પણ થાય. પૂર્વે ગરુડ જાતિના માનવો થતા એવો ક્યાંક ઉલ્લેખ પણ જોવા મળે છે, અને એ રીતે આ બંને ગીધ હોવા છતાં પણ માનવની જેમ બોલી શકતા હતા. આપણે સૌ જાણીએ છીએ કે ગીધ એ હિંસક પક્ષી છે, અને માંસાહારી પણ છે. તે માનવીને પણ મારી શકે છે, એટલે કે શરીરથી તે અધમ છે. પરંતુ પુરાણો ના ઉલ્લેખ મુજબ જટાયુ એક સદગુણોથી ભરેલો ગીધ હતો અને ગીધના તે રાજા પણ બતાવાયા છે, અને પોતાની પ્રજામાં તેનો માન સન્માન પણ બહુ હતું. એકવાર અયોધ્યામાં રોહિણી નક્ષત્ર પર શનિની દ્રષ્ટિ પડતાં, અયોધ્યામાં અનાવૃષ્ટિ થઈ, અને રાજા દશરથ શનિને ત્યાંથી ચાલ્યા જવાનું કહેવા ગયાં. શનિદેવ માન્યા નહીં અને બંને વચ્ચે યુદ્ધ થયું. શની ની દ્રષ્ટિ પડતા જ રાજા દશરથ નો રથ તૂટી ગયો, અને એ સમયે જટાયું ત્યાં હાજર હતો, એણે રાજા દશરથને સંભાળી લીધાં, અને ત્યારથી બંને વચ્ચે મિત્રતા થઈ હતી. રામ લક્ષ્મણ અને જાનકી જ્યારે વનવાસમાં જાય છે, ત્યારે જટાયુ સીતા માતાની કુટીયાનું રક્ષણ કરતાં એવો વાલ્મિકી રામાયણમાં ઉલ્લેખ જોવા મળે છે. પરંતુ રામ અને લક્ષ્મણ ને તો જટાયુ નો ભેટો સીતા અપહરણ બાદ થાય છે, એ વાતથી આપણે સૌ પરિચિત છીએ. રાવણ જ્યારે સીતા નું અપહરણ કરીને લઈ જતો હતો ત્યારે જટાયુએ તેનો માર્ગ રોક્યો હતો, અને રાવણ સાથેના યુદ્ધમાં જટાયુ ની બંને પાંખ કપાઈ ગઈ હતી, અને તે નિઃસહાય દશામાં પડ્યા હતાં. રાવણ સીતાને લઈ ગયા છે, એની બાતમી પણ જટાયુ એ જ રામને આપી હતી. તેમજ તે રાજા દશરથના મિત્ર છે, એ વાત પણ કરી હતી, અને એ સૂચના દેવા જ જાણે જીવિત રહ્યા હોય, તેમ પછી તેનું દેહાંત થયું, અને રામના હાથે તેના અગ્નિસંસ્કાર થયાં, આ વાત આપણે સૌ જાણીએ છીએ. સંપાત્તિ ની એન્ટ્રી રામાયણમાં સ્વયં પ્રભા ના પ્રસંગ પછી થાય છે. સ્વયં પ્રભાએ બધાં જ વાનરોને સમુદ્ર કિનારે લાવીને રાખી દીધાં. પરંતુ હવે શું કરવું આ સમુદ્ર કેમ લાંઘવો એ અવઢવમાં બધા જ વાનરો ત્યાં આગળ બેઠા છે, અને અંદરો અંદર સીતા માતાનાં અપહરણની વાત કરે છે. વાનરોની વાતચીત સાંભળીને ગુફામાંથી એક ઘરડો ગીધ બહાર આવે છે, અને આટલા બધા વાનરોને જોઈને ખુશ થઈ જાય છે, અને કહે છે કે હવે તો કેટલાય દિવસ સુધી મારે ભોજન માટે ભટકવું નહીં પડે. વાનરો સીતાની શોધ વિશે ચિંતામાં હતાં, અને તેઓ વિચારતા હતા કે સીતા ન મળે તો ઉપવાસ કરી અને દેહ ત્યાગ કરીશું, પણ આમને આમ તો પાછા નહીં જ જઈએ. ત્યાં આ ગીધની વાત સાંભળી અને વાનર સેનાનો સેનાપતિ અંગદ બોલ્યો હે ગિધરાજ અમને ઉપવાસ કરીને દેહ ત્યાગ કરવાનું પુણ્ય તો પ્રાપ્ત કરવા દો, અમારા કરતા તો પેલો જટાયુ વધારે ભાગ્યશાળી સાબિત થશે. જટાયુ નું નામ સાંભળીને સંપાતિના કાન ચમક્યાં અને તેણે પૂછ્યું કે તમે બધા જટાયુને કઈ રીતે ઓળખો છો? હું તેનો મોટો ભાઈ છું. એ લોકોએ આખી વાત જણાવી અને સંપાતીએ કહ્યું કે તો રામ કાર્ય કરવામાં હું પણ પાછો નહીં પડું, અને તેણે પર્વત ઉપરથી જોઈને કહ્યું કે હું વૃદ્ધ અને ઘરડો થઈ ગયો છું, પરંતુ મને અહીંથી સ્પષ્ટ દેખાય છે કે, આ અફાટ સમુદ્રની વચ્ચે ૧૦૦ જોજન દૂર ત્રિકૂટ પર્વત પર રાવણની લંકા નગરી આવેલી છે, અને લંકાની બહાર અશોકવાટિકામાં સીતાજીને રાખવામાં આવ્યા છે. સો જોજન શબ્દ સાંભળીને જ વાનરોના પગ નો તરવરાટ શાંત થઈ ગયો, અને એટલી જ વારમાં એક ચમત્કારિક ઘટના ઘટી,એ ઘરડા સંપાતીને નવી પાંખો ફૂટી અને નવી આંખો પણ આવી. એટલે તેમણે વાનરસેનાને કહ્યું કે રામ કાર્ય કરવાનું મને ફળ મળ્યું છે, તમે નિરાશ ન થાઓ, મને આશા છે કે તમે લોકો ચોક્કસ સીતાની શોધ કરવામાં સફળ થશો, અને તમને પણ આવું અનેરું ફળ પ્રાપ્ત થશે. જટાયુ અને સંપાતિ. બંને જણા ગીધ ઉપરાંત પુલિંગ છે, પરંતુ ગીધને દ્રષ્ટિ દીઘર્દ્રષ્ટિ હોય છે, એ બહુ દૂર સુધીનુ સ્પષ્ટ પણે જોઈ શકે છે. એટલે દ્રષ્ટિ તો નારી વાચક છે,અને જેની દ્રષ્ટિ માં રામ કાર્યની મહત્તા હોય, રામ પ્રત્યે અનુરાગ હોય એ જ તો ભક્તિની પરાકાષ્ઠા સુધી પહોંચી શકે છે. તો સાંપ્રત સમયના સમાજની માંગ એટલે કે રામરાજ્ય પ્રસ્થાપિત કરવા માટે જટાયું અને સંપાતિ જેવી દીઘર્દ્રષ્ટિની જરૂર છે. આંખોમાં ઉજ્જવળ ભવિષ્યને અજવાળતી દ્રષ્ટિ હોય તો જ આ રામ કાર્ય પાર પાડી શકીશું. અંતરમાં ધીરજ વાળી શ્રદ્ધા, બુદ્ધિમાં સાત્વિકતા, અને આંખોમાં દીઘર્દ્રષ્ટિ રાખી અને રામકાર્ય કરવાના સંકલ્પ લેવા પડશે અને આ સંકલ્પ હનુમાનજીએ લીધો, અને તે ભક્તિ એટલે કે માતા સીતા સુધી પહોંચી શક્યાં. આપણે પણ આ બધા ચરિત્રોમાંથી જે શીખ ગ્રહણ કરવા જેવી લાગે, તે ગ્રહણ કરીએ કે જે જન્મોજન્મ સુધી રામ કાર્ય માટે આપણી બુદ્ધિ ને નિર્મળ જ રાખશે, એવો ભાવ મા ભગવતી સીતા રુપી આદ્યશક્તિ જગદંબાના ચરણે સંકલ્પ કરીને રાખીએ કે જે જીવનમાં માત્ર વાતો થકી નહીં, પરંતુ કર્મ કે કાર્ય થકી, પણ કંઈક રામ કાર્ય કરવાનો પ્રયત્ન કરાવે અને જેનાં થકી રામરાજ્યના આપણા સૌના સ્વપ્નને સાકાર કરવાની કોશિશ કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**અમાસ આવે તેને સોમવતી અમાસ કહેવાય, સોમવતી અમાસ સૌભાગ્યવતી સ્ત્રીઓ પોતાના સૌભાગ્ય-પરિવારની સુખાકારી હેતુ તેનું વ્રત વિધાન કરે**

# આજે સવંત ૨૦૮૧માં માગશર વદ અમાસને સોમવાર એટલે સોમવતી અમાસનો મહિમા જોઈએ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સોમવતી અમાસનું મહત્વઃપુરાણ મુજબ સોમવતી અમાસના દિવસે નાન દાનની પરંપરા છે, આજના દિવસે ગંગા સ્નાનનું વિશેષ મહત્વ છે, જો ગંગા સ્નાન, શક્ય ન હોય તો નદીમાં સ્નાન કરીને શિવ પાર્વતીની પૂજા કરવી, તુલસીજીની પૂજાનું પણ વિશેષ મહત્વ છે, સોમવતી અમાસે તુલસીજીની પૂજા કરવી લાભ દાયક માનવામાં આવે છે, જો કુંડલીમાં પિતૃ દોષ હોય તો અમાસના દિવસે તર્પણ કરવાથી પિતૃના આશિર્વાદ મળે છે.**

આજે સવંત ૨૦૮૧માં શ્રાવણ વદ અમાસને ત્રીસમી ડિસેમ્બર- ૨૦૨૪ સોમવાર છે સોમવતી અમાસ છે. આપણે સોમવતી અમાસનું મહાત્મ્ય જોઈશું. વૈદિક કેલેન્ડર મુજબ આજે ત્રીસમી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ સોમવતી અમાસ છે. પુરાણોમાં જણાવ્યા અનુસાર અમાસ તિથિ એ સ્નાન, ધ્યાન,પૂજા, જપ, તપ અને દાન કરવામાં આવે છે. જાણો શા માટે સોમવતી અમાસ પર ગંગા સહિત પવિત્ર નદીઓમાં સ્નાન અને ધ્યાન કરવામાં આવે છે.તેમજ પિતૃઓને અર્પણ કરવામાં આવે છે. ગરુડ પુરાણ અનુસાર જો સોમવતી અમાસ પર પિતૃઓને માટે દાન અર્પણ કરવાથી વ્યક્તિને પૂવર્જોના આશિર્વાદ પ્રાપ્ત થાય છે. સોમવતી અમાસ પર ભગવાન શિવની પૂજા કરવામાં આવે છે. સોમવતી અમાસની રાતે લોટમાં થી સાત દીવા બનાવો અને તેને પીપળાના ઝાડની નીચે પ્રગટાવો. આ ઉપાય કરવાથી બધી જ મનોકામના પ ૂર્ણ થાય છે.પરંતુ આ ઉપાય કોઈને કહ્યા વિના ગુપ્ત રીતે કરવાનો હોય છે. પરિવારમાં સુખ-સમૃદ્ધિ વધારવી હોય તો સોમવતી અમાસની રાત્રે ચંદ્રમાની વિશેષ પૂજા અર્ચના કરવી.આમ કરવાથી ઘરમાં શાંતિ વધે છે. સોમવતી અમાસ એટલે સોમવારે, અમાસ આવે તેને સોમવતી અમાસ કહેવાય.સોમવતી અમાસ સૌભાગ્યવતી સ્ત્રીઓ પોતાના સૌભાગ્ય અને પરિવારની સુખાકારી હેતુ તેનું વ્રત વિધાન કરે છે.જે પ્રાતીય રિવાજ કેમાર્ગદર્શન મુજબ કરવામાં આવે છે. જેમાં સવારે શિવ મંદિરમાં શિવ લિંગ પર જળ અભિષેક કરવામાં આવે છે તેમજ માતા પ ાર્વતીનું પૂજન થાય છે.પીપળાના વૃક્ષને જળ વડે સિંચન કરતા પ્રદક્ષિણા, પ્રાર્થના અને આ દિવસે માર્ગદર્શન મુજબ ઉપવાસ પણ કરવામાં આવે છે.આ વ્રત અંગે વધુ માર્ગ દર્શન લઈને જો કરવામાં આવે તો પતિ અને પરિવારની સુખાકારીમાં વૃદ્ધિ થાય છે તેવી ધાર્મિક માન્યતા રહેલી છે.આપના ધર્મ શાસ્ત્રો અનુસાર સોમવતી અમાસે કરવામાં આવેલું દાન પુણ્ય અને પૂજાનું વિશેષનું મહત અમાસે કરવામાં આવેલી પૂજા, ઉપવાસ,સ્નાન,દાનથી ઘરમાં સુખ,શાંતિ સમૃદ્ધિના આશિષ મળે છે. સોમવતી અમાસનું મહત્વઃપુરાણ મુજબ સોમવતી અમાસના દિવસે નાન દાનની પરંપરા છે. આજના દિવસે ગંગા સ્નાનનું વિશેષ મહત્વ છે.જો ગંગા સ્નાન,શક્ય ન હોય તો નદીમાં સ્નાન કરીને શિવ પાર્વતીની પૂજા કરવી. તુલસીજીની પ ૂજાનું પણ વિશેષ મહત્વ છે.સોમવતી અમાસે તુલસીજીની પૂજા કરવી લાભ દાયક માનવામાં આવે છે.જો કુંડલીમાં પિતૃદોષ હોય તો અમાસના દિવસે તર્પણ કરવાથી પિતૃના આશિર્વાદ મળે છે. પતિના દિર્ધાયુ માટે સુહાગણ આજના દિવસે ઉપવાસ પણ કરે છે.સુખ સમૃદ્ધિ અને શાંતિના આશિષ મેળવવા માટે સોમવતી અમાસનો દિવસ ઉત્તમ માનવામાં આવે છે. સોમવતી અમાસમાં જે રીતે તુલસીજી અને પિતૃની પૂજા અર્ચનાનું મહત્વ છે. તેવી જ રીતે સોમવતી અમાસમાં શિવ વિષ્ણુ ઉપાસના સાધનાનું પણ મહત્વ છે સોમવતી અમાસના દિવસે મહાદેવને જલાભિષેક કરીને વિશેષ પૂજન અર્ચન કરવાથી વિશેષ ફળ મળે છે. સોમવતી અમાસના દિવસે શિવ મંદિર જઈને દર્શન અવશ્ય કરવા, પીપળાને જળ અર્પણ કરવાથી પણ પિતૃ પ્રસન્ન થાય છે.સોમવતી અમાસનું મહાત્મ્ય દર્શાવતી એક દંતકથા આપણે જોઈએ. પ્રાચીન કાળમાં દેવો અને દાનવો વચ્ચે યુધ્ધ થયું.યુધ્ધમાં દેવોની હાર થવા લાગી અને દાનવોની વિજય પતાકા લહેરાવવા લાગી. ઈન્દ્રનું ઈંદ્રાસન ડોલવાલાગ્યું.દેવો ચિંતા તુર હતા. તેમણે વિષ્ણુ ભગવાનને પ્રાર્થના કરીને દધિચી ઋષિના પીઠ ના હાડકાનું શસ્ત્ર બનાવી તેનો યુધ્ધમાં ઉપયોગ કરવાનું કહયું. ઈન્દ્ર બ્રાહમણનો વેશ ધારણ કરી દધિચી ઋષિ પાસે ગયા. દાનમાં પીઠના હાડકાની માગણી કરી ઋષિએ "તથાસ્તુ કહયું પણ એક શરત મૂકી કે તેઓ અસ્થિદાન આપશે પણ તે પહેલાં દેશના સર્વ તીર્થોમાં સ્નાન કર્યા બાદ જ. એટલે દેવાધિદેવ ઈન્દ્ર ઋષિને સન્નીહિત સરોવરમાં સોમવતી અમાસ ના દિવસે" સ્નાન કરવાથી તેમની દરેક ઈચ્છા પ રિપૂર્ણ થશે અને જે જે તીર્થ સ્થાનો દેવદેવી ઓનું સ્મરણ કરશે તે સ્વયં પ્રગટ થશે તેમ કહયું કહેવાય છે કે દધિચી ઋષિએ સોમવતી અમાસે સન્નિહિત સરોવરમાં તે રીતે સ્નાન કર્યું અને જે જે તીર્થો દેવ-દેવીઓ નું સ્મરણ કર્યું તે ત્યાં પ્રગટ થયાં. આમ,ઋષિની મનોકામનાપરિપૂર્ણ થતાં ઋષિવર્યે પોતાનું જીવન સમર્પિત કર્યું.તેમના પીઠના હાડકાં માંથી શસ્ત્ર તૈયાર થયું અને તેનો ઉપયોગ યુદ્ધમાં દેવોએ કરતાં દેવો ઓએ દાનવો પર વિજય પ્રાપ્ત કર્યો કહેવાય છે કે,જે દિવસે સોમ વાર" અને અમાસનો યોગ થયો હોય ત્યારે જળમાં ગંગા પુષ્કર તીર્થ અને કપિલધારાનો ત્રિવેણી સંગમ થાય છે. આ પરમ પવિત્ર દિવસે પૃ થ્વી,આકાશ અને સ્વર્ગ ના સર્વ તીર્થ સ્થાનો જળાશયમાં આવીને વસે છે,તેથી જ આ દિવસે વ્રતધારી અથવા કોઈપણ વ્યક્તિએ કરેલ તીર્થસ્નાન, દાન- દક્ષિણા, યજ્ઞ-હોમ હવન,ધ્યાન- પુજા વગેરે અક્ષય બને છે. મધ્યાહન સમયે સૂર્યાસ્ત પછી જયારે વાર અને તિથીનો સુભગ યોગ થતો હોય તે સમયને પુણ્ય કાળ કહે છે આવા પ ુણ્ય કાળ દરમ્યાન પ્રારંભ કરેલ દરેક કાર્યો માંગલિક બની પરિપૂર્ણ બને છે. આવા સોમવારના શુભ દિવસે પીપળાના વૃક્ષનું પૂજન- અર્ચન કરવાથી પાપો નાશ પામે છે. જન્મ જન્માંતર સુધી સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.પુત્ર-પ ૌત્રાદીની અભિવૃદ્ધિ થઈ વંશવેલો જળવાઈ રહે છે.આજે માગશર માસનો છેલ્લો દિવસ.વિક્રમ સંવત ૨૦૮૧ ત્રીસમી ડિસેમ્બર- ૨૦૨૪ને માગશર વદ- આમવસ્યાને સોમવાર,એટલે સોમવતી અમાવસ્યા. વાચક ચાહક મિત્રો આજે સોમવતી અમાવસ્યા પર પૂજા, ઉપવાસ,સ્નાન અને દાન કરવાથી અનેક યજ્ઞોનું ફળ મળે છે.તીર્થ સ્નાન કરવાથી અનેકગણું પુણ્ય મળે છે.મહાભારતમાં ભીષ્મે યુધિષ્ઠિરને આ દિવસનું મહત્ત્વ સમજાવ્યું હતું અને કહ્યું હતું કેજે વ્યક્તિ આ દિવસે પવિત્ર નદીઓમાં સ્નાન કરે છે તે સમૃદ્ધ, સ્વસ્થ અને તમામ દુઃખોથી મુક્ત રહેશે.નારદ પુરાણઃ સોમવાર અને અમાવસ્યાના સંયોગ દરમિયાન કરવામાં આવેલું દાન ખૂબ જ પુણ્યપૂર્ણ છેસનાતન ઋષિએ નારદજીને દર મહિને આવતી અમાવસ્યાનું મહત્ત્વ જણાવ્યું છે.ઋષિઅનુસાર જ્યારે અમાવસ્યા સોમવારે આવે છે, ત્યારે તે સોમ વતી અમાવસ્યા સાથે એકરુપ થાય છે.આ યોગ માં કરેલું દાન શુભ માનવામાં આવે છે એટલે કે આ તિથિએ કરવામાં આવેલ દાનથી તમામ પ્રકારના શુભ ફળ મળે છે. સોમવતી અમાવસ્યા પર શ્રાદ્ધ કરવાથી પિતૃઓ સંતુષ્ટ થાય છે.આજે ત્રીસ ડિસેમ્બરે ૨૦૨૪ સોમવતી અમાવસ્યાનો સંયોગ છે. આ માગશર મહિનાની અમાવાસ્યાનો દિવસ છે.પિતૃ દોષ અને કાલસર્પ દોષમાંથી મુક્તિ મેળવવા માટે સોમવતી અમાવસ્યાની તિથિ ખૂબ જ શુભ માનવામાં આવે છે. જ્યોતિષશાસ્ત્રમાં આ દિવસનું મહત્વસમજાવતા કેટલાક ઉપાયો પણ જણાવવામાં આવ્યા છે. આ ઉપાયો કરવાથી જીવનમાં આર્થિક સમૃદ્ધિ આવે છે અને તમામ દોષો થી મુક્તિ મળે છે. હિંદુ કેલેન્ડર મુજબ, અમાવસ્યા એ મહિનાનો ત્રીસમો દિવસ છે અને કૃષ્ણ પ ક્ષની છેલ્લી તિથિ હોય છે.સોમવારે આવતી અમાવસ્યાને સોમવતી અમાવસ્યા કહેવાય છે. સોમવતીઅમાવસ્યાના દિવસે કેટલાક ખાસ ઉપાય કરવાથી જીવનની તમામ સમસ્યાઓ દૂર થાય છે અને સારું ફળ પ્રાપ્ત થાય છે.હિંદુ ધર્મમાં અમાસને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. વૈદિક કેલેન્ડર મુજબ, દરેક હિંદુ મહિનાનો છેલ્લો દિવસ અમાવસ્યા તરીકે ઓળખાય છે. આ દિવસે વ્રત,પૂજા,સ્નાન અને દાન વગેરેનું વિશેષ મહત્વ છે. પંચાંગ અનુસાર આ વખતે માગશર મહિનાની અમાવાસ્યા ત્રીસમી ડિસેમ્બર ૨૦૨૪ સોમવાર ના રોજ આવી છે.સોમવારે આવતી અમાવસ્યાને સોમવતી અમાસ કહેવાય છે. અમાસ પર પિતૃદોષ અને કાલસર્પ દોષમાંથી મળશે મુક્તિ બધી અમાવસ્યા ઓમાં સોમવતી અમાવસ્યા વધુ મહત્વની માનવામાં ગણાય છે. સોમવતી અમાવસ્યાના દિવસે સ્નાન અને દાનની સાથે પિતૃ પૂજન પણ કરવામાં આવે છે, તેથી આ દિવસે પિતૃઓના આશીર્વાદ પ્રાપ્ત થાય છે અને પિતૃદોષ માંથી મુક્તિ મળે છે. જ્યોતિષશાસ્ત્ર અનુસાર સોમવતી અમાવસ્યાનો દિવસ ગ્રહ દોષ, પિતૃદોષ,નાગદોષ અને કાલસર્પ દોષ વગેરેથી મુક્તિ મેળવવાનો શ્રેષ્ઠ દિવસ છે.ચાલો જાણીએ સોમવતી અમાવસ્યા પર કાલસર્પ દોષથી કેવી રીતે છુટકારો મેળવવો.ધાર્મિક માન્યતા ઓ અનુસાર, શ્રાવણ મહિનાની અમાવસ્યાના દિવસે પવિત્ર નદીમાં સ્નાન કરવું અને ભગવાન શિવની પૂજા કરવી જોઈએ.. ભગવાન શિવની પૂજા કર્યા પછી,વહેતી નદીમાં ચાંદી અથવા તાંબાથી બનેલા નાગ અને નાગિનની જોડીને પ્રવાહિત કરવું અને કાલસર્પ દોષથી મુક્તિ માટે પ્રાર્થના કરવી જોઈએ.એવું માનવામાં આવે છે કે,આમ કરવાથી કુંડળીમાં હાજર કાલ સર્પદોષમાંથી મુક્તિ મળે છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર કાલ સર્પદોષથી મુક્તિ મેળવવા માટે અમાવસ્યાના દિવસે પવિત્ર નદીમાં સ્નાન કરો અને ભગવાન શિવ વિષ્ણુને ગંગાજળથી અભિષેક કરવું જોઈએ.મહિનાની અમાવાસ્યાના દિવસે રાહુ અને કેતુના બીજ મંત્રનો જાપ કરવો જોઈએ.એવું માનવામાં આવે છે કે રાહુ-કેતુના બીજ મંત્રનો જાપ કરવાથી કાલ સર્પ દોષની અસર ઓછી થાય છે. રાહુ-કેતુ બીજ મંત્રનો જાપ કરો, ઓમ રાં રાહવે નમઃ અને ઓમ કે કેતવે નમઃ મનવદી તિથિ હોવાથી આ દિવસે સ્નાન અને દાનનું મહત્ત્વ અનેકગણું વધી જશે.પિતૃઓની તૃપ્તિ માટે પીપળાના વૃક્ષની પૂજા કરવી પીપળાના વૃક્ષમાં પિતૃઓ અને તમામ દેવતાઓનો વાસ છે,તેથી સોમવતી અમાવસ્યાના દિવસે લોકો દૂધમાં પાણી અને કાળા તલ ભેળવીને સવારે પીપળાના ઝાડને અર્પણ કરે છે.તેમને પિતૃ દોષમાંથી મુક્તિ મળે છે.આ પ છી પીપળાના વૃક્ષની પૂજા અને પ્રદક્ષિણા કરવાથી તમામ દેવતાઓ પ્રસન્ન થાય છે.આમ કરવાથી દરેક પ્રકારના પાપ પણ દૂર થાય છે.શાસ્ત્રોમાં કહેવાયું છે કે પીપળાના વૃક્ષની પ્રદક્ષિણા કરવાથી પણ સ્ત્રીઓનું સૌભાગ્ય વધે છે, તેથી શાસ્ત્રોમાં તેને અશ્વ પ્રદક્ષિણા વ્રત પણ કહેવામાં આવે છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત, આજની પૂજા અર્ચના સૌની મનોકામના પૂરી કરે તેવી પ્રાર્થના સહ અસ્તુ.

તે ગોવિંદા અને સુનીતાનું બીજું સંતાન છે

# યશવર્ધન લવ સ્ટોરીથી ડેબ્યુ કરશે

## મેટ ફિલ્મ સ્કૂલમાંથી એક વર્ષનો ફિલ્મ મેકિંગ અને એક્ટિંગ કોર્સ કર્યો છે

ગોવિંદાનો પુત્ર યશવર્ધન આહુજા ટૂંક સમયમાં બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યો છે. આ ફિલ્મ એક લવ સ્ટોરી હશે. યશવર્ધનની સામે એક તાજી ફિમેલ લીડને કાસ્ટ કરવાની ચર્ચા છે, જેની શોધ હજુ ચાલી રહી છે. ટૂંક સમયમાં નામ ફાઈનલ કરવામાં આવશે.બોલીવુડના હીરો નંબર ૧ ગોવિંદા દાયકાઓથી દર્શકોના દિલ પર રાજ કરી રહ્યા છે. અભિનેતાએ પોતાના ડાન્સ અને અભિનયથી બધાના દિલમાં ખાસ જગ્યા બનાવી. હવે ગોવિંદાનો પુત્ર યશવર્ધન આહુજા બહુ જલ્દી બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યો છે. અહેવાલ મુજબ, યશવર્ધન એક લવ સ્ટોરીમાં કામ કરવા જઈ રહ્યો છે જેનું નિર્દેશન એવોર્ડ વિજેતા નિર્દેશક સાઈ રાજેશ કરશે.પ્રોજેક્ટ વિશે વધુ માહિતી આપતા અહેવાલમાં જણાવાયું છે કે, ''આ ફિલ્મ એક ખાસ લવ સ્ટોરી હશે, આ ફિલ્મથી યશવર્ધન આહુજા ડેબ્યૂ કરશે. યશવર્ધને આ રોલ માટે ઓડિશન આપ્યું હતું અને તેની મહેનતના કારણે તેને આ રોલ મળ્યો. આ ફિલ્મ સાઈ રાજેશ દ્વારા નિર્દેશિત કરવામાં આવશે અને મધુ મન્ટેના, અલ્લુ અરવિંદ અને એસકેએન ફિલ્મ્સ દ્વારા નિર્મિત કરવામાં આવશે.ફિમેલ લીડ વિશે વાત કરીએ તો મેકર્સ યશવર્ધનની સામે નવો ચહેરો લાવવા માંગે છે. આ માટે કાસ્ટિંગ ડિરેક્ટર મુકેશ છાબરાને જવાબદારી સોંપવામાં આવી છે. મુકેશ છાબરાને ૧૪ હજારથી વધુ ઓડિશન ક્લિપ્સ મળી છે. એક્ટ્રેસ લીડ અંગે ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. ફિલ્મનું શૂટિંગ વર્ષ ૨૦૨૫ના પહેલા ૬ મહિનામાં શરૂ થશે.યશવર્ધન આહુજાનો જન્મ ૧ માર્ચ ૧૯૯૭ના રોજ મુંબઈમાં થયો હતો. તે ગોવિંદા અને સુનીતાનું બીજું સંતાન છે. યશવર્ધનને ટીના આહુજા નામની મોટી બહેન છે. તેણે કિક ૨, ઢીશૂમ અને તડપ જેવી ફિલ્મોમાં નિર્માતા સાજિદ નડિયાદવાલા સાથે સહાયક નિર્દેશક તરીકે કામ કર્યું છે. યશવર્ધને લંડનની મેટ ફિલ્મ સ્કૂલમાંથી એક વર્ષનો ફિલ્મ મેકિંગ અને એક્ટિંગ કોર્સ કર્યો છે. હાલમાં તેની બોલિવૂડમાં એન્ટ્રીને લઈને ફેન્સ ખૂબ જ ઉત્સાહિત છે. હવે જોવાનું એ રહે છે કે તે તેના પિતા જેવું સ્થાન બનાવી શકશે કે નહીં?



# કેટરિનાને વાળની માવજત માટે સાસુએ બનાવેલા તેલ પર ભરોસો

કેટરિનાના કાળા સુંદર વાળનું શ્રેય તેના સાસુ અને વિક્કી કૌશલના માતા વીણા કૌશલને જાય છે. તાજેતરમાં કેટરિનાએ આ અંગે એક ઈન્ટરવ્યૂમાં વાત કરી હતી. કેટરિના છેલ્લા ૨૦ વર્ષથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહી છે અને તેણે પોતાની મહેનતના જોરે પોતાનું સ્થાન બનાવ્યું છે. તેને ઈન્ડસ્ટ્રીમાં જેટલો પ્રેમ મળી રહ્યો છે એટલો જ પ્રેમ વિક્કીના પરિવાર તરફથી પણ મળી રહ્યો છે. તે ઘરમાં બધાં પ્રેમથી કિટ્ટો કહીને બોલાવે છે. ૨૦૧૯માં કેટરિનાએ પોતાની કોસ્મેટિકર બ્રાન્ડ પણ શરૂ કરી છે અને તેથી ઘણા લોકો એવું માનતા હશે કે તે પોતે પણ આ પ્રકારના કોસ્મેટિકના ઉપયોગથી સુંદર દેખાય છે. આ વાત અમુક અંશે સાચી પણ હશે. પરંતુ તેના સુંદર કાળા વાળનું શ્રેય કેટરિના તેના સાસુ વીણા કૌશલને આપે છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં કેટરિનાએ કહ્યું કે તેને બહાર ન જવાનું હોય અને ઘરમાં જ હોય તો એ મેકઅપ લગાવતી નથી. જો બહાર જવાનું થાય તો પણ તેને હળવો અને ઓછો મેક અપ કરવો જ ગમે છે. જ્યારે તેના વાળનું ધ્યાન તેના સાસુ રાખે છે. કેટરિનાએ ઈન્ટરવ્યૂમાં કહ્યું, ''મને મારી ત્વચાની કાળજી રાખવી બહુ ગમે છે, કારણ કે મારી ત્વચા બહુ જ સંવેદનશીલ છે. મને રોજની કાળજી રાખવામાં મજા આવે છે. જમેકે મને ગ્વા શા ગમે છે, મને ખબર છે હું મોડી છું થોડી પણ મેં હમણા જ એનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે અને મને એ બહુ ગમે છે. મારા સાસુ મારા માટે ઘરે ડુંગળી, આમળા, એવોકાડો અને બીજી બે-ત્રણ વસ્તુઓ નાખીને એક તેલ બનાવે છે. ઘરે કરેલા ઉપચાર સૌથી સારી અસર કરે છે.''જ્યારે આ ઈન્ટરવ્યૂમાં પોતાના અને વિક્કીના સંબંધો વિશે વાત કરતા કેટરિનાએ કહ્યું કે વિક્કી બહુ જ સમજદાર છે અને મને અનુકૂળ થવાના ઘણા પ્રયત્નો કરે છે.



પ્રોડ્યુસર કનિકા ધિલ્લોંની ચોથી ફિલ્મમાં તાપસી

# અભિનેત્રી તાપસી પન્નુએ 'ગાંધારી' માટે શૂટ શરૂ કર્યું

તાપસી પન્નુની આ વર્ષે બે ફિલ્મો આવી, 'ફિર આયી હસીન દિલરૂબા' અને બીજી 'ખેલ ખેલ મેં'. આ બંને ફિલ્મોમાં તાપસી અલગ અલગ રોલમાં જોવા મળી. પરંતુ આજે પણ લોકો તેના 'નામ શબાના' અને 'બૅબી'ની એક્શન રોલને યાદ કરે છે. ત્યારે હવે તાપસી ફરી એક વખત એક્શન મોડમાં જોવા મળશે. તાપસીએ તેની આગામી ફિલ્મ 'ગાંધારી' માટે કામ શરૂ કરી દીધું છે. આ એક્શન થ્રિલર ફિલ્મ દેવાશિષ મખીજા દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે અને કનિકા ધિલ્લોં દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે. તાપસીએ પોતાના સોશિયલ મીડિયા પર સેટ પરથી પોતાની તસવીરો શેર કરી હતી. તેની સાથે એક લાંબી કૅપ્શન લખી હતી. તેણે લખ્યું,''પ્યારા ઈશ્વર, મારી એક વિનંતિ સ્વીકારો જેથી હું ક્યારેય સારા કામ કરવાથી ડગું નહીં. એ, કે હું જ્યારે યુદ્ધમાં ઊતરું ત્યારે મને દુશ્મનથી ડર ન લાગે અને દૃઢનિશ્ચયથી મારી જીત થાય.''તાપસીએ આગળ લખ્યું,''એ, કે હું મારા મનને માત્ર તમારા વખાણ ગાતા શીખવું. અને જ્યારે સમય આવે, હું વીરતાથી લડતાં લડતાં યુદ્ધભૂમિ પર જ મૃત્યુ પામું. ભલે યુદ્ધ થઈ જાય! ગાંધારી.'' તાપસીએ શેર કરેલી તસવીરમાં તેનો ચહેરો છૂપાયેલો છે અને તે કૅમેરા સામે પાછળ ફરીને પોઝ આપે છે. તેણે કોઈ ગામડાંની છોકરી જેવાં કપડાં પહેર્યાં છે, તેની સાથે કનિકા અને દેવાશિષ ઊભેલા દેખાય છે.કનિકાએ તાપસીની હસીન દિલરૂબાની બંને ફિલ્મો પણ પ્રોડ્યુસ કરી હતી. આ પહેલાં તેની અને અભિષેક બચ્ચનની 'મનમર્ઝિયાં' પણ કનિકાએ જ પ્રોડ્યુસ કરી હતી. હવે તેની 'ગાંધારી' ૨૦૨૫માં રિલીઝ થશે.



માસ્ટર બ્લાસ્ટર તેંડુલકરની પુત્રી

# સોશિયલ મીડિયા પર સારા તેંડુલકરનાં લુકથી મચી ધૂમ

માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરની પુત્રી સારા તેંડુલકર આ દિવસોમાં ઓસ્ટ્રેલિયામાં પોતાનો સમય વિતાવી રહી છે અને તાજેતરમાં જ તેનો સાઈકલ સવારીનો લુક સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો છે. તેના ઓલ-વ્હાઈટ લુકએ દરેકનું દિલ જીતી લીધું હતું. સારાએ આ લુકમાં સાદગી અને ગ્લેમરનો સમન્વય કર્યો જેને કોઈપણ બધાને ચોંકી ઉઠયા હતા.હાલ સારા ઓસ્ટ્રેલિયા પહોંચી છે અને સાઈકલ રાઈડ પર નીકળી હતી. આ દરમિયાન સારાએ એક ટોપ પહેર્યું હતું. આ ડિઝાઈન બોલ્ડ સ્ટાઈલમાં જોવા મળી હતી. આ ટોપ, જે સામાન્ય કરતા અલગ હતું, તેના લુકમાં ચાર ચાંદ લગાવી દીધા હતા. આ ટોપ સ્ટાઈલિશ તો હતું જ પણ સાથે જ તેની પર્સનાલિટીને નિખારતું હતું. સારાએ ગોલ્ડન હૂપ ઈયરિંગ્સ સાથે તેના લુકને સ્ટાઈલ કર્યો હતો અને સાથે જ તેણે ડાર્ક ચશ્મા પહેર્યા હતા. જેને ક્યારેક તેણે તેના પોતાની આંખો પર લગાવ્યા હતા તો ક્યારેક તેણે તેને પોતાના વાળમાં લગાવીને સ્ટાઈલ કરી. આ સમયે તેણે હાફ બન બનાવીને તેના વાળ ખુલ્લા રાખ્યા હતા અને એકદમ નેચરલ મેકઅપ કર્યો હતો.



# અભિનેતાના ટ્રાન્સફોર્મેશન જોઈને ચાહકોએ ચોંકી ઉઠ્યા

## રામ કપૂર છેલ્લી વખત બોલિવુડ ફિલ્મ યુધરામાં જોવા મળ્યો હતો, આ ફિલ્મમાં તેમણે રહમાન સિદ્દિકીનો રોલ નિભાવ્યો હતો

'બડે અચ્છે લગતે હૈ'ના એક્ટર રામ કપૂરે ૪૨ કિલો વજન ઘટાડ્યું, અભિનેતાનું ટ્રાન્સફોર્મેશન જોઈને ચાહકો આશ્ચર્યચકિત થઈ ગયા. 'બડે અચ્છે લગતે હૈ' એક્ટર રામ કપૂર એક્ટિંગની સાથે સોશિયલ મીડિયા પર પણ ખૂબ એક્ટિવ રહે છે.'બડે અચ્છે લગતે હૈ'ના એક્ટર રામ કપૂર ઈન્ડસ્ટ્રીનો જાણીતો અભિનેતા છે. ટીવી શો બડે અચ્છે લગતે હૈથી રામ કપૂરે ચાહકોના દિલમાં ખાસ સ્થાન બનાવ્યું હતુ. રામ કપુર હાલમાં પોતાના ટ્રાન્સફોર્મેશનને લઈ ખુબ જ ચર્ચામાં છે. તેનો એક વીડિયો અને કેટલાક ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. જેમાં અભિનેતાનું ટ્રાન્સફોર્મેશન જોઈ ચાહકો ચોંકી ગયા છે. આ વીડિયોમાં રામ કપૂરને ઓળખવો ચાહકો માટે મુશ્કિલ બની ગયું હતુ. સોશિયલ મીડિયા પર દરેક લોકો અભિનેતાના ટ્રાન્સફોર્મેશનના વખાણ કરી રહ્યા છે. જો આપણે રામ કપૂરના વર્કફ્રન્ટની વાત કરીએ તો તેમણે નાના પડદાંથી લઈ મોટા પડદા સુધી કામ કર્યું છે. બડે અચ્છે લગતે હે સિવાય રામ કપૂર અનેક ટીવી શોમાં પણ જોવા મળી ચૂક્યો છે. ફિલ્મોની વાત કરીએ તો રામ કપૂર સ્ટુડન્ટ ઓફ ધ યર, હમશકલ, કાર્તિક કોલિંગ કાર્તિક, એક મે ઔર એક તુમાં પણ જોવા મળી ચૂક્યો છે. રામ કપૂર છેલ્લી વખત બોલિવુડ ફિલ્મ યુધરામાં જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં તેમણે રહમાન સિદ્દિકીનો રોલ નિભાવ્યો હતો.રામ કપૂર કસમ સે ટીવી સિરીયલમાં પણ ખુબ ચર્ચામાં રહ્યો હતો. ચાહકોને રામ કપૂરની એક્ટિંગ ખુબ જ પસંદ છે. અભિનેતા સોશિયલ મીડિયા પર પણ ખુબ એક્ટિવ રહે છે.





આ સિરીઝના આખરી ભાગનું શૂટિંગ ડિસેમ્બરમાં પૂરું થઈ જશે

# 'ધ ફેમિલી મેન 3'નું દિવાળી પર આગમન થશેઃ મનોજ બાજપાઈ

મનોજ બાજપાઈની ફિલ્મો અને સિરીઝ એક પછી એક વિવિધ ઓટીટી પ્લેટફર્મ પર આવતા જ રહે છે, પરંતુ 'ધ ફેમિલી મેન'તેની સૌથી વધુ લોકપ્રિય થયેલી અને જેની આગામી સીઝનની સૌથી વધુ રાહ જોવાય છે, તેવી સિરીઝ છે. તાજેતરમાં મનોજ બાજપાઈએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે આ સિરીઝના આખરી ભાગનું શૂટિંગ ડિસેમ્બરમાં પૂરું થઈ જશે. ત્યાર બાદ ટીમને પોસ્ટ પ્રોડક્શનમાં ૯થી ૧૨ મહિનાનો સમય લાગશે. મનોજ બાજપાઈના જણાવ્યા અનુસાર, 'ધ ફેમિલી મેન ૩' દિવાળી ૨૦૨૫ની આસપાસ રિલીઝ થશે. તાજેતરના ઈન્ટરવ્યૂમાં મનોજ બાજપાઈને પૂછવામાં આવ્યું કે આ સિરીઝ લગભગ ક્યારે આવશે, જેના જવાબમાં આ શોમાં લીડ રોલ કરતાં મનોજ બાજપાઈએ કહ્યું કે પ્રોડક્શનનું કામ લગભગ ડિસેમ્બર ૨૦૨૪માં પૂરું થઈ જશે એવું લાગે છે. ત્યાર બાદ અલગ અલગ ભાષામાં ડબિંગ, સબટાઈટલ્સ તૈયાર કરવામાં અને વર્લ્ડવાઈડ માર્કેટિંગ સ્ટ્રેટેજી તૈયાર કરવામાં ૯ થી ૧૨ મહિના જેટલો સમય લાગે છે. મનોજ બાજપાઈએ કહ્યું,''એક લાંબો લસ સમય લાગે છે, મને લાગે છે આવતી દિવાળી સુધીમાં આવી જવી જોઈએ.'' આગળ તેમણે કહ્યું, કે એડિટ થયા પછી નક્કી થશે કે આ સીઝનમાં કેટલા એપિસોડ હશે. પરંતુ ટીમ બહુ ઝડપથી એના માટે કામ કરી રહ્યા છે. એમેઝોન દ્વારા મે ૨૦૨૪માં આ સીઝનની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે મનોજ બાજપાઈએ કહ્યું કે આ વખતની સ્ટોરી પહેલાં કરતાં વધુ જટિલ અને મોટી હશે. આગળ તેણે કહ્યું, આ વખતે શ્રીકાંત તિવારીને વધુ કપરા પડકારોનો સામનો કરવો પડશે, જેમાં તેણે પોતાની જાતને બચાવવા માટે ઘણી અંગત અને પ્રોફેશનલ સમસ્યાઓનો સામનો કરવો પડશે.




રિલીઝ થયું 'સૂબેદાર'નું ટીઝર

# ૬૮ વર્ષની ઉંમરે એક્શન માટે તૈયાર અનિલ કપૂર

## અનિલ કપૂર બોલિવૂડના સદાબહાર સ્ટાર્સમાંથી એક છે, એવુ લાગે છે કે, સમયની સાથે અનિલ યુવાન બની રહ્યો છે



અનિલ કપૂર બોલિવૂડના સદાબહાર સ્ટાર્સમાંથી એક છે. એવુ લાગે છે કે, સમયની સાથે અનિલ યુવાન બની રહ્યો છે. તેની ફિટનેસ અને લુકને કારણે અનિલ કપૂર ૬૮ વર્ષનો છે, તે વાત પર વિશ્વાસ કરવો મુશ્કેલ છે. હા, આજે ૨૪મી ડિસેમ્બરે અનિલ કપૂર પોતાનો ૬૮મો જન્મદિવસ ઉજવી રહ્યો છે. અને હવે ૬૮ વર્ષની ઉંમરે અનિલ એક્શન કરવા માટે તૈયાર છે. તેમના જન્મદિવસ પ્રસંગે તેમની નવી ફિલ્મ 'સુબેદાર'નું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું છે.ફિલ્મ 'સુબેદાર'ના ટીઝરમાં અનિલ કપૂર ઈન્ટીન્સ લુકમાં જોવા મળી શકે છે. ટીઝરની શરૂઆત લોકો તેના ઘરનો દરવાજો ખખડાવતા સાથે થાય છે. સુબેદાર બનેલા અનિલ કપૂરના ઘરની બહાર લોકોની ભીડ છે. તેમનો અવાજ સાંભળીને એવું લાગે છે કે, તેઓ બધા ગુંડા છે અને કંઈક બદલો લેવા આવ્યા છે. ઘરનો દરવાજો જોર જોરથી ખટખટાવવામાં આવી રહ્યો છે. દરવાજો તોડવાની પણ કોશિશ થઈ રહી છે. તેમ છતાં તે દરવાજો આ ખુલતો નથી.સુબેદારે અંદર પોતાની ખુરશી ખસેડી દરવાજાની સામે લાવે છે. તેમનો ઉદ્દેશ્ય ખુરશીને દરવાજાની સામે લગાવીને રોકવાનો નથી. તે લંબાવીને દરવાજાની સામેની ખુરશી પર બેસી ગયો. અનેક અવાજો તેને બહારથી બોલાવી રહ્યા છે. કોઈ કહે છે, 'જરૂર બેઠો છે', કોઈ કહે છે, 'સુબેદાર બહાર આવો', કોઈ કહે છે, 'અરે સૈનિક, હું મોટો હીરો બની રહ્યો હતો'... તો એક વ્યક્તિ બૂમ પાડે છે, 'ઓ કાકા... 'બધાના ટોણા સાંભળ્યા પછી, આપણો હીરો સુબેદાર તેની તરફ બંદૂક તાકીને દરવાજાની સામે તાકીને બેઠો છે. તેમનો ઉદ્દેશ્ય સ્પષ્ટ છે, જે પણ દરવાજામાંથી આવશે તેને મારી નાખવામાં આવશે. અનિલ કપૂરની નવી ફિલ્મ 'સુબેદાર'નું આ ટીઝર વાયરલ થયું છે. વીડિયો જોઈને ચાહકોનું દિલ ખુશ થઈ ગયું છે. યૂઝર્સ અનિલ કપૂરને જન્મદિવસની શુભેચ્છા પાઠવી રહ્યા છે. જ્યારે કેટલાક ટીઝરના વખાણ કરી રહ્યા છે અને તેને પાવરફુલ ગણાવી રહ્યા છે. અનિલ કપૂરની સરખામણી 'મિર્ઝાપુર'ના કાલીન ભૈયા સાથે કરવામાં આવી રહી છે. કેટલાક યૂઝર્સ એવા છે જેઓ ફિલ્મ 'એનિમલ'ના અનિલ કપૂરના પાત્ર બલબીર સિંહને યાદ કરી રહ્યા છે.ફિલ્મ 'સુબેદાર'ની વાત કરીએ તો તે ટૂંક સમયમાં એમેઝોન પ્રાઈમ વીડિયો પર રિલીઝ કરવામાં આવશે. તેને ડાયરેક્ટર સુરેશ ત્રિવેણીએ બનાવ્યું છે. તેના નિર્માતા વિક્રમ મલ્હોત્રા સાથે સુરેશ ત્રિવેણી અને અનિલ કપૂર છે.

અંગત સ્વાર્થ અને લોભ | ફિલ્મ 'અગલી'ની વાર્તા ૧૦ વર્ષની બાળકીના અપહરણની આસપાસ ફરે છે

# મિસ્ટ્રી થ્રિલર 'અગલી'નું ક્લાયમેક્સ ધ્રુજાવી દેશે

જો મિસ્ટ્રી થ્રિલર જોવાના શોખીન હો , તો એક શાનદાર ફિલ્મ ઓટીટી પર આવી રહી છે . ફિલ્મની વાર્તા અપહરણથી શરૂ થાય છે અને પછી જબરદસ્ત વળાંક અને ટ્વિસ્ટ જોવા મળે છે. જેનો ક્લાઈમેક્સ જોઈને તમારા હોશ ઉડી જશે.એકવાર જોવાનું શરૂ કરો, પછી અંત સુધી ઉભા થવાનું મન થશે નહીં. એક છોકરીના અપહરણ બાદ ફિલ્મની વાર્તામાં ભારે વળાંક આવે છે. આ ફિલ્મનું નામ 'અગ્લી' છે.'અગલી' અત્યાર સુધીની શ્રેષ્ઠ મિસ્ટ્રી થ્રિલર ફિલ્મોમાંની એક છે. આમાં રાહુલ ભટ્ટ, રોનિત રોય, વિનીત કુમાર સિંહ અને સિદ્ધાંત કપૂર જેવા સ્ટાર્સે મહત્વની ભૂમિકા ભજવી છે. તેની વાર્તા અને ક્લાઈમેક્સ તમારા મગજના તારને ખેંચી લેશે. આ ફિલ્મ વર્ષ ૨૦૧૪માં રિલીઝ થઈ હતી.ફિલ્મ 'અગલી'ની વાર્તા ૧૦ વર્ષની બાળકીના અપહરણની આસપાસ ફરે છે. આમાં રાહુલ ભટ્ટ એક સંઘર્ષશીલ અભિનેતા (રાહુલ કપૂર)નું પાત્ર ભજવે છે, જે એક દિવસ તેની પુત્રી સાથે ફરવા જાય છે. પરંતુ આ દરમિયાન તે આ બાબતે તેના મિત્રનો સંપર્ક કરે છે.રાહુલ તેની પુત્રીને કારમાં બેસાડે છે અને તેના મિત્રને મળવા જાય છે, પરંતુ જ્યારે તે પાછો ફરે છે ત્યારે તેને તેની પુત્રી કારમાં મળતી નથી અને તેની આખી જીંદગી બદલી જાય છે. જે બાદ પોલીસ આ કેસમાં તપાસ શરૂ કરે છે. ફિલ્મની રોમાંચક વાર્તા અહીંથી શરૂ થાય છે.આ ફિલ્મની વાર્તાને પડદા પર શાનદાર રીતે રજૂ કરવામાં આવી છે. ૧ કલાક ૫૧ મિનિટની ફિલ્મ 'અગલી' તમને અંત સુધી મગ્ન રાખશે. 'ઉગલી' ફિલ્મમાં દર્શાવવામાં આવ્યું છે કે વ્યક્તિ પોતાના અંગત સ્વાર્થ અને લોભને કારણે કેટલો નીચો પડી જાય છે.






# જીવનમાં સકારાત્મક પિછડાવવાની શક્યતા

## સફળતાના માર્ગમાં થતી અટકળો અને તેમાંથી કેવી રીતે પાર પડી શકાય?"

જીવન એ એક યાત્રા છે, જેમાં અનેક ઉતાર-ચઢાવ આવે છે. દરેક માણસે એક સમયે પીડા, નિરાશા, અને પડકારોનો સામનો કર્યો હોય છે. પરંતુ, આ બધાં ખોટા નથી, કારણ કે આ અવસ્થા ને આત્મવિશ્વાસ અને સકારાત્મક દૃષ્ટિકોણથી જોવામાં મદદ કરી શકે છે. સકારાત્મક પિછડાવ, જેનો અર્થ છે જીવનમાં આવતા સમયે થતી અટકળો અને અવરોધો, એ કુદરતી છે, પરંતુ આ અવરોધોને કેવી રીતે પહોંચી જવું અને સફળતા તરફ આગળ વધવું એ પરિસ્થિતિઓ પર નિર્ભર છે. સકારાત્મક પિછડાવ એ તે સમયે થાય છે, જ્યારે તમે તમારા લક્ષ્ય અથવા મકસદને પૂર્ણ કરવા માટે થોડા મુશ્કેલીઓનો સામનો કરશો. આ સકારાત્મક પિછડાવ એ રીતે જોયા જાય છે કે તે તમારા મનની મજબૂતી અને તમારી શ્રમના પરિણામ તરીકે થાય છે. ઉદાહરણ તરીકે, જ્યારે તમે વિદ્યાર્થીઓ માટે પરીક્ષામાં થતી ટર્નિંગ પોઈન્ટ કે પડકારોને સરખાવવાનું શરૂ કરો છો, ત્યારે તે માત્ર પડકાર તરીકે માનવામાં આવે છે, પરંતુ એનો સકારાત્મક અભિગમ એવો છે કે તે તમને વધુ પ્રેરણા અને આત્મવિશ્વાસ આપે છે. અવિશ્વાસ અને સંશય: જીવનના મહત્વપૂર્ણ ચરણોમાં, જેમ કે નવી નોકરી, પરીક્ષાની તૈયારી, કે કોઈ નવા પ્રોજેક્ટને હાથ ધરતી વખતે અવિશ્વાસ અને સંશય અનુભવવો એ સ્વાભાવિક છે. આ સ્થિતિએ, વ્યક્તિ પોતાની ક્ષમતાને લઈને સંશય કરી શકે છે. લક્ષ્ય પર અધૂરા પ્રયાસ: ઘણા લોકો પોતાના લક્ષ્ય માટે શ્રમ અને સમય આપે છે, પરંતુ મોટા પાયે સફળતા પ્રાપ્ત ન થાય ત્યારે મનમાં નકારાત્મકતા થઈ શકે છે. આ ભૂલો એ જીવનમાં સકારાત્મક પિછડાવના કારણ બની શકે છે. આર્થિક અથવા વ્યક્તિગત સમસ્યાઓ: અનેકવાર પાત્રતા, તાલીમ અને શ્રમ હોવા છતાં, જીવનમાં લોકો આર્થિક અથવા વ્યાવસાયિક પડકારોનો સામનો કરે છે, જે તેમને કેટલાક પિછડાવ અથવા અટકળો તરફ દોરી જાય છે. વિદ્યાર્થીઓ માટે, પરીક્ષામાં આવી રહેલા પડકારો, અભ્યાસના ગૂંચવણો, અને આદર્શ પરિસ્થિતિઓ પર તેમના વિચારો ઘણા વખત નકારાત્મક બની શકે છે. પરંતુ, આ બધાને એ ઉકેલી શકે છે: આંતરિક શ્રમ અને વિશ્વસ: પરીક્ષાની તૈયારી વખતે, વિદ્યાર્થીઓ માટે શાંતિ અને મનોવિશ્વાસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. કોઈ પણ પ્રકારનો પિછડાવ, જેમ કે નોકરી માટે સારા ગુણ અને ગુણવત્તાવાળી પરીક્ષા, તે માત્ર મૌલિક શ્રમ અને મહેનતથી પરિપૂર્ણ થાય છે. લક્ષ્ય પર કેન્દ્રિત રહેવું: તેમના સપનાને ધ્યાનમાં રાખીને, વિદ્યાર્થીઓને મુશ્કેલ સમયમાં પણ આગળ વધવાની શ્રેષ્ઠ રીતે પ્રક્રિયા કરવા માટે સકારાત્મક રહેવું જોઈએ.

# માનસિક તણાવ અને તેમાંથી બચવા માટેના સરળ ઉપાય

## માનસિક તણાવ એ એ સ્ટ્રેસ છે, જ્યારે માણસ પોતાના વિચારો, લાગણીઓ, અને નાની અને મોટી પરિસ્થિતિઓના વિવાદમાં મૂંઝાઈ જાય છે



માનસિક તણાવ એ આજકાલની જીવનશૈલીનો એક સામાન્ય ભાગ બની ગયો છે. જીવનની ઝડપ, નિષ્ફળતાઓ, અભિપ્રાયની તીવ્રતા અને પ્રતિકૂળ પરિસ્થિતિઓ માનસિક તણાવના મુખ્ય કારણો છે. હવે, મોટું પ્રશ્ન એ છે કે માનસિક તણાવને ઓળખી કેવી રીતે આથી બચી શકાય? તમારા મન, શરીર અને આત્માને આરામ અને શાંતિ આપવી એ સૌથી મહત્વપૂર્ણ છે. સામાન્ય રીતે, બધા લોકો પોતાની કોર્ટમાં કાર્ય, પરીક્ષા, સામાજિક સંબંધો અને દૈનિક જીવનની જુદી-જુદી પરિસ્થિતિઓથી થતું તણાવ અનુભવે છે. પરંતુ, જો તમે સાચા ઉપાયોથી આ તણાવથી મુકિત મેળવો તો તમારા જીવનની ગુણવત્તા વધારે સારી બની શકે છે. માનસિક તણાવ એ એ સ્ટ્રેસ છે, જ્યારે માણસ પોતાના વિચારો, લાગણીઓ, અને નાની-મોટી પરિસ્થિતિઓના વિવાદમાં મૂંઝાઈ જાય છે. આ તણાવથી, વ્યક્તિએ નિરાશા, ચિંતાની લાગણીઓ, અથવા એડજસ્ટમેન્ટની મુશ્કેલીઓ અનુભવવી શરુ કરી શકે છે. તે અમુક વાર શરીરીક રીતે પણ પ્રગટ થઈ શકે છે, જેમ કે ટાંગોમાં દુખાવો, માથાનો દુખાવો, આંસુ આવવા જેવી શારીરિક લક્ષણો. માનસિક તણાવના મુખ્ય કારણો: કાર્યમાં પ્રેશર: ઓફિસના કામનો દબાણ, પ્રોજેક્ટની ડેડલાઈન, અથવા નોકરી ગુમાવવાનો ડર. શિક્ષણ સંકટ: વિદ્યાર્થીઓ માટે પરીક્ષાની તૈયારી, શૈક્ષણિક દબાણ અને ભવિષ્યના પ્રશ્નો. સમાજી દબાણ અને અપેક્ષાઓ: પરિવાર, મિત્રો, અને સમાજની અપેક્ષાઓ જે વધુ હેતુ આપે છે. આર્થિક સમસ્યાઓ: પૈસાની તંગી, બાકી ચુકવણી અથવા કટોકટી. વ્યક્તિગત સંબંધો: પ્રેમમાં સમસ્યાઓ, પરિવારિક દશાઓ અથવા મિત્રોના સાથે મતભેદ. માનસિક તણાવના પ્રભાવ: આંતરિક શાંતિનું અભાવ: માનસિક તણાવ લોકોની અંદર શાંતિ અને સંતુલનનો અભાવ ખરો કરે છે. શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર અસરો: સતત તણાવ વ્યક્તિના સ્વાસ્થ્ય પર વધુ નુકસાન પહોંચાડી શકે છે. ઉદાહરણ તરીકે, ઉછાળાનો અનુભવ, ઊંઘ ન આવવી, માથાનો દુખાવો વગેરે. સામાજિક અને વ્યાવસાયિક જીવન પર અસર: માનસિક તણાવ તમારા વ્યક્તિત્વ અને તમારા સામાજિક અને વ્યાવસાયિક સંબંધો પર ખરાબ અસર કરી શકે છે.

## આજના ઝડપી જીવનમાં દરેકને સફળતા અને શાંતિની તલાશ છે

# શાંતિ અને સફળતા: મનની શાંતિ માટેના સરળ પગલાં



### આપણે ક્યારેક વિચારતા હોઈએ છીએ કે સફળતા માત્ર ઘરની બહાર કે ધન, પ્રતિષ્ઠા અને માન-સન્માનમાં જ છે



આજના ઝડપી જીવનમાં દરેકને સફળતા અને શાંતિની તલાશ છે. આપણે ક્યારેક વિચારતા હોઈએ છીએ કે સફળતા માત્ર ઘરની બહાર કે ધન, પ્રતિષ્ઠા અને માન-સન્માનમાં જ છે, પરંતુ સાચી સફળતા તત્કાળીમાં અને મનની શાંતિમાં રહેલી છે. જો મનની શાંતિ હોય, તો આપણે જીવનના તમામ અવઘટનોથી પાર થઈને સાચી સફળતા પ્રાપ્ત કરી શકીએ છીએ. શાંતિ એ માત્ર શબ્દ નહીં, પરંતુ આપણા જીવનનો આધાર છે. જ્યારે મન શાંતિથી ભરેલું હોય છે, ત્યારે શરીર પણ આરામદાયક અને આરોગ્યમંદ રહે છે. અનેક વૈજ્ઞાનિક અભ્યાસોએ એ સાબિત કર્યું છે કે જે વ્યક્તિના મનમાં શાંતિ છે, તે જીવનમાં તણાવને વધુ સારી રીતે સંભાળી શકે છે અને મુશ્કેલીઓનો સામનો સારી રીતે કરે છે. ધ્યાન અને ધ્યાનનો અભ્યાસ: નિયમિત રીતે ધ્યાન અથવા પ્રાણાયામ કરવાથી મનને શાંતિ મળી શકે છે. આ મનની ગરમી અને વ્યસ્તતામાં શાંતિનું અનુભવ કરાવવાની એક શક્તિશાળી રીત છે. ધૈર્ય અને સકારાત્મક વિચારધારા: જીવનમાં પડકારો અને મુશ્કેલીઓનો સામનો કરતી વખતે ઘટવાની જગ્યાએ, દરેક પરિસ્થિતિમાં ધૈર્ય રાખવું અને સકારાત્મક રીતે વિચારવું જરૂરી છે. નકારાત્મક વિચારો તમારા મનને અશાંતિમાં ફેંકી નાખે છે. વિશ્રામ અને ઊંઘ: આરામ અને સંપૂર્ણ ઊંઘનું અભાવ વ્યક્તિના મનને પરેશાન કરી શકે છે. સારી ઊંઘ વ્યક્તિની માનસિક સ્થિતિને મજબૂત કરે છે. માણસોના જીવનમાં સમય શ્રેષ્ઠ અને મલકી વસ્તુ છે. જો તમે સમયનો યોગ્ય ઉપયોગ કરો છો, તો તમારા જીવનમાં શાંતિ અને સંતોષ જળવાઈ શકે છે. અહીં કેટલાક ટિપ્સ છે: પ્રાથમિકતાઓ નિર્ધારણ કરો: તમારો દિવસ શરૂ કરતા પહેલા, એ સમય માટે એક કાર્યયોજના બનાવો. તમને સૌથી મહત્વપૂર્ણ કામો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. વિશ્વસનીયતા: તમે જે કાર્ય કરો છો, તેમાં તમારી સંપૂર્ણ અને વિશ્વસનીયતા દાખવો. આ કાર્યના દરેક દિશામાં સફળતા લાવે છે. ઘણા લોકો દિવસરાત્રિ કામ કરીને પોતાની આસપાસના લોકો અને જીવનમાં સંતોષનો અભાવ અનુભવે છે. પણ, ખરેખર સાચો સંતોષ એ છે, જે તમે તમારા કાર્યમાં લાવ્યા છે. જેમ તમે તમારા મન અને આત્માને સંતોષ મેળવતા જોઈ રહ્યા છો, તે સાચી સફળતા છે. વ્યાયામ: નિયમિત રીતે કસરત કરવાથી શરીર અને મન બંને સ્વસ્થ રહે છે. આ સુખી અને આરોગ્યમંદ જીવન માટે મહત્વપૂર્ણ છે. સંપૂર્ણ આહાર: સારા અને પોષણપ્રદ ખોરાકનું સેવન તમારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે અનિવાર્ય છે. હાસ્ય અને મૌજ મસ્તી: જીવનમાં હાસ્ય અને મૌજ મસ્તી મહત્વપૂર્ણ છે. નમ્રતા અને ખુશી જીવનમાં શાંતિ માટે જરૂરી છે. શ્રેષ્ઠતા માટે સતત શીખવું અને વિકાસ કરવો એ ખૂબ મહત્વપૂર્ણ છે. સફળતા એ માત્ર પ્રાપ્તિ નથી, પણ માનસિક શાંતિ માટે સતત પ્રયાસ અને આત્મવિશ્વાસ જ ધરાવવી છે. એ વાત નક્કી છે કે આપણા મનોવિકાસ માટે યોગ્ય મિત્રો અને મજબૂત સંબંધો મહત્વપૂર્ણ છે. જ્યારે તમે એવા લોકો સાથે સંબંધ બાંધો છો, જેમણે તમારી વ્યકિતગત વૃદ્ધિ અને વિકાસ માટે સમર્પિત છે, ત્યારે તે જીવનમાં એક નવી શક્તિ લાવવી છે. ઈશ્વન પર વિશ્વાસ અને દયાળુ અને નમ્ર રહેવું એ દરેક માટે સફળતા અને શાંતિ માટે જરૂરી છે. ચિંતાઓ, શંકાઓ અને નકારાત્મકતા દૂર રાખી, માનવતાવાદી દૃષ્ટિથી આગળ વધવું જીવનમાં શ્રેષ્ઠ પરિણામો આપે છે. જીવનમાં સાચી સફળતા એ ખાલી આર્થિક બાબતો કે બાહ્ય આકર્ષણો પર આધાર રાખતી નથી. સાચી સફળતા એ આંતરિક શાંતિથી આવે છે, અને આથી તમે હંમેશા સકારાત્મક રીતે આગળ વધો છો. ઘરના વાતાવરણ, તમારા વિચારો, અને તમારું વર્તન એકંદરે તમારી આંતરિક શાંતિ અને સંપૂર્ણતાને પરિપૂર્ણ કરે છે. દરેક વ્યક્તિએ પોતાના મનને શાંતિના માર્ગ પર લઈ જવું જોઈએ, અને તે પછી સફળતા આપમેળે પહોંચે છે.

# આદર અને કિસ્મત: જીવનમાં આદરના ગુણ અને તેમના પ્રભાવ

## વિદ્યાર્થીઓ માટે આદર એટલું મહત્વપૂર્ણ છે કે આદરથી સમાજમાં સકારાત્મક પ્રતિસાદ મળે છે



આદર એ એવું ગુણ છે જે કોઈપણ સમાજ, સંસ્કૃતિ અને પરિસ્થિતિમાં વ્યક્તિને બીજા લોકો અને પોતાના માટે શ્રેષ્ઠતા તરફ દોરી જાય છે. આદર માત્ર અન્ય લોકોના આદર માટે જરૂરી નથી, પરંતુ આદરની લાગણી તમારી જાતના માટે પણ હોવી જોઈએ. જીવનમાં આદર અને કિસ્મત વચ્ચેનું અનુસંધાન મહત્વપૂર્ણ છે. જ્યારે તમે ખૂણાને પોસો છો અને પોતાની શ્રેષ્ઠતા અને શ્રમને આદરથી જ જાણો છો, ત્યારે તમને જીવનમાં ખૂણાનો સારો અનુભવ થાય છે. આદરના ગુણ તમારા વ્યક્તિત્વને પરિપૂર્ણ બનાવે છે, જે તમને સારી કિસ્મત તરફ દોરી જાય છે. આદર એ છે લોકો અને વાતોથી સત્ય, સન્માન અને શ્રદ્ધા દર્શાવવી. તમે બીજા લોકો માટે જે આદર પ્રદર્શિત કરો છો, તે તમારી વ્યક્તિગત આદરની સંકેત છે. આદર એ માત્ર શબ્દોનો ઉપયોગ નથી, પરંતુ તે તમારા વર્તન, ક્રિયાઓ, અને દૃષ્ટિકોણ દ્વારા દર્શાવાય છે. આદરનું સ્વીકાર: જે રીતે તમે લોકો અને પરિસ્થિતિઓને સ્વીકારો છો, તે જ આપણી માન્યતાઓનું પ્રતિબિંબ છે. સંવેદનશીલતા: બીજા લોકોની લાગણીઓ અને વિચારોની કદર કરવી. માનવતા અને દયાળુતા: દરેક માનવી માટે શ્રેષ્ઠ ચિંતાઓ રાખવી અને તેમની સલાહને કદર કરવી. આદર અને કિસ્મત: એક-બીજા સાથે કેવી રીતે જોડાય છે? આદર અને કિસ્મત વચ્ચે એક સશક્ત સંબંધ છે. આદર એ એવી વસ્તુ છે, જે તમારી જિંદગીની ગુણવત્તા અને પરિસ્થિતિને સુધારે છે, અને આદર તમારા માટે શ્રેષ્ઠ મૌકો, બધી સિદ્ધિઓ અને કિસ્મત લાવતો છે. તમારા માટે અનુકૂળ સંજોગો: જ્યારે તમે તમારી આસપાસના લોકોને આદરતા હો, ત્યારે તે તમારા માટે નવા દરવાજાઓ ખોલે છે.

# સફળતાની શ્રેષ્ઠ રાહ: શ્રમ અને આસ્થાનું સંયોજન

## દરેક કામનો પરિણામ તરત મળે એ શક્ય નથી, આસ્થા માને છે કે શ્રમના પરિણામો યોગ્ય સમયે મળશે, અને આથી મનોવિશ્વાસ રાખવો ખૂબ જરૂરી



સફળતા એ માત્ર એક મિશન નથી, પરંતુ એક યાત્રા છે, જેમાં ઘણા તબક્કાઓ અને પડકારોનો સામનો કરવો પડે છે. જો આપણે જીવનમાં વાસ્તવિક સફળતા મેળવવી છે, તો શ્રમ અને આસ્થાનું સંયોજન એ શ્રેષ્ઠ માર્ગ છે. આ બંને તત્વો આપણા જીવનના પાયાના આધાર બની શકે છે, ખાસ કરીને વિદ્યાર્થીઓ, કામકાજ કરતા લોકો, અને સામાન્ય માણસ માટે. શ્રમ એ કોઈપણ વ્યક્તિના માટે સફળતા હાંસલ કરવાનો પ્રથમ અને મુખ્ય માર્ગ છે. શ્રમ એટલે આપણી દિનચર્યા, હિમ્મત, અને લાગણીઓને કામમાં લગાવવું. શ્રમ વગર દરેક સપના, હેતુ અને લક્ષ્ય ફીકાં રહી જાય છે. પ્રયત્ન અને કાર્યક્ષમતા: જો તમે શ્રમ અને મહેનત કરતા હો, તો તમારે જો કોઈ દિશામાં કીંચવું હોય, ત્યારે શ્રમ એ એક મજબૂત માર્ગ બની રહે છે. તમારા કામમાં સખત મહેનત કરવાની જરૂર છે, અને તે તમારે તમારા દૈનિક જીવનમાં લાગુ કરી શકતા હો, તો તે તમારા સફળતાનો આધાર બની શકે છે. સ્વયં પર વિશ્વાસ: શ્રમની બીજી મહત્વપૂર્ણ બાંધકામ એ છે કે તે સ્વયં પર વિશ્વાસ ધરાવવાનો અભ્યાસ આપણી અંદર બનાવે છે. જ્યારે તમે તમારી શ્રમ અને મહેનતના પરિણામોને મેળવતા જાઓ છો, ત્યારે તમારી આત્મવિશ્વાસની અંદર મજબૂતી આવે છે. ઘણાં તબક્કાઓ પર આગળ વધવું: શ્રમ માત્ર એક વખતની દોડ નથી. જ્યારે તમે લાંબા સમય સુધી શ્રમ કરો છો, ત્યારે તમે નાની નાની સમસ્યાઓને પાર કરીને વધુ પડકારોની તૈયારી કરી શકો છો. વિદ્યાર્થીઓ માટે શ્રમ અને મહેનત એક દૃઢ માર્ગ છે. દરેક વિદ્યાર્થી માટે ઉચ્ચ ગુણ મેળવવા, કઠણ પરીક્ષાઓ પાર કરવા અને ભવિષ્યમાં શ્રેષ્ઠ કારકિર્દી માટે શ્રમ કરવાનો અભ્યાસ ખૂબ જ જરૂરી છે. શ્રમ કરો, દરરોજ નવો કુંદો ખોલો અને દરેક સિલેબસ પર સચોટ રીતે ધ્યાન આપો. શ્રમ મહત્વપૂર્ણ છે, પરંતુ તેનો પરિપૂર્ણ રૂપ તે પર આસ્થા અને વિશ્વસનો સહારો છે. આસ્થા એ એવી શક્તિ છે જે એક વ્યક્તિને મનોબળ અને ધીરજ પ્રદાન કરે છે. જ્યારે આપણે શ્રમ કરીએ છીએ, ત્યારે આસ્થા એ છે.

# નકારાત્મક વિચારોને દૂર કરો: મનને સફળતા માટે માર્ગ પ્રસસ્ત કરો!

### મનને વધારે લાભકારી દૃષ્ટિ પર કેન્દ્રિત કરવું




### નકારાત્મક વિચારો ઘટાવવા માટે તમારે તમારા સમયે સારો ઉપયોગ કરવો જોઈએ

આધુનિક યુગમાં, જ્યારે માણસ રોજ નવા પડકારો અને સમસ્યાઓનો સામનો કરે છે, ત્યારે નકારાત્મક વિચારો એ સૌથી મોટું અવરોધ બની શકે છે. આ નકારાત્મક વિચારો તમારા મનને બાંધી લે છે, તમારી ક્રિયાત્મકતા અને વિચારશક્તિ પર પ્રતિકૂળ પ્રભાવ પાડે છે. આથી, નકારાત્મકતાને દૂર કરીને તમારા મનને મુક્ત કરવાનો અભ્યાસ જરૂરી છે. આ જતમણે મનની અસંખ્ય શક્તિઓનો ઉપયોગ કરીને વધુ productive અને શાંતિપૂર્ણ જીવન જીવી શકાય છે. નકારાત્મક વિચારો એ એ પ્રકારના વિચારો છે, જેમને આપણે આપણા જીવનમાં ઘેરાઈ જવા દઈએ છીએ. આ વિચારો આપણે નબળા, નમ્ર અથવા નિષ્ફળ લાગવા માટે પ્રેરણા આપે છે. નકારાત્મકતા આપણને પરિસ્થિતિઓને નિરીક્ષિત કરવાની ખોટી દૃષ્ટિ પ્રદાન કરે છે, જેના પરિણામે આપણે નુકસાન, દબાણ અને નિરાશા અનુભવી શકીએ છીએ. દુ:ખ અને ચિંતાઓ: તમે ઘણીવાર તમારા ભવિષ્યની ચિંતામાં જળવા માંગતા હો, અને દરેક પરિસ્થિતિને ઘમણિયું બનાવતા હો. વિશ્વાસની અછત: જ્યારે તમે કોઈ કાર્યમાં મુશ્કેલીમાં હો, ત્યારે આપોઆપ પોતાની ક્ષમતામાં સંશય કરવો. બહુવિધ અવરોધો: જીવનમાં આવતા પડકારોને એ નકારાત્મક રીતે જોવા અને નહી શકે એવી વ્યાખ્યાઓ આપવી. નકારાત્મક વિચારોના અસર આત્મવિશ્વાસ પર અસર: સતત નકારાત્મક વિચારો તમારા આત્મવિશ્વાસને બગાડી શકે છે. તમે તમારા પોતાના પર વિશ્વાસ ગુમાવવાનું શરૂ કરી શકો છો. માનસિક તણાવ અને દબાણ: જો તમારા માને તમારા પર્યાપ્ત પરિસ્થિતિઓ અને નકારાત્મક વિચારોથી ભરેલા હોય, તો તમારું માનસિક તણાવ વધે છે. સામાજિક અને વ્યાવસાયિક જીવન પર પ્રભાવ: નકારાત્મક વિચારો અને દૃષ્ટિકોણ સામાજિક અને વ્યાવસાયિક સંબંધોને બધી રીતે અસરકારક રીતે દમન કરી શકે છે. મનને મફત બનાવવા માટે કેવી રીતે નકારાત્મક વિચારો દૂર કરી શકો છો? ૧. સકારાત્મકતા અપનાવો: નકારાત્મકતા અને પીછેહઠને દૂર કરીને સકારાત્મક વિચારોને સ્થાન આપો. સકારાત્મક વિચારો તમારી અંદરની ઊર્જાને દૂર કરતાં મજબૂત બનાવે છે. ઉદાહરણ: જો તમે કોઈ પરિક્ષામાં નિષ્ફળતા અનુભવો છો, તો તે ક્ષણ તમે એવા વિચારો ધરાવશો કે "હું બીજું સાવ સમજણથી પ્રયત્ન કરીશ" જે સકારાત્મક દૃષ્ટિ દર્શાવે છે. ૨. "હાં" કહો અને આગળ વધો: જ્યારે નકારાત્મક વિચારો તમારી મજબૂતીને કપાય છે, ત્યારે તમે તમારા મનને શાંત કરી અને તેને "હાં" કહીને આગળ વધો. "હાં" કહેવું એ તમારી જીદ અને સ્વીકૃતિ હોય છે, જે ખોટી દૃષ્ટિથી દૂર રાખે છે. ઉદાહરણ: જીવનના દરેક પરિસ્થિતિમાં એ "હાં" કહીને મનમાં વિશ્વાસ વધારવો. ૩. ધ્યાન અને યોગ અભ્યાસ: રોજે રોજ થોડીવાર માટે ધ્યાન અથવા યોગ કરવાનો અભ્યાસ કરવાથી મનોમંથન અને ચિંતાઓ દૂર થઈ શકે છે. તમારો મસ્તિષ્ક અનુકૂળ થવા માટે સકારાત્મક તરંગોથી પરિપૂર્ણ થાય છે. ઉદાહરણ: "પ્રાણાયામ" અને "મિંડફુલનેસ" જેવા અભ્યાસો એ સકારાત્મક દૃષ્ટિ ધરાવવા માટે શ્રેષ્ઠ સાધનો છે.

### પૂંછડીયા બેટ્સમેનોએ ભારતીય બોલરોને હંફાવ્યા

# ચોથા દિવસની, ઓસ્ટ્રેલીયાની લીડ ૩૦૦ને પાર

। (એજન્સી) મેલબોર્ન, તા.૨૯ ।

મેલબોર્નમાં રમાઈ રહેલી બોક્સિંગ ડે ટેસ્ટનો ચોથો દિવસ સમાપ્ત થઈ ગયો છે. ઓસ્ટ્રેલિયાએ બીજા દાવમાં ૧૭૩ રનના સ્કોર પર ૯ વિકેટ ગુમાવી દીધી હતી. એવું લાગી રહ્યું હતું કે ભારત આજે જ બીજી ઈનિંગની શરૂઆત કરશે, પરંતુ નાથન લિયોન અને સ્કોટ બોલેન્ડે ૧૧૦ બોલમાં ૫૫ રનની અણનમ ભાગીદારી કરીને મેચ ફરી રોમાંચક સ્થિતિમાં લાવી દીધી. ચોથા દિવસની રમતના અંત સુધીમાં ઓસ્ટ્રેલિયાએ ૯ વિકેટે ૨૨૮ રન બનાવી લીધા હતા. ઓસ્ટ્રેલિયાની કુલ લીડ ૩૩૩ રન થઈ ગઈ છે. ઓસ્ટ્રેલિયા તરફથી નાથન લિયોન ૪૧ રને અને સ્કોટ બોલેન્ડ ૧૦ રને અણનમ પરત ફર્યા હતા. આ પહેલા માર્નસ લાબુશેને ૭૦ રનની ઈનિંગ રમી હતી અને પેટ કમિન્સે ૪૧ રનની ઈનિંગ રમી હતી. ભારત તરફથી જસપ્રીત બુમરાહે ૪ અને મોહમ્મદ સિરાજે ૩ વિકેટ ઝડપી હતી.



આ પહેલા ભારતીય ટીમે તેના પ્રથમ દાવમાં ૩૬૯ રન બનાવ્યા હતા. ભારત તરફથી નીતિશ કુમાર રેડ્ડીએ ૧૧૪ રનનું યોગદાન આપ્યું હતું. તમને જણાવી દઈએ કે આ મેચની પ્રથમ ઈનિંગમાં ઓસ્ટ્રેલિયન ટીમ ૪૭૪ રનમાં સમેટાઈ ગઈ હતી. એટલે કે પ્રથમ દાવના આધારે ઓસ્ટ્રેલિયાને ૧૦૫ રનની લીડ મળી હતી. ઓસ્ટ્રેલિયાની બીજી ઈનિંગમાં શરૂઆત એટલી સારી રહી ન હતી. તેણે ૨૦ રનના સ્કોર પર નવોદિત સેમ કોન્સ્ટાસની વિકેટ ગુમાવી દીધી હતી. કોન્ટાસ (૮ રન) જસપ્રિત બુમરાહના એક શાનદાર બોલ પર ક્લીન બોલ્ડ થયો હતો. ત્યારબાદ સિરાજે ઉસ્માન ખ્વાજાને ૨૧ રનના સ્કોરે બોલ્ડ કર્યો હતો. આ પછી ભારત જ્યારે વિકેટની તલાસમાં હતું ત્યારે સિરાજે સ્ટીવ સ્મિથ (૧૩)ને આઉટ કર્યો હતો. આ પછી બુમરાહનો જાદુ શરૂ થયો, તેણે પહેલા ૩૪મી ઓવરમાં ટ્રેવિસ હેડ (૧)ને અને પછી તે જ ઓવરના છેલ્લા બોલ પર મિશેલ માર્શ (૦૦)ને આઉટ કર્યો.

બુમરાહે મેલબોર્ન ટેસ્ટની બીજી ઈનિંગમાં ટ્રેવિસ હેડને આઉટ કરીને ટેસ્ટ ક્રિકેટમાં ૨૦૦ વિકેટ પૂરી કરી હતી. આ પછી બુમરાહે તેની આગામી ઓવરમાં એલેક્સ કેરી (૨)ને બોલ્ડ કર્યો હતો. જ્યારે સ્મિથ ૮૦ના સ્કોર પર આઉટ થયો હતો, ત્યારે ઓસ્ટ્રેલિયાએ એલેક્સ કેરીના આઉટ થયા ત્યાં સુધી માત્ર ૧૧ રન બનાવ્યા હતા અને ૪ વિકેટ ગુમાવી દીધી હતી. અહીંથી માર્નસ લાબુશેન અને સુકાની પેટ કમિન્સે ઓસ્ટ્રેલિયન ઈનિંગ્સને સંભાળી હતી. બંને વચ્ચે સાતમી વિકેટ માટે ૫૭ રનની ભાગીદારી થઈ હતી. સિરાજે માર્નસ લાબુશેનને આઉટ કરીને આ ભાગીદારી તોડી હતી. લાબુશેને ૧૩૯ બોલમાં ત્રણ ચોગ્ગાની મદદથી ૭૦ રન બનાવ્યા હતા. થોડા સમય પછી ભારતને આઠમી સફળતા મળી, જ્યારે મિચેલ સ્ટાર્ક (૫) વિકેટકીપર રિષભ પંતના હાથે રનઆઉટ થયો. ત્યારબાદ ઓસ્ટ્રેલિયાની નવમી વિકેટ શાનદાર બેટિંગ કરી રહેલા પેટ કમિન્સના રૂપમાં પડી હતી. કમિન્સને રવીન્દ્ર જાડેજાએ સ્લિપમાં રોહિત શર્માના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. કમિન્સે ૯૦ બોલમાં ચાર ચોગ્ગાની મદદથી ૪૧ રન બનાવ્યા હતા. આ પછી નાથન લિયોન અને સ્કોટ બોલેન્ડની જોડી ક્રિઝ પર જામી.

આ બંને ચોથા દિવસે આઉટ થવાનું નામ લેતા નહોતા. ભારતીય ટીમે કેટલાક કેચ પણ છોડ્યા હતા. દિવસની છેલ્લી ઓવરમાં કેએલ રાહુલે બુમરાહના બોલ પર કેચ પકડ્યો હતો, જો કે નો બોલને કારણે લાયન આઉટ થતા બચી ગયો હતો.

### નીતિશ રેડ્ડીને લાગી લાખો રૂપિયાની લોટરી

# નીતિશ રેડ્ડી માટે ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ મેલબર્નમાં સદી

। મેલબોર્ન, તા.૨૯ ।

આંધ્ર ક્રિકેટ એસોસિએશન (ACA) એ શનિવારે મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયા સામેની ચોથી ટેસ્ટ મેચના ત્રીજા દિવસે પોતાની કારકિર્દીની પ્રથમ સદી ફટકારીને ભારતને મેચમાં વાપસી કરાવનાર યુવા ઓલરાઉન્ડર નીતિશ રેડ્ડીને ૨૫ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરી હતી. ત્રીજા દિવસની રમતના અંતે નીતિશ રેડ્ડી ૧૦૫ રન પર રમી રહ્યો હતો. તેની શાનદાર ઈનિંગ્સની મદદથી ભારતે ઓસ્ટ્રેલિયાના ૪૭૪ રનના જવાબમાં નવ વિકેટે ૩૫૮ રન બનાવ્યા હતા.

આંધ્ર ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ કેસિનેની શિવનાથે કહ્યું, 'આ આંધ્ર ક્રિકેટ એસોસિએશન માટે ભાગ્યશાળી દિવસ અને ખુશીની ક્ષણ છે. અમે ખૂબ જ ખુશ છીએ કે



ટેસ્ટ ક્રિકેટ અને ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ માટે આંધ્રના એક ખેલાડીની ભારતીય ટીમમાં પસંદગી કરવામાં આવી છે. આ ઉપલબ્ધિ માટે આંધ્ર ક્રિકેટ એસોસિએશન નીતીશ રેડ્ડીને ૨૫ લાખ રૂપિયાનું ઈનામી રકમ આપશે તમને જણાવી દઈએ કે નીતિશ રેડ્ડીએ મેલબોર્ન ટેસ્ટમાં પોતાના ટેસ્ટ કરિયરની પ્રથમ સદી ફટકારીને ભારતને મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર કાઢવાનું કામ કર્યું છે. નીતિશ રેડ્ડીએ ટેસ્ટ સદી ફટકારીને ઓસ્ટ્રેલિયાની ધરતી પર તોફાન મચાવી દીધું છે.

૨૧ વર્ષના નીતિશ રેડ્ડીએ આઠમા નંબર પર બેટિંગ કરતા ૧૮૯ બોલમાં ૧૧૪ રનની ઈનિંગ રમી છે. આ સમયગાળા દરમિયાન નીતિશ રેડ્ડીએ ૬૦.૩૨ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી અને ૧૧ ફોર અને ૧ સિક્સ ફટકારી. આ ઈનિંગ બાદ ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર નીતિશ રેડ્ડીની દરેક જગ્યાએ ચર્ચા થઈ રહી છે. તમને જણાવી દઈએ કે નીતિશ રેડ્ડીએ આ ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ટેસ્ટ ડેબ્યૂ કર્યું છે. મેલબોર્નની પીચ પર જ્યાં ભારતના મોટા બેટ્સમેનો માટે ટકી રહેવું ખૂબ મુશ્કેલ સાબિત થઈ રહ્યું હતું, ત્યાં નીતિશ રેડ્ડીએ બતાવ્યું કે કેવી રીતે બેટિંગ કરવી.

## USના H-1B વિઝા પ્રોગ્રામનું ડોનાલ્ડ ટ્રમ્પે કર્યું સમર્થન

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૯ ।

અમેરિકામાં H-1B વિઝાને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ છે. અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે આ અંગે પોતાનું મૌન તોડ્યું અને કહ્યું કે તેઓ આ પ્રોગ્રામમાં વિશ્વાસ રાખે છે. ન્યૂયોર્ક પોસ્ટ સાથે વાત કરતાં તેણે કહ્યું, મને હંમેશા વિઝા પસંદ છે, હું હંમેશા વિઝાની તરફેણમાં રહ્યો છું. તેથી જ અમારી પાસે આ છે.' તેણે કહ્યું, મારી પ્રોપર્ટી પર ઘણા H-1B વિઝા ધરાવતા લોકો છે. હું H-1Bમાં માનું છું. મેં તેનો ઘણી વખત ઉપયોગ કર્યો છે અને તે એક સરસ પ્રોગ્રામ છે. ટ્રમ્પે તેમની વાતચીતમાં ઈલોન મસ્ક, વિવેક રામાસ્વામી, શ્રીરામ કૃષ્ણન અને ડેવિડના મંતવ્યોનું સમર્થન કર્યું હતું. આ વિઝા પ્રોગ્રામને લઈને ટ્રમ્પની ટીમમાં મતભેદ છે. અગાઉ, ડોનાલ્ડ ટ્રમ્પે H-1B વિઝા પ્રોગ્રામની ટીકા કરી હતી અને તેના પ્રથમ કાર્યકાળ દરમિયાન તેની એક્સેસને પ્રતિબંધિત કરી હતી.

પરંતુ આ વખતે ચૂંટણી પ્રચારમાં તેમણે કહ્યું કે જો કોઈ અમેરિકન કોલેજ કે યુનિવર્સિટીમાંથી સ્નાતક થાય છે તો તેને આપોઆપ ગ્રીન કાર્ડ મળવું જોઈએ. H-1B વલણમાં ટ્રમ્પના ફેરફારોએ વિવાદને વધાર્યો છે. કારણ કે ટ્રમ્પ વહીવટીતંત્ર H-1B વિઝા પ્રોગ્રામમાં કેટલાક ફેરફારો લાવી શકે છે, જેના દ્વારા કંપનીઓ વિદેશી કામદારોને નોકરી પર રાખે છે. ડોનાલ્ડ ટ્રમ્પે આ વિઝા પ્રોગ્રામના વિસ્તરણની માંગ કરી છે, જે અમેરિકા ફર્સ્ટ નીતિના સમર્થકો માટે ચિંતાનો વિષય છે. વિવેક રામાસ્વામીએ પણ તેનું સમર્થન કર્યું છે.

મસ્ક વિરોધીઓ પર ગુસ્સે છેઈલોન મસ્કને H-1B વિઝાને લઈને ઘણા ટ્રમ્પ સમર્થકોની ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો. મસ્કે હવે એવો જવાબ આપ્યો છે, જેને અસભ્ય ગણી શકાય. તેણે પોતાના વિરોધીઓ માટે એફ શબ્દનો ઉપયોગ કર્યો હતો. ટ્વીટના જવાબમાં તેણે લખ્યું, હું અમેરિકામાં છું અને મારી સાથે ઘણા મહત્વપૂર્ણ લોકો છે જેમણે સ્પેસએક્સ, ટેસ્લા અને અન્ય સેંકડો કંપનીઓ બનાવી છે જેણે અમેરિકાને મજબૂત બનાવ્યું છે. તેનું કારણ H-1B છે.

### ભારતીય રેલવેએ રચ્યો નવો ઈતિહાસ

# પ્રથમ કેબલ બ્રિજનું સફળ ટેસ્ટિંગ થયું, રેલવેમંત્રીએ શેર કર્યો વીડિયો

### જમ્મુ-કાશ્મીરના અંજી ખંડ પર બનેલા દેશના પ્રથમ એકમાત્ર સ્ટે બ્રિજનું લોડ ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે

। (એજન્સી) જમ્મુ, તા.૨૯ ।

ભારતીય રેલવેએ ઈતિહાસ રચતા વિશ્વના પ્રથમ કેબલ બ્રિજનું સફળ ટેસ્ટિંગ કર્યું છે. આ સફળ ટેસ્ટિંગ સાથે ભારતીય રેલવેએ એક અનોખો રેકોર્ડ પણ બનાવી લીધો છે. જમ્મુ-કાશ્મીરના અંજી ખંડ પર બનેલા દેશના પ્રથમ એકમાત્ર સ્ટે બ્રિજનું લોડ ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. આ સિદ્ધિ જમ્મુ અને કાશ્મીરમાં રેલવે કનેક્ટિવિટીને વધારવાની દિશામાં મોટું અને મહત્તવ પૂર્ણ પગલું છે, જે જાન્યુઆરી ૨૦૨૫માં શરૂ થવાની આશા છે.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ટ્રાયલ રનનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટની પ્રગતિ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. રેલવે મંત્રાલયે જણાવ્યું કે, ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલવે લિંક (USBRL) પ્રોજેક્ટના એક પ્રમુખ ઘટક અંજી ખાડ બ્રિજ પર ટ્રાયલ રન સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયું છે.'

ગત મહિને બનીને તૈયાર થયેલ અંજી ખાડ બ્રિજ એ એન્જિનિયરિંગનો એક ચમત્કાર છે, જેમાં સિંગલ સપોર્ટ ટાવરનું માળખું નદીના પટથી ૩૩૧ મીટર ઉપર છે. તે પોતાના લેટરલ અને સેન્ટ્રલ સ્પેન પર ૪૮ કેબલ દ્વારા સપોર્ટેડ છે અને તેની કુલ લંબાઈ ૪૭૩.૨૫ મીટર છે. આ લાંબો બ્રિજ ૧૨૦ મીટરના અંતર પર છે, જ્યારે કેન્દ્રીય તટબંધ ૯૪.૨૫ મીટર સુધી ફેલાયેલો છે.

ચેનાબ બ્રિજ બાદ આ ભારતનો બીજો સૌથી ઊંચો રેલવે બ્રિજ છે, જે નદીની સપાટીથી ૩૫૯ મીટર ઉપર વિશ્વનો સૌથી ઊંચો બ્રિજ છે. બંને બ્રિજ જમ્મુ અને કાશ્મીરમાં કનેક્ટિવિટી વધારવાના હેતુથી મહત્વાકાંક્ષી USBRL પ્રોજેક્ટનો હિસ્સો છે. USBRL પ્રોજેક્ટ ૨૭૨ કિમીથી વધુ ફેલાયેલો છે, જેમાંથી ૨૫૫ કિમી પૂર્ણ થઈ ચૂક્યો છે.

કટરા અને રિયાસી વચ્ચેનો બાકીનો ભાગ આ મહિનાના અંત સુધીમાં પૂર્ણ થવાની આશા છે. ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક (USBRL) એ જમ્મુ અને કાશ્મીરને બાકીના ભારત સાથે જોડતી ૨૭૨ કિમી લાંબી રેલવે યોજના છે.

તેની ગણતરી ભારતીય ઉપમહાદ્વીપના સૌથી પડકારજનક રેલવે પ્રોજેક્ટ પૈકી એકમાં કરવામાં આવે છે. આ પ્રોજેક્ટથી શ્રીનગર અને જમ્મુ વચ્ચેનો પ્રવાસ સમય છ કલાકથી ઘટીને ૩.૫ કલાક થઈ જશે.

રેલવે પ્રોજેક્ટનું નિર્માણ ખૂબ જ તાપમાન, મોટા ભૂકંપના ક્ષેત્રો અને મુશ્કેલ ભૂપ્રદેશ જેવા કુદરતી પડકારો પર કાબુ મેળવ્યા બાદ કરવામાં આવ્યો છે.

# રન-વે પરથી લપસ્યું વિમાન, ૧૭૯ લોકોના મોત નિપજ્યા

। (એજન્સી) દક્ષિણ કોરિયા, તા.૨૯ ।

દક્ષિણ કોરિયામાં એક દુઃખદ અકસ્માત સર્જાયો છે. રવિવારે એરપોર્ટ પર એરક્રાફ્ટનું લેન્ડિંગ ગિયર ખરાબ થઈ ગયું હતું. જેના કારણે વિમાન રનવે પરથી સરકીને વાડ સાથે અથડાયું હતું. આ પછી પ્લેનમાં આગ લાગી હતી. આ દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને હવે ૧૭૯ પર પહોંચી ગયો હોવાની આશંકા છે, જ્યારે માંડ બે લોકો બચી શક્યા છે.

સ્થાનિક ન્યૂઝ એજન્સીના અહેવાલ અનુસાર આ વિમાન દુર્ઘટના બાદ લાગેલી આગમાં ૧૭૯ લોકોના મોત થયાનો દાવો કરવામાં આવ્યો છે. આગના સમાચાર મળતા જ એરપોર્ટ પર તૈનાત ફાયર બ્રિગેડની ટીમ એક્શનમાં આવી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. તમને જણાવી દઈએ કે આ પ્લેનમાં લગભગ ૧૮૧ લોકો સવાર હતા. જેમાંથી ૨ને બચાવી શકાયાની માહિતી મળી રહી છે. હજુ બચાવકામગીરી ચાલી રહી છે. વર્ષના અંતે આ સૌથી મોટી કરુણાંતિકા માનવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા વીડિયો અને માહિતી અનુસાર દક્ષિણ કોરિયામાં વિમાન દુર્ઘટના હવામાં વિમાન સાથે પક્ષીના અથડાવાને કારણે સર્જાઈ હોવાનું પણ મનાય છે. આ દુર્ઘટનામાં ૧૭૯ લોકો જીવ ગુમાવી ચૂક્યાની માહિતી સામે આવી રહી છે. પહેલા મૃત્યુઆંક ૨૮ જાહેર કરવામાં આવ્યો હતો. જે વધીને ૮૫ પર પહોંચ્યો હતો.

## EPFO દ્વારા કેટલાક નિયમોમાં હવેથી ફેરફાર કરવામાં આવશે

। નવી દિલ્હી, તા.૨૯ ।

જો તમે કોઈ ખાનગી કંપનીમાં નોકરી કરતાં હોવ તો, નવા વર્ષમાં એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન એટલે કે EPFO તમારા હિતમાં તેના નિયમોમાં કેટલાક ફેરફાર કરવા જઈ રહ્યું છે, જે તમારે જાણવા જરુરી છે. હકીકતમાં કર્મચારીઓની હિતમાં EPFO દ્વારા કેટલાક નિયમોમાં ફેરફાર કરવા જઈ રહ્યું છે. આ ફેરફારોનો હેતુ પીએફ ખાતાધારકોને તેમના પેન્શન ફંડનો વધુ સારી રીતે ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. પીએફ નિયમોમાં કરવામાં આવેલા ફેરફારોમાં કર્મચારીઓને નિવૃત્તિ પછી તેમની પેન્શનની રકમ માટે ઘણા દિવસો સુધી રાહ નહીં જોવી પડે.

# કાશ્મીરમાં થયેલી ભારે હિમવર્ષા, જોઝિલા પાસમાં પારો ગગડી -૨૭

### જમ્મુ-કાશ્મીરમાં ભારે હિમવર્ષાના કારણે સામાન્ય જનજીવન ખોરવાયું : શ્રીનગર-જમ્મુ-કાશ્મીર નેશનલ હાઈવે બ્લોક

। (એજન્સી) જમ્મુ, તા.૨૯ ।

કાશ્મીરમાં સિઝનની સૌથી કાતિલ હિમવર્ષના પગલે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે જ્યારે ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં પણ હિમવર્ષાના કારણે હવાઈ, રેલ અને રોડનો ટ્રાફિક જામ થઈ ગયો છે. આ સાથે વીજળી અને પાણી પુરવઠો પણ ખોરવાઈ જતાં લોકોએ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. કાશ્મીરથી હિમાચલ સુધીમાં હિમવર્ષાના કારણે હજારો વાહનો અટવાઈ જતાં પ્રવાસીઓ પણ મુશ્કેલીમાં મુકાયા છે. બીજી બાજુ દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૧.૨ મીમી વરસાદ ખાબક્યો છે, જેણે ૧૦૧ વર્ષનો ઈતિહાસ તોડયો છે. હિમવર્ષાની સાથે વરસાદે ઉત્તર ભારતને હાડ થીજાવતી ઠંડીના કબજામાં લઈ લીધું છે.

જમ્મુ-કાશ્મીરમાં ભારે હિમવર્ષાના કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે તથા હિમવર્ષાના પગલે શ્રીનગર-જમ્મુ-કાશ્મીર નેશનલ હાઈવે બ્લોક થઈ ગયો છે. પરિણામે અનંતનાગમાં ૨૦૦૦થી વધુ વાહનો ફસાઈ ગયા છે. શ્રીનગર-લેહ હાઈવે અને મુઘલ રોડ પણ બંધ થઈ ગયા છે. આમ, જમ્મુ-કાશ્મીરમાં બે નેશનલ હાઈવે અને અટલ ટનલ બંધ થઈ ગયા છે. બનિહાલ-બારામુલ્લા સ્ટેશન પર ટ્રેન સેવાઓ રદ કરી દેવાઈ હતી. કાશ્મીરમાં આ સિઝનમાં એટલો બરફ પડયો છે કે પર્વતોથી લઈને મેદાની પ્રદેશો બરફની સફેદ ચાદરથી ઢંકાઈ ગયા છે. કુલગામ જિલ્લાના કેટલાક ગામોમાં ૩ ફૂટ જેટલા બરફના થર જામી ગયા હતા.

જમ્મુ-કાશ્મીરમાં કાતિલ ઠંડીના સમય ચિલ્લાઈ કલાને જોર પકડયું છે. જમ્મુ-કાશ્મીરને લદાખ સાથે જોડતા જોઝિલા પાસ પર તાપમાન ગગડીને માઈનસ ૨૭ ડિગ્રી થઈ ગયું હતું. ખરાબ હવામાનના કારણે શ્રીનગર એરપોર્ટ પરથી પાંચ ફ્લાઈટનું ઉડ્ડયન રદ કરાયું હતું. દક્ષિણ કાશ્મીરમાં ભારેથી અતિભારે જ્યારે મધ્ય કાશ્મીરના મેદાની વિસ્તારોમાં હળવાથી મધ્યમ હિમવર્ષા થઈ હતી. કાશ્મીરમાં હવામાન એટલું ખરાબ થઈ ગયું છે કે રસ્તાઓ બંધ થઈ જવાના કારણે હજારો પ્રવાસીઓ અધવચ્ચે ફસાયા હતા. અનેક પ્રવાસીઓએ હાડ થીજાવતી ઠંડીમાં તેમના વાહનોમાં જ રાત પસાર કરવી પડી હતી જ્યારે અનેક પ્રવાસીઓએ ક્રિકેટ રમીને મુશ્કેલ સમય પસાર કરવાનો પ્રયત્ન કર્યો હતો. આવા સમયે સ્થાનિક લોકો પ્રવાસીઓની મદદ માટે આગળ આવ્યા હતા. પ્રવાસીઓને આશરો આપવા માટે મસ્જિદોએ તેમના દરવાજા ખોલી નાંખ્યા હતા. તેમને ગરમ ધાબળા, ભોજન પૂરા પાડયા હતા.

એ જ રીતે ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના પ્રવાસન સ્થળો પર પર્વતો પર છવાયેલા બરફનો નજારો જોવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડયા છે. પરંતુ હિમવર્ષાએ પ્રવાસીઓની મુશ્કેલી વધારી દીધી છે. હિમાચલ પ્રદેશમાં પોલીસે સોલંગ ઘાટીથી ૧૦૦૦૦ પ્રવાસીઓને બચાવ્યા હતા, જ્યાં શુક્રવારથી હિમવર્ષા થઈ રહી છે. અહીં લગભગ ૨,૦૦૦થી વધુ વાહનો રસ્તામાં ફસાઈ ગયા છે. ભારે હિમવર્ષાના કારણે સોલંગ ઘાટીનો વિસ્તાર પ્રવાસીઓ માટે બંધ કરી દેવાયો છે. આ સિવાય અટલ સુરંગ પણ એક સપ્તાહથી બંધ છે.

ઉત્તરાખંડમાં હિમવર્ષાના કારણે મોટાભાગના પર્વતીય વિસ્તારો હાડ થીજાવતી ઠંડીની જકડમાં આવી ગયા છે. ઓલી, હર્શિલ, હેમકુંડ સાહિબ, ચોપ્તા, પિથોરાગઢ સહિતના પર્વતીય વિસ્તારો પર બરફ છવાઈ ગયો છે. સરકારે પણ પ્રવાસીઓ માટે એડવાઈઝરી જાહેર કરવી પડી છે, તેમાં જણાવાયું છે કે નવા વર્ષ ૨૦૨૫ની ઊજવણી માટે રાજ્યમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવી રહ્યા છે.

તેમની સુવિધાઓ માટે રેસ્ટોરાં, હોટેલ અને ઢાબા ખુલ્લા રાખવામાં આવે, જેથી લોકોએ મુશ્કેલીઓનો સામનો ના કરવો પડે. ઉત્તરાખંડમાં હિમવર્ષાની સાથે અનેક વિસ્તારમાં વરસાદ પડવાના કારણે લોકોની સમસ્યા વધી છે. વરસાદના પગલે અનેક ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે.

ઉત્તર ભારતને હિમવર્ષાએ જકડી લીધું છે ત્યારે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં વરસાદે તોબા પોકારાવી દીધી છે. દિલ્હીમાં શનિવારે ૪૧.૨ મીમી વરસાદ ખાબક્યો હતો, જે છેલ્લા ૧૦૧ વર્ષમાં ડિસેમ્બરમાં એક દિવસમાં પડેલો સૌથી વધુ વરસાદ છે. વરસાદના કારણે દિવસનું તાપમાન નીચે ગગડયું હતું.

### પુષ્પાભાઉ કરી રહ્યાં છે જોરદાર કમાણી

# વાઇલ્ડ ફાયર બની પુષ્પા ૨, બોક્સ ઓફિસ પર ફિલ્મનો દબદબો યથાવત

। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।

અલ્લુ અર્જુનની 'પુષ્પા ૨ઃ ધ રૂલ' બોક્સ ઓફિસ પર સતત ચમકી ધૂમ મચાવી રહી છે. આ ફિલ્મ જોરદાર કમાણી કરી રહી છે. આ ફિલ્મે દેશભરમાં ૧૦૦૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કર્યો હતો અને હવે તેની કમાણી ૧૧૦૦ કરોડને પાર કરી ગઈ છે. ૨૪માં દિવસે ફિલ્મની કમાણીમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. ચાલો તમને જણાવીએ કે અલ્લુ અર્જુનની 'પુષ્પા ૨ઃ ધ રૂલ' એ ભારતમાં અત્યાર સુધીમાં કેટલા કરોડની કમાણી કરી છે. અલ્લુ અર્જુનની 'પુષ્પા ૨ઃ ધ રૂલ' વર્ષ ૨૦૨૪ની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. સેકનિલ્કના રિપોર્ટ અનુસાર, ફિલ્મે પહેલા અઠવાડિયામાં ૭૨૫.૮ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. બીજા સપ્તાહમાં રૂ. ૨૬૪.૮ કરોડની કમાણી થઈ હતી. ત્રીજા સપ્તાહમાં ફિલ્મે ૧૨૯.૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. જ્યારે 'પુષ્પા ૨ઃ ધ રૂલ' એ ચોથા શુક્રવારે ૮.૭૫ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. હવે ચોથા શનિવારે કમાણીના લેટેસ્ટ આંકડા સામે આવ્યા છે. જીદ્દષ્ઠાહેજ્ઞા અનુસાર, અલ્લુ અર્જુનની 'પુષ્પા ૨ઃ ધ રૂલ' એ ૨૪માં દિવસે દેશભરમાં ૧૨.૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ રીતે, ફિલ્મે ભારતમાં અત્યાર સુધીમાં ૧૧૪૧.૩૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે.

### મંદિર-મસ્જિદ વિવાદ પર અખિલેશ યાદવનો કટાક્ષ

# મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના ઘરની નીચેથી પણ શિવલિંગ મળશે

। (એજન્સી) લખનૌ, તા.૨૯ ।

ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે દાવો કર્યો છે કે, મુખ્યમંત્રી આવાસમાં પણ શિવલિંગ છે. તેથી રાજ્યના તમામ ધાર્મિક સ્થળો પર ખોદકામની સાથે સાથે મુખ્યમંત્રી નિવાસસ્થાને પણ ખોદકામ કરીને શિવલિંગને સુરક્ષિત બહાર કાઢવામાં આવે.' આ ઉપરાંત તેમણે આરોપ લગાવ્યો કે, રાજભવનમાં ગેરકાયદે બાંધકામ થઈ રહ્યું છે, પરંતુ સરકાર કોઈ પગલાં લઈ રહી નથી. સપાના વડા અખિલેશ યાદવે જણાવ્યું હતુ કે, મહાકુંભમાં સ્વેચ્છાએ આવવાની પરંપરા રહી છે. આ માટે કોઈને આમંત્રણ આપવામાં આવતું નથી, પરંતુ સરકાર તમામ કામકાજ બાજુ પર મૂકીને મહાકુંભના આમંત્રણો આપવામાં વ્યસ્ત છે. મહાકુંભની તૈયારીઓ અધૂરી છે. પુલનું બાંધકામ પૂર્ણ થયું નથી. રસ્તાઓ બનાવવામાં આવ્યા નથી. હવે ૧૫ દિવસમાં કેવી રીતે કામ પૂર્ણ થશે?

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના દિલ્હી જવા અને કુંભ માટે ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડા, ગૃહમંત્રી અમિત શાહ સહિત તમામ નેતાઓને આમંત્રણ આપવા પર અખિલેશ યાદવે સવાલ ઊઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, 'કુંભમાં આમંત્રણ આપવામાં આવતું નથી.

### સમાજ મેણા મારે તે અયોગ્ય : હાઈકોર્ટ

# બોયફ્રેન્ડ સાથે બેસવું કે રાત્રે બહાર જવું યુવતીનો અધિકાર

। (એજન્સી) ચેન્નાઈ, તા.૨૯ ।

તામિલનાડુના ચેન્નાઈની અન્ના યુનિવર્સિટીના કેમ્પસમાં એક ૧૯ વર્ષીય વિદ્યાર્થિનીની છેડતીના મામલાની તપાસ એસઆઈટીને સોંપવામાં આવી છે. સુઓમોટો દ્વારા મામલાની સુનાવણી દરમિયાન મદ્રાસ હાઈકોર્ટે રાજ્ય સરકાર અને પોલીસનો ઉધડો લીધો હતો. સાથે જ એફઆઈઆર લીક કેમ થઈ તેને લઈને સવાલો ઉઠાવ્યા હતા, એફઆઈઆરને વાંધાજનક રીતે લખવા બદલ પણ પોલીસને ઝાટકી હતી, હાઈકોર્ટે કહ્યું હતું કે પુરુષ મિત્ર સાથે હોવા માત્રથી યુવતીને બદનામ ના કરી શકો, પુરુષ મિત્ર બનાવવા કે નહીં તે યુવતીનો અંગત અધિકાર છે. સમાજે કે કોઈએ પણ તેમને નૈતિકતાના પાઠ ભણાવવાની જરૂર નથી. મદ્રાસ હાઈકોર્ટના ન્યાયાધીશ એસ. એમ. સુબ્રમણીયમ અને ન્યાયાધીશ વી. લક્ષ્મીનારાયણની બેંચે સુનાવણી દરમિયાન તામિલનાડુ સરકાર અને પોલીસ પર સવાલો ઉઠાવ્યા હતા અને પૂછ્યું હતું કે પીડિતાની એફઆઈઆર સહિતની અંગત વિગતો લીક કેવી રીતે થઈ? કેમ્પસમાં છેડતીની ઘટના બની તે સમયે પીડિતા તેના પુરુષ મિત્રની સાથે હતી તેને આ સમગ્ર છેડતીના મામલા સાથે શું લેવાદેવા? બોયફ્રેન્ડ સાથે બેસવા બદલ યુવતીને બદનામ ના કરી શકો.

ન્યૂઝ બ્રિફ

## અમદાવાદમાં ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળી રહ્યું છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

સહિત ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ધુમ્મસભર્યું વાતાવરણ સર્જાયું છે. જેમાં ઉત્તર-પશ્ચિમ મધ્ય પ્રદેશ પર સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાતા ગુજરાતને માથે કરા સાથે માવઠાનું સંકટ યથાવત્ છે. વરસાદની આગાહી વચ્ચે અમદાવાદના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. તેમજ શહેરમાં ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળી રહ્યું છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, આજે રાજ્યમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ આવશે. આજે ૩૦થી ૪૦ કિલોમીટરે પવન ફૂંકાવવા ઉપરાંત ગાજવીજ સાથે વરસાદની આગાહી કરાઈ છે.

## ગાંધીનગરમાં વેરો નહીં ભરનારી ૩૮ મિલકત સીલ, ૬૩૯ને નોટિસ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

ગાંધીનગર મહાનગર પાલિકાના મિલકતવેરા વિભાગ દ્વારા મિલકતવેરાની ૭૫% થી વધુ વસુલાત થતા બાકીના ૨૫% બાકીદારો પાસેથી વસુલાત માટે નોટીસ આપી સિલીંગ અને ટાંચ જમીની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. વેરા વસૂલાત માટે તંત્રએ લાલ આંખ કરતાં ૩૮ મિલકતોને સીલ માર્યા છે. તંત્રની આ કવાયતના પગલે બાકીદારોએ રૂ.૧૧ કરોડનો વેરો જમા કરાવ્યો છે. ચાલુ નાણાકીય વર્ષમાં ડિજિટલ માધ્યમથી ૫૫,૧૪૩ કરદાતાએ રૂ. ૨૫.૭૯ કરોડ વેરો જમા કરાવ્યો હતો. ઓફલાઈન માધ્યમથી ૫૬,૭૬૯ કરદાતા પાસેથી રૂ. ૩૮.૩૫ કરોડની વસૂલાત થઈ છે. એકંદરે ૧,૧૧,૯૧૨ કરદાતાએ રૂ. ૬૪.૧૪ કરોડ જમા કરાવ્યા છે. કુલ વસૂલાતમાં ઓનલાઈનનો ફાળો ૪૦ ટકા રહ્યો હતો.

ઉત્તર ગુજરાતમાં ઉભો થયો સૌથી મોટો ખતરો!

# રાજ્યમાં વાદળછાયા વાતાવરણને કારણે એરંડાના પાકમાં ઈયળ અને ફુલિયાના રોગની શરૂઆત થઈ

। (એજન્સી) પાટણ, તા.૨૯ ।

હવામાન વિભાગની આગાહીને પગલે પાટણ શહેર સહિત જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી વાદળછાયુ વાતાવરણ અને ગાઢ ધુમ્મસને કારણે લોકો ઠંડીથી ઠુંઠવાયા છે તો બીજી તરફ વાદળછાયા વાતાવરણને કારણે એરંડાના પાકમાં ઈયળ અને ફુલિયાના રોગની શરૂઆત થઈ છે જો આગાહીને પગલે કમોસમી વરસાદ થાય તો ખેડૂતોના મોઢામાં આવેલો કોળિયો છીનવાય તેવી સ્થિતિ ઊભી થવા પામી છે જેથી પાક નુકસાનીને લઈ ખેડૂતો ચિંતિત બન્યા છે.

રવિ સિઝનમાં ખેતી પાકોમાં સારું એવું ઉત્પાદન મળશે તેવી આશાએ પાટણ જિલ્લાના ખેડૂતોએ મોટા પ્રમાણમાં ખર્ચાઓ કરીને ખેતરોમાં એરંડા, રાયડો, ઘઉં, જીરુ, કપાસ, સહિતના પાકોનું વાવેતર કર્યું હતું હાલમાં ખેતરોમાં પાક તૈયાર થઈને ઊભો છે અને થોડા સમય બાદ તેની કાપણી કરવામાં આવશે તેવા સમયે જ હવામાન વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં કમોસમી વરસાદ અને વાદળછાયા વાતાવરણની આગાહી કરી છે. તે અંતર્ગત પાટણ જિલ્લામાં પણ છેલ્લા ત્રણ દિવસથી વાદળછાયુ વાતાવરણ સર્જાયું છે.

ગાઢ ધુમ્મસ અને વાદળછાય વાતાવરણને કારણે સૂર્યના દર્શન પણ દુર્લભ બન્યા છે. કમોસમી વરસાદ થાય તો એરંડા કપાસ અને રાયડાના પાકને મોટા પ્રમાણમાં નુકસાન થાય તેમ છે જેથી ખેડૂતો ચિંતિત બન્યા છે. પાટણ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે અને દિવસ દરમ્યાન વાદળછાયુ વાતાવરણ રહેવા ને કારણે સવારે ઠાર પડતા જેની સીધી અસર ખેતી પાકો ઉપર થઈ રહી છે તેથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.એરંડા ના ઉભા પાક માં ઈયળો (કાતરા) નો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. ઈયળો સમગ્ર પાક પર પ્રસરી જતા તે છોડ ની માળો અને પાન કોરી ખાય છે. જ્યારે થુલિયાને કારણે માળ અડધી રહે છે. દવા છંટકાવ થી કાતરાનો રોગ દૂર થાય છે પણ થુલ્યો દૂર થતો નથી જેથી પાક ઉત્પાદન ઉપર તેની સીધી અસર પડશે તેને લઈ ખેડૂતો ચિંતાતુર બનવા પામ્યો છૅ.

બીજી તરફ રાયડામાં મોલ ગળી જવાને કારણે મેલો મચ્છી નો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. ખેતી પાકોમાં આ પ્રકારેના રોગ ચાળાને લઈ ઉત્પાદન ઘટવાની સંભાવના ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છૅ. પાટણ જિલ્લામાં ખેડૂતોએ એરંડા સહિતના પાક વાવેતર પાછળ ખેડ ખાતર બિયારણમાં મોટું આર્થિક રોકાણ કરી વાવેતર કર્યું અને હવે પાક તૈયાર થવા આવ્યો તેવામાં અચાનક વાતાવરણમાં પલટો આવતા અને વાદળ છાયું વાતાવરણ, રહેતા ખેડૂત આલમ ચિંતામાં જોવા મળી રહ્યો છે.

મર્દ ATM નથી, તેમને પણ દર્દ થાય છે...

## સુરતમાં પત્ની પીડિત પુરુષોનું પ્રદર્શન, પુરુષ આયોગ બનાવવાની માંગણી

। (એજન્સી) સુરત, તા.૨૯ ।

બેંગલુરુના એન્જિનિયર અતુલ સુભાષના આત્મહત્યા કેસને લઈને સુરતમાં પત્ની પીડિત પતિઓએ પ્રદર્શન કર્યું. દેખાવકારોએ પોતાના હાથમાં પ્લેકાર્ડ લઈને કાયદા હેઠળ મહિલાઓના અધિકારોના દુરુપયોગનો મુદ્દો ઉઠાવ્યો હતો અને પુરુષો માટે એક કમિશનની રચના કરવાની પણ માંગ કરી હતી. આંદોલનકારીઓએ જણાવ્યું હતું કે ખોટા કેસો દ્વારા અત્યાચાર ગુજારાયેલા પુરુષોને ન્યાય આપવા માટે નક્કર પગલાં લેવા જોઈએ. મળતી માહિતી મુજબ સુરત શહેરના અઠવા લાઈન્સ સર્કલ પર એક વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. વાસ્તવમાં બેંગલુરુના એન્જિનિયર અતુલ સુભાષે આત્મહત્યા પહેલા એક વીડિયો બનાવ્યો હતો અને તેની પર તેમની પત્નીને હેરાન કરવાનો આરોપ લગાવ્યો હતો. અતુલ સુભાષ આત્મહત્યા કેસને લઈને નવી ચર્ચા શરૂ થઈ. આ સંદર્ભે કાયદામાં મહિલાઓને આપવામાં આવેલા અલગ અધિકારોના દુરુપયોગની ચર્ચા છે.અતુલ સુભાષના આત્મહત્યા કેસના વિરોધમાં અઠવા લાઈન્સ સર્કલ ખાતે દેખાવકારોએ પ્લે કાર્ડ હાથમાં લઈને વિરોધ કર્યો હતો. વિરોધ કરી રહેલી પત્ની પીડિત પતિઓમાં કેટલાકે પ્લેયિંગ કાર્ડ્સમાં મેન રાઈટ્સ અને હ્યુમન રાઈટ્સ લખ્યું હતું, જ્યારે અન્ય લોકોએ ૨૦૧૪ થી ૨૦૨૨ સુધીના પુરુષોના આત્મહત્યાના કેસોના આંકડા લખ્યા હતા. કોઈ સરકારને પુરૂષ પંચની નિમણૂક કરવાની વિનંતી કરી રહ્યું હતું તો કોઈએ લખ્યું હતું કે નકલી કેસ એજ એ ક્રાઈમ અગેંસ્ટ હ્યુમેનિટી લખી રાખ્યું હતું. કોઈએ સેફ ફેમિલી સેવ નેશન લખીને વિરોધ કર્યો. કેટલાક પ્લેકાર્ડ પર લખેલું હતું - 'સ્ફ્રહ ર્દ્ર છ્સ.; આંદોલનકારીઓએ પોતાની આગવી શૈલીમાં પુરુષોની પીડા વ્યક્ત કરી હતી. સુરતના ચિરાગ ભાટિયા પણ પ્રદર્શનમાં સામેલ થયા હતા. તેમણે કહ્યું કે અતુલ સુભાષે બનાવટી કેસના કારણે આત્મહત્યા કરી છે. તે અંગે અમે વિરોધ કરી રહ્યા છીએ. અતુલ સુભાષને ન્યાય મળવો જોઈએ અને પુરુષો માટે યોગ્ય કાયદો બનાવવો જોઈએ. આ આજની તારીખમાં થઈ રહ્યું છે. ઘણી મહિલાઓ પુરૂષો પર ખોટા કેસ દાખલ કરી રહી છે. જો કોર્ટમાં સાબિત થાય કે કેસ ખોટી રીતે કરવામાં આવ્યો હતો, તો પણ ન્યાયમાં મહિલાઓ માટે સજાની જોગવાઈ નથી. ચિરાગે વધુમાં જણાવ્યું હતું કે અમે ઈચ્છીએ છીએ કે પુરૂષો માટે એક કમિશન બને અને પુરૂષોને ન્યાય મળે. અહીં તમામ વિક્ટિમ છે, તે એમની પત્નીઓએ ખોટા કેસ કરી રાખ્યા છે. અમે કોર્ટના દબાણનો સામનો કરી રહ્યા છીએ. જ્યાં આપણી ભૂલ નથી ત્યાં પણ આપણે કોર્ટમાં સાબિત કરવું પડશે. અમારી સાથે કંઈક ખોટું થયું છે.

અમદાવાદમાં વધુ એક ખતરનાક અકસ્માત

## શાક વેચતા ફેરિયાઓને બેકાબૂ કારે ઉલાળ્યા, એકનું મોત થયું

### અમદાવાદના જમાલપુર બ્રિજ પાસે અકસ્માત સર્જાયો હતો : આ ઘટનામાં 3 લોકો ઈજાગ્રસ્ત થવા પામ્યા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદની ધરતી ફરી અકસ્માતના લોહીથી રક્તરંજિત બની છે. શહેરના જમાલપુર વિસ્તારમાં બ્રિજ પાસે આજે સવારે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. વૃદ્ધ દંપતીને કારે અકસ્માત સર્જ્યો હતો, જેમાં એક મહિલાનું મોત નિપજ્યું છે. તેમજ બે લોકો ઈજાગ્રસ્ત થયા છે. કારચાલકે કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. પહેલા બ્રિજની દિવાલ સાથે કાર ટકરાઈ હતી. દિવાલ સાથે ટકરાયા બાદ કારચાલકે કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ કાર રોડની સાઈડમાં શાક વેચતા ફેરિયાઓ પર ફરી વળી હતી. પોલીસે કારચાલકની અટકાયત કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આજે સવારે જમાલપુર બ્રિજ નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક વૃદ્ધ દંપતીની કાર પ્રથમ બ્રિજની દીવાલ સાથે ગાડી ટકરાઈ હતી, તેના બા કારે સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. જેથી ગાડી રોડ સાઈડમાં શાકભાજી વેચતા ફેરિયાઓ પર ફરી વળી હતી. અકસ્માતમાં એક મહિલાનું સ્થળ પર જ મોત નિપજ્યું છે. તો અન્ય ૨ ઈજાગ્રસ્ત પુરુષોને સારવાર માટે ખસેડાયા છે.

અકસ્માત બાદ ગુસ્સે ભરાયેલા સ્થાનિકોએ કારમાં તોડફોડ કરી હતી. સ્થળ પર લોકટોળા એકઠા થતા પોલીસ આવી પહોંચી હતી. ચાલકે નશો કરેલ હતો કે કેમ એની તપાસ હાથ ધરાઈ છે. સાથે જ પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે, બ્રિજ પર ફિટ કરેલા cctv બંધ હાલતમાં હતા. કાર ચાલકની અટકાયત કરી ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન લઈ જવાયો છે. તપાસમાં સામે આવ્યું કે, નવરંગપુરમાં રહેતું આધેડ દંપતીની ગાડીએ આ અકસ્માત સર્જ્યો હતો.

અમિત શાહે ભૂપેન્દ્ર પટેલ સાથે સ્થિતિની સમીક્ષા કરી

## દહેજ ગેસ લીક દુર્ઘટના મામલે અમિત શાહે પરિસ્થિતિની સમીક્ષા કરી હતી

### ગૃહ મંત્રીએ રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવી રહેલી રાહત અને બચાવ કામગીરી અંગે વિગતો મેળવી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

ગુજરાતના દહેજમાં આવેલા ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લિમિટેડ (GFL)ના કેમિકલ પ્લાન્ટમાં ૨૮ ડિસેમ્બર, ૨૦૨૪ની રાત્રે ગેસ લીકેજની ગંભીર દુર્ઘટનામાં ચાર કામદારોના મૃત્યુ થયા અને અનેક ઘાયલ થયા. આ ઘટના બાદ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી અને પરિસ્થિતિની સમીક્ષા કરી. ગૃહ મંત્રીએ રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવી રહેલી રાહત અને બચાવ કામગીરી અંગે વિગતો મેળવી હતી. તેમણે રાજ્ય સરકારને દરેક પ્રકારની કેન્દ્રની સહાય પૂરું પાડવાનું આશ્વાસન આપ્યું. આ મામલે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, તાત્કાલિક અસરથી રાજ્યના ઉચ્ચ અધિકારીઓને ઘટના સ્થળે મોકલવામાં આવ્યા છે અને ઘાયલ કામદારોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તેમનું સમર્થ સારવાર ચલાવવામાં આવી રહ્યું છે. ઘટનાની વિગતઃ પ્રાથમિક માહિતી મુજબ, આ ગેસ લીકેજના કારણે આસપાસના વિસ્તારોમાં ગભરાટ ફેલાયો હતો. કારખાનામાં કામ કરતી કેટલીક ટીમો પર ગેસની અસર થઈ, જેના પરિણામે ચાર લોકોના મોત થયા છે. નોંધનીય છે કે દહેજનો આ વિસ્તારમાં અગાઉ પણ આવી દુર્ઘટનાઓ બની છે. ૨૦૨૦માં યશશ્વી રસાયન પ્રા. લિ.માં થયેલા વિસ્ફોટમાં પાંચ લોકોના મૃત્યુ થયા હતા અને ૫૭ લોકો ઘાયલ થયા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રીએ મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલ લોકોને ઝડપથી આરોગ્યલાભ થાય તે માટે શુભેચ્છાઓ પાઠવી. તેઓએ રાજ્ય સરકારને સુરક્ષા પ્રોટોકોલના પાલનને વધુ મજબૂત બનાવવા માટે જણાવ્યું.

ધ્રુમિલ પટેલને ભાજપે સોંપી મોટી જવાબદારી

## સીએમઓમાંથી હાંકી કઢાયેલા ધ્રુમિલ પટેલને વોર્ડ પ્રમુખ બનાવી દેવાયો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

ગુજરાત ભાજપના સંગઠનમાં નવી નિમણૂંકો બાદ આંતરિક વિખવાદ જોવા મળી રહ્યો છે. કેટલાક મંડળ પ્રમુખોની નિમણૂંકને લઈને સવાલો ઉઠ્યા છે. ત્યારે હવે એક નવો વિવાદ સામે આવ્યો છે. ત્યારે સીએમઓમાંથી હાંકી કઢાયેલા ધ્રુમિલ પટેલ વોર્ડ પ્રમુખ બનાવી દેવાયો છે. પીએસઆઈ પોસ્ટિંગ, બિલ્ડરોની પાસ કરાવતા હોવાની ફરિયાદો છેક પીએમઓમ સુધી પહોંચી હતી, એ જ નેતાને હવે મુખ્યમંત્રીના મત વિસ્તારની જવાબદારી સોંપાઈ. તત્કાલિન મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકાર પછી રાજ્યમાં જ્યારે ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી બન્યા ત્યારે મુખ્યમંત્રી કાર્યાલયમાં ધ્રુમિલ પટેલની નિયુક્તિ પર્સનલ આસિસ્ટન્ટ તરીકે થઈ હતી. પરંતું ધ્રુમિલ પટેલ પર ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો હતો. પોલીસ ઈન્સ્પેક્ટરોને મલાઈદાર પોસ્ટીંગ અને ગમતું પોસ્ટીંગ આપવા માટે ધ્રુમિલ પટેલે મોટાપાયે વહીવટો કર્યા હતા. સાથે જ બિલ્ડરોની ફાઈલો પાસ કરાવવામાં ધ્રુમિલ પટેલ પર આરોપ લાગ્યા હતા. આ અંગે ભાંડો ફૂટતા સીએમઓ બાદ છેક પીએમઓ સુધી ધ્રુમિલ પટેલની ફરિયાદ કરવામાં આવી હતી. આ બાદ ધ્રુમિલ પટેલને મુખ્યમંત્રી કાર્યાલયમાંથી હાંકી કાઢવામાં આવ્યો હતો. પરંતુ હવે કંઈક એવું થયું કે ફરી ધ્રુમિલ પટેલ ચર્ચામાં આવ્યો છે. અમદાવાદ શહેરમાં ભાજપે વોર્ડ પ્રમુખોના નામોની સત્તાવાર જાહેરમાં ધ્રુમિલ પટેલ ફરી ચર્ચામાં આવ્યો છે. મુખ્યમંત્રીના મત વિસ્તાર પાટલોડિયામાં વોર્ડ પ્રમુખપદે શ્રુમિલ પટેલની નિમણૂંક કરવામાં આવી છે. આ વિવાદાસ્પદ નિમણૂંકને કારણે ભાજપની નેતાગીરી પર ફરી સવાલો ઉઠ્યા છે. ભૂપેન્દ્ર પટેલ ૨૦૧૭માં પહેલીવાર ઘાટલોડિયાથી ચૂંટણી લડીને ધારાસભ્ય બન્યા ત્યારથી ધ્રુમિલ પટેલ તેમની સાથે કામ કરી રહ્યો છે. કોલેજના દિવસોમાં તે NSUIના સક્રિય કાર્યકર્તા હતા, પરંતુ પાછળથી તે ભાજપમાં જોડાઈ ગયા હતા. ભૂપેન્દ્ર પટેલ અગાઉ તે પૂર્વ સીએમ આનંદીબેન પટેલની પાર્ટી ઓફિસમાં પણ કામ કરી ચૂક્યા છે. પોલીસ અધિકારીઓમાં થતી ચર્ચા મુજબ ધ્રુમિલ પટેલની પીઆઈ અને પીએસઆઈની ટ્રાન્સફર અને પોસ્ટિંગમાં દખલગીરી રહેતી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર તાજેતરમાં એક પીઆઈની IPSના રીડર તરીકે નિમણૂંક થઈ હતી.

સુરતની હૈયુ બેસાડી દેતી ઘટના

## દીકરીઓ સામે જ પિતા હેવાન બન્યો, પત્નીનું ગળું કાપી નાખ્યું

। (એજન્સી) સુરત, તા.૨૯ ।

સુરતના ગોડાદરા વિસ્તારની વધુ એક હત્યાની ઘટના સામે આવી છે. રૂમમાં સુતેલી પત્નીને બે દીકરીની નજર સામે જ પતિએ ચપ્પુથી રહેસી નીખી હતી. દીકરીએ માતાનું ગળું કપાયેલું જોઈને બુમાબૂમ કરી હતી. જે બાદ તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જોકે, ડોકટરોએ મહિલાને મૃત જાહેર કરી હતી.

આ અંગે મળતી માહિતી પ્રમાણે મૂળ અમરેલી જિલ્લાના રહેવાસી અને હાલમાં સૂરતના ગોડાદરા આવેલા દેવદગામની સન્ડે લગુન હાઈટ્સમાં ૩૫ વર્ષીય નમ્રતા જયસુખભાઈ વાણીયા સહપરિવાર સાથે રહેતા હતા. પરિવારમાં સાસુ, સસરા, દેરાણી, પતિ, એક આઠ વર્ષની દિકરી અને એક એક ત્રણ વર્ષની એમ બે દીકરીઓ સાથે રહે છે. સંયુક્ત કુંટુંબમાં રહેતા પરિવારે જમ્યા બાદ દરેક પોતપોતાના રૂમમાં સૂવા માટે ગયા હતા. પરંતુ રાત્રે નમ્રતાબેન અને જયસુખભાઈનો કોઈ બાબતે ઝઘડો થયો હતો.

આ દરમિયાન રાત્રીના લગભગ એક વાગ્યાની આસપાસ જયસુખભાઈએ બંને દીકરીઓની હાજરીમાં જ ચપ્પુ વડે નમ્રતાબેનનું ગળું કાપી હત્યા કરી દીધી હતી. જે પછી રૂમ પણ લોહીલુહાણ થઈ ગયો હતો. મોટી દીકરી ઊંઘમાંથી જાગી જતા માતાને લોહીલુહાણ જોતા બુમાબુમ કરી દીધી હતી. પરિવારના જણાવ્યા પ્રમાણે જયસુખભાઈ ક્યારેક-ક્યારેક જ છૂટક મજૂરીનું કામ કરતાં હતા. મોટાભાગે તેઓ કામ પર ન જવાના કારણે ઝઘડાઓ થતા હતા. જ્યારે નમ્રતાબેન સાડી અને ચણીયા ચોળી વેચવાની કામગીરી કરીને આર્થિક રીતે મદદરૂપ થતા હતા.

## ઝાલોદ તાલુકાના ડુંગરી મુકામે સ્પોર્ટ્સ ગ્રાઉંડ તેમજ સ્પોર્ટ્સ કોચિંગ ક્લાસનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ તાલુકાના ડુંગરી મુકામે આજરોજ તારીખ ૨૮-૧૨-૨૦૨૪ શનિવારના રોજ સ્પોર્ટ્સ ગ્રાઉંડ તેમજ કોચિંગ ક્લાસનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઝાલોદ તાલુકામાં સ્પોર્ટ્સને લગતી કોઈ પણ કોચિંગ ચાલતી નથી તેથી ઝાલોદ તાલુકામાં સ્પોર્ટ્સ ગ્રાઉંડ તેમજ કોચિંગ ક્લાસના ઉદ્‌ઘાટન પ્રસંગે લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળતો હતો.અત્રે ઉલ્લેખનિય છે કે ડુંગરી ગામના તલાટી તેમજ સરપંચ દ્વારા સ્પોર્ટ્સને લઈ સુંદર કામગીરીને લઈ યુવાઓ આ પ્રસંશનીય કામગીરીને બિરદાવી રહેલ છે. ઝાલોદ તાલુકાના નાનકડા ગામમાં સ્પોર્ટ્સની તક વધારવા માટેની ઉત્તમ કામગીરીને લોકો બિરદાવી રહેલ છે.ઝાલોદ તાલુકાના દરેક યુવાઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓની પૂર્વ તૈયારી કરી શકે તે માટે દોડની સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ અને લાઈબ્રેરી બનાવી તેમજ કોચિંગ કલાસ પણ તૈયાર કરવામા આવેલ છે.

આ ગ્રાઉન્ડની ફરતે આસપાસ ૩૦ હજાર કરતા વધુ વૃક્ષ, ૧૦૫ પ્રકારની ઔષધીઓ ઉગાડવામા આવી છે જેથી અહીંનું વાતાવરણ વધુ અનુકૂળ તેમજ રમણીય બની શકે અહીંયા યુવાઓ દોડી શકે તે માટે ૪૦૦ મીટરનો ટ્રેક તૈયાર કરવામા આવેલ છે તેમજ ભવિષ્યમા સ્પોર્ટ્સને જરૂરિયાત મુજબની દરેક કામગીરી કરવાનો સુંદર પ્રયત્ન પણ કરવામાં આવનાર છે. અહીંયા સ્પોર્ટ્સને લગતી ટ્રેનીંગ તેમજ કોચિંગ માટેની સમગ્ર પ્રક્રિયા માજી સૈનિક સંગઠન દ્વારા કરવામાં આવનાર છે.










અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા દુધેશ્વર UHC, મિર્ઝાપુર UHC, દરીયાપુર UHC, ચાંદખેડા UHC, કાળી UHC અને વેજલપુર UHC OPDમાં "ઈ-શપથ" અને "ઈ-સંકલ્પ" પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક યોજવામાં આવી હતી જેમાં નાગરિકો અને હેલ્થ સ્ટાફ દ્વારા સ્વચ્છતા રાખવા અંગેના સંકલ્પ લેવામાં આવ્યા હતો.